# જૈનધર્મ વિજ્ઞાનની કસોટીએ ?
# કે
# વિજ્ઞાન જૈનધર્મની કસોટીએ ?

**Maxwell**



$J_d = \epsilon_0 \frac{\partial E}{\partial t}$

**Newton**



$F = G \frac{m_1 . m_2}{d^2}$

**Faraday**




$\nabla \times E = - \frac{\partial B}{\partial t}$

**Lord Mahavira**



The Unique Scientist of the Universe

**Einstein**



$E=mc^2$

**De. Broglie**



$\lambda = h/mv$

**Planck**



$h=6.625 \times 10^{-34}$ Joule-Sec

**P.C. Vaidya**



$d v^2/dr = 0$

**J.C. Bose**





**પંન્યાસ નંદીઘોષવિજય ગણિ**

# જૈનધર્મ વિજ્ઞાનની કસોટીએ?

# કે

# વિજ્ઞાન જૈનધર્મની કસોટીએ?


: લેખક :

પ. પૂ. શાસનસમ્રાટ આચાર્ય

શ્રી વિજયનેમિ-વિજ્ઞાન-કસ્તુર-યશોભદ્ર-શુભંકરસૂરિજી મહારાજના પટ્ટધર

પ. પૂ. આ. શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મહારાજના શિષ્ય

પ. પૂ. પંન્યાસ શ્રી નંદીઘોષવિજયજી ગણિ


RISSIOS


: પ્રકાશક :

ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા

45 - બી, પારુલનગર, ભુયંગદેવ ચાર રસ્તા પાસે, સોલા રોડ,

અમદાવાદ 380 061, ફોન નં. 7480702




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈનધર્મ વિજ્ઞાનની કસોટીએ? કે વિજ્ઞાન જૈનધર્મની કસોટીએ?

**Jainadharma Vijñānanī Kasōṭīē? Kē Vijñāna Jainadharmanī Kasōṭīē?**

**ISBN 81-901845-1-2**

**લેખક :** પ. પૂ.પંન્યાસ શ્રી નંદીઘોષવિજયજી ગણિ

© સર્વાધિકાર પરોપકાર કરનાર સંસ્થાઓને સમર્પિત

**પ્રાપ્તિસ્થાનઃ**

1. શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ 380 001
ફોન નં. 5356692

2. ડૉ. કામિનીબહેન એચ. વોરા, સિદ્ધિ આઈ હોસ્પિટલ
એ-203, સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષ, પંચતીર્થ પાંચ રસ્તા, પાલડી,
અમદાવાદ 380 007
ફોન નં. 6601342

3. શ્રી કામિનીબેન ગોગરી
3/15, મંગલ, 76/c, રફી અહમદ કીડવાઈ રોડ
કિંગ્સ સર્કલ, માટુંગા, મુંબઈ 400 019
ફોન નં. 24096330

પ્રથમાવૃત્તિ : 3000 પ્રત, ડિસેમ્બર, 2003

મૂલ્ય : રૂ. 20 - 00.

**પ્રકાશક :** ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા
45 - બી, પારુલનગર, ભુયંગદેવ ચાર રસ્તા પાસે, સોલા રોડ,
અમદાવાદ 380 061, ફોન નં. 7480702

**મુદ્રક : અમૃત પ્રિન્ટર્સ**
કીકા ભટ્ટની પોળ, ઘીકાંટા, અમદાવાદ -1 ફોન નં. 2169852



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

પ. પૂ. શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પ. પૂ. આ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પ. પૂ. પંન્યાસ શ્રી નંદીઘોષવિજયજી મહારાજની પ્રેરણાથી સ્થપાયેલ અમારી સંસ્થાએ જાન્યુઆરી, 2000માં તેમના દ્વારા લિખિત **"જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો"** પુસ્તક પ્રકાશિત કરેલ. ત્યારબાદ જૂન, 2001માં ઉપરોક્ત પુસ્તકની જ અંગ્રેજી આવૃત્તિ પ્રકાશિત કરી છે. આ બંને પુસ્તકો જૈનદર્શન અને વિજ્ઞાનના રસિયા વિદ્વજ્જનોમાં ઘણાં જ આદર પામ્યાં છે.

આ બંને પુસ્તકો વિદ્વદ્‌ભોગ્ય હોવાથી સામાન્ય લોકોની એક માંગણી હતી કે અમારા જેવા સામાન્ય જ્ઞાન ધરાવતા લોકો માટે સરળ ભાષામાં અને વિજ્ઞાનની અતિગહન પરિભાષા અને ચર્ચાથી મુક્ત એવું પુસ્તક પ્રકાશિત થાય તો સારૂં.

તેથી અમારી સંસ્થા દ્વારા તેઓશ્રીના **"જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો"** પુસ્તકના સંક્ષેપ રૂપે આ પુસ્તક **"જૈનધર્મ વિજ્ઞાનની કસોટીએ? કે વિજ્ઞાન જૈનધર્મની કસોટીએ?"** પ્રકાશિત કરી રહ્યા છીએ.

પ. પૂ. પંન્યાસ શ્રી નંદીઘોષવિજયજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર અમો એક આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક પ્રયોગશાળાની સ્થાપના કરવા માગીએ છીએ. તેની પૂર્વભૂમિકા રૂપે અમો આ પ્રકારનાં સૈદ્ધાન્તિક તથા પ્રાયોગિક સંશોધનાત્મક પુસ્તકોનું પ્રકાશન કરી રહ્યા છીએ.

અમારા આ પુસ્તકોને આઈ. એસ. બી. એન. નંબર પણ પ્રાપ્ત થયા છે.

અમારા ટ્રસ્ટ તરફથી આ ચતુર્થ પ્રકાશન છે અને તે જૈન-જૈનેતર સામાન્યવર્ગમાં માન્ય તથા આદરણીય બનશે એવી અમોને શ્રદ્ધા છે. આ પ્રકારનાં વૈજ્ઞાનિક સંશોધન તથા ગ્રંથ પ્રકાશનના મહાન ભગીરથ કાર્યમાં અમોને આર્થિક સહયોગ આપનાર શ્રી પાર્શ્વ પદ્માવતી શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, પારૂલનગર, અમદાવાદ જેઓએ અમારી સંસ્થા માટે પાયાનું કાર્ય કર્યું છે, તથા આર્થિક સહયોગ આપનાર અન્ય સંઘો, ટ્રસ્ટો અને શ્રાવક સદ્‌ગૃહસ્થોનો પણ અમો હાર્દિક આભાર માનીએ છીએ. સાથે સાથે આ ગ્રંથનું સુંદર-સુઘડ મુદ્રણ કરી આપનાર અમૃત પ્રિન્ટર્સના માલિક શ્રી હસમુખભાઈ પરીખ તથા શ્રી હેમંતભાઈ પરીખનો આભાર માનીએ છીએ.

વિ. સં. 2060 — **ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા**

કાર્તિક વદ -7, રવિવાર — **અમદાવાદ 380 061**

16 નવેમ્બર, 2003



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ પૂજ્ય શાસનસમ્રાટ આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજયનેમિસૂરીશ્વરજી મ.**ના
પટ્ટધર પ. પૂ. આચાર્ય **શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મ.**ના પટ્ટધર
પ. પૂ. પ્રાકૃતવિશારદ આ. **શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. સા.**





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમર્પણ

વિક્રમની વીસમી સદીના મહાન જ્યોતિર્ધર, કાપરડાજી, શેરીસા, કદંબગિરિ આદિ અનેક તીર્થોદ્ધારક, પ્રાચીન ગ્રંથોદ્ધારક, યુગપ્રધાન, જીવદયાના મહાન જ્યોતિર્ધર, પરમોપકારી સુગૃહીતનામધેય પ્રાતઃસ્મરણીય નૈષ્ઠિક બ્રહ્મચર્યના તેજપૂંજ શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તી તપાગચ્છાધિપતિ બાલબ્રહ્મચારી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર પ. પૂ. સરળ સ્વભાવી આચાર્ય મહારાજ શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પ. પૂ. પ્રાકૃતવિશારદ સરળસ્વભાવી

**આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. સા.ની**

26મી કાળધર્મ તિથિના દિને

તેઓશ્રીના પવિત્ર ચરણ કમળમાં

**સાદર સમર્પણ**

— પં. નંદીઘોષવિજય ગણિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આર્થિક સૌજન્ય

| | | |
|---|---|---|
| 1. | શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. જૈન સંઘ, પાલડી | અમદાવાદ |
| 2. | શ્રી સુમતિનગર શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, મૃદંગ ફ્લેટ્સ, | અમદાવાદ |
| 3. | શ્રી પાર્શ્વ - નેમિ આરાધના ભવન ટ્રસ્ટ<br>પૂ. સા. શ્રી અમિતયશાશ્રીજીની પ્રેરણાથી | અમદાવાદ |
| 4. | ડૉ. સુધીરભાઈ વી. શાહ, જૈનનગર, પાલડી | અમદાવાદ |
| 5. | શ્રી શરદભાઈ સી. શાહ (સાબુગોળા), ફત્તેહપુરા | અમદાવાદ |
| 6. | શ્રી નીલહર્ષ શ્વે. મૂ. જૈન સંઘ, વાસણા<br>પ. પૂ. સા. શ્રી મંજુલયશાશ્રીજીની પ્રેરણાથી | અમદાવાદ |
| 7. | શ્રી ચંદનવાડી શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, શાહીબાગ<br>પ. પૂ. સા. શ્રીરત્નપ્રભાશ્રીજીની પ્રેરણાથી | અમદાવાદ |
| 8. | શ્રીમતી કુંદનબેન વસંતભાઈ દલીચંદભાઈ શેઠ<br>પ. પૂ. મુનિશ્રી જિનકીર્તિવિજયજીની પ્રેરણાથી | પાલીતાણા |
| 9. | ડૉ. રાજેન્દ્રભાઈ જે. શાહ ગોધરાવાળા | અમદાવાદ |
| 10. | . શ્રી ગૌતમભાઈ શાંતિલાલ વોરા, સંઘપતિ<br>પૂ. સા. શ્રી અમિતયશાશ્રીજીની પ્રેરણાથી, રેવતીનગર (ભાવના ટેનામેન્ટ-વાસણા)થી ટીંટોડાના છરી પાલિત સંઘની સ્મૃતિમાં | ઝાંઝરવા |
| 11. | શ્રીમતી મીનાક્ષીબેન અશ્વિનભાઈ દોશી | ગોધરા |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# લેખકીય નિવેદન

ત્રિશલાનંદન કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મને આજે 2600 વર્ષ પૂર્ણ થયાં છે. તે નિમિત્તે ભારત સરકાર અને વિવિધ રાજ્ય સરકારો દ્વારા વિવિધ પ્રકારનાં આયોજનો કરી શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી.

ખરેખર, જૈનદર્શન સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે તેવું આજના મહાન વિજ્ઞાનીઓ પણ સ્વીકારે છે. ભારતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સુપ્રસિદ્ધ વિજ્ઞાની ડૉ. જયંત વી. નારલીકર(Director & Homi Bhabha Professor, Inter-University Centre for Astronomy and Astrophysics, Pune-411 007) એ મારા પુસ્તક'Scientific Secrets of Jainism'ની સમીક્ષા કરતાં લખ્યું છે કે "પ્રસ્તુત પુસ્તકમાં લેખકે દલીલ કરી છે કે વિજ્ઞાન જે દાવો કરે છે તેનાં કરતાં જૈન વિચારધારા વધુ પરિપક્વ છે, વધુ વ્યાપક છે અને વધુ સંતોષકારક છે."

આ પુસ્તિકાનું સંકલન/સંક્ષેપ સામાન્ય વાચકોને ધ્યાનમાં રાખી, ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા (RISSIOS), અમદાવાદ દ્વારા પ્રકાશિત **'જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો'** પુસ્તકના આધારે કરવામાં આવ્યું છે.

આ સંશોધન, સંપાદન તથા પ્રકાશનના અપૂર્વ કાર્યમાં સહકાર, સહાય તથા બળ આપનાર મારા શિષ્ય મુનિશ્રી જિનકીર્તિવિજયજી તથા શ્રી પાર્શ્વ પદ્માવતી શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, પારૂલનગર, અમદાવાદના કાર્યકર ટ્રસ્ટી ભાઈઓ શ્રી સુપ્રિમભાઈ પી. શાહ, શ્રી પ્રકાશભાઈ બી. શાહ આદિ, શ્રી અક્ષય એ. ગાંધી તથા શ્રી સંજયભાઈ પી. શાહને આ તકે યાદ કરૂં તો તે અનુચિત નહિ જ ગણાય. મારા આ કાર્યમાં પ. પૂ. વિદ્વદ્વર્ય મુનિપ્રવર શ્રી ભુવનચંદ્રજી મહારાજની સતત પ્રેરણા તથા માર્ગદર્શન મળતાં રહ્યાં છે, અને પ. પૂ. શાસનસમ્રાટશ્રીના સમુદાયના પૂ. આચાર્ય મહારાજો, મુનિરાજો તથા પૂ. સાધ્વીજી મહારાજોએ આ કાર્યમાં ઘણો જ સહકાર આપ્યો છે, તે માટે હું તેઓનો સદાય ઋણી છું.

આ સંકલન કરવામાં તથા પ્રભુ મહાવીરે પ્રરૂપેલ સનાતન સત્ય સ્વરૂપ સિદ્ધાંતોનું નિરૂપણ તથા અર્થઘટન કરવામાં જિનાગમ કે જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં દઈ વિરમું છું.

વિ. સં. 2060 કાર્તિક વદ-7 રવિવાર — **પં. નંદીઘોષવિજય ગણિ**

શ્રી હઠીસિંહ કેસરીસિંહ ઉપાશ્રય
પાંજરાપોળ, રિલિફ રોડ,
અમદાવાદ - 380 001



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શું ? ક્યાં ?


1. શ્રમણ ભગવાન મહાવીર : એક વૈશ્વિક વિજ્ઞાની 09
2. જૈનધર્મનું વૈજ્ઞાનિક મહત્ત્વ 11
3. જૈનદર્શનમાં પરમાણુ 14
4. જૈનદર્શન અને આઇન્સ્ટાઇનનો સાપેક્ષતાવાદ 22
5. જૈનદર્શન અને આપણું શરીર 26
6. તીર્થંકર પરમાત્માના સુવર્ણ કમળ ઉપરના વિહારનું રહસ્ય 29
7. જૈનદર્શનમાં ધ્વનિનું સ્વરૂપ 34
8. મંત્રજાપના પ્રકાર અને તેનું વૈજ્ઞાનિક મહત્ત્વ 39
9. ભગવાન મહાવીર - ત્રિલોકગુરુ 43
10. બ્રહ્મચર્ય : વૈજ્ઞાનિક વિશ્લેષણ 48
11. ભગવાન મહાવીરસ્વામીનું તપ અને તેનું વૈજ્ઞાનિક રહસ્ય 53
12. પર્વ-તિથિમાં લીલોતરીનો ત્યાગ શા માટે? 56
13. પાણી : સચિત્ત અને અચિત્ત : સમસ્યા અને સમાધાન 59
14. કંદમૂળ અને બહુબીજ 63
15. ષડ્ આવશ્યક : એક વૈજ્ઞાનિક વિશ્લેષણ 69
16. ઈન્દ્રિય અને ઈન્દ્રિયજ્ઞાન : આધુનિક વિજ્ઞાન અને જૈનદર્શનની દૃષ્ટિએ 76
17. દેવનાગરી લિપિ અને તેનું વૈજ્ઞાનિક મહત્ત્વ 82




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈનધર્મ વિજ્ઞાનની કસોટીએ?
# કે
# વિજ્ઞાન જૈનધર્મની કસોટીએ?

## 1

## શ્રમણ ભગવાન મહાવીર : એક વૈશ્વિક વિજ્ઞાની

શ્રમણ ભગવાન મહાવીરનો જન્મ ઈ. સ. પૂર્વે 599માં તે સમયના મગધ દેશ આજના બિહારની રાજધાની ક્ષત્રિયકુંડનગરમાં ચૈત્ર સુદ-13ની મધ્યરાત્રિએ થયો હતો. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ રાજા અને માતાનું નામ ત્રિશલા રાણી હતું. તેમનું બાલ્યાવસ્થાનું નામ વર્ધમાન હતું. તેમની 28 વર્ષની ઉંમર થતાં તેમના માતા પિતા સ્વર્ગવાસી થયાં. ત્યાર પછી બે વર્ષ બાદ 30 વર્ષની ઉંમરે કાર્તિક વદ-10ના દિવસે તેઓએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી આત્મસાધનાનો માર્ગ અપનાવ્યો.

સાડા બાર વર્ષની ઘોર તપશ્ચર્યા અને આત્મસાધનાના અંતે વૈશાખ સુદ-10ના દિવસે તેમને પરમ આત્મજ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે કેવળજ્ઞાન દ્વારા જગતના સઘળાંય દ્રવ્યોનાં સઘળા પર્યાય અર્થાત્ દરેક પદાર્થના ભૂત-ભવિષ્ય અને વર્તમાનકાળને પ્રત્યક્ષ કરતા તેઓ તીર્થંકર તરીકે પ્રસિદ્ધ થયા. છેવટે આસો વદ-30 [O))] દિવાલીની શુભ રાત્રિએ તેઓ આ શરીરનો ત્યાગ કરી મોક્ષે ગયા.

જૈન પરંપરામાં તીર્થંકરપણાના ભાવને આર્હન્ત્ય કહે છે. આ આર્હન્ત્ય એક પ્રકારની આત્મિક અને પૌદ્ગલિક શક્તિ છે. આત્મિક એટલા માટે કે તીર્થંકર થનાર આત્માએ પૂર્વ ભવમાં ભાવેલ સકળ જીવરાશિનું કલ્યાણ કરવાની ઉત્કૃષ્ટ ભાવનાનું એ પરિણામ છે, અને પૌદ્ગલિક એટલા માટે કે સકળ જીવરાશિનું કલ્યાણ કરવાની ઉત્કૃષ્ટ ભાવના દ્વારા પ્રાપ્ત કરેલ તીર્થંકર નામ કર્મની પુણ્યાઈનું એ પરિણામ છે. કોઈપણ કર્મ પૌદ્ગલિક છે. પુદ્ગલ એટલે પરમાણુ. તીર્થંકર નામકર્મની કાર્મણ વર્ગણામાં રહેલ પરમાણુઓમાં ઉત્કૃષ્ટ પ્રકારનાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. ઉત્કૃષ્ટ આત્મસાધના દ્વારા પ્રાપ્ત આત્મશક્તિ અને તીર્થંકર નામકર્મની પુણ્યાઈ દ્વારા પ્રાપ્ત પૌદ્ગલિક શક્તિના સમાગમ દ્વારા એક પ્રચંડ ઊર્જાનો પ્રાદુર્ભાવ થાય છે જેને આર્હન્ત્ય કહેવામાં આવે છે. આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં આ શક્તિને જૈવિક વીજચુંબકીય શક્તિ કહી શકાય.

તીર્થંકર પરમાત્માની આ શક્તિનો અનુભવ જગતના પ્રત્યેક જીવને તીર્થંકર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્માના મહત્ત્વપૂર્ણ પાંચ પ્રસંગોએ થાય છે. આથી તીર્થંકર પરમાત્માના આ પાચ પ્રસંગોને કલ્યાણક કહેવામાં આવે છે.

1. તીર્થંકર પરમાત્માનો જીવ દેવલોકમાંથી તીર્થંકર તરીકે જન્મ લેવા માટે આ પૃથ્વી ઉપર માતાના ગર્ભમાં ઉત્પન્ન થતાંની સાથે જ તેમના આર્હન્ત્યના અનુભવ રૂપે જગતના પ્રત્યેક જીવને સુખનો અનુભવ થાય છે. તીર્થંકરના આ અજ્ઞાત / અગોચર પરંતુ ભવ્ય પ્રસંગને ચ્યવનકલ્યાણક કહે છે.

2. તીર્થંકર પરમાત્માનું ભૌતિક શરીરરૂપે અવતરણ થવાની પ્રક્રિયા તે જન્મ. આ સમયે તેમના તીર્થંકર નામકર્મની પુણ્યાઈની એટલી પ્રચંડ તાકાત હોય છે કે તેના પ્રભાવ રૂપે જગતના પ્રત્યેક આત્માને અલૌકિક આલ્હાદની અનુભૂતિ થાય છે અને સર્વત્ર પ્રકાશ ફેલાઈ જાય છે. માટે જ આ પ્રસંગને જન્મ કલ્યાણક કહે છે.

ગૃહસ્થ દશામાં પણ આ જીવો જ્યાં જાય ત્યાં સૌનું કલ્યાણ કરતા રહે છે. તેમના જીવનની પ્રત્યેક પળ સૌનું કલ્યાણ કરનારી હોય છે.

3. ત્યાર પછી આવે છે આત્મસાધનાની અલૌકિક પ્રક્રિયાની શરૂઆત સ્વરૂપ પ્રવ્રજ્યા ગ્રહણની પળ. અત્યાર સુધી પરકલ્યાણની ભાવના માત્ર હતી. હવે એ ભાવનાને અમલમાં મૂકવાનો પુરુષાર્થ કરવાની શુભ શરૂઆત થાય છે. સંસારત્યાગના આ ભવ્ય પ્રસંગને દીક્ષાકલ્યાણક કહે છે.

4. સંસારના ત્યાગ પછી એકાંતે સ્વ અને પર, ઉભયનું કલ્યાણ કરનારી કઠોર આત્મસાધનાના અંતિમ ફળસ્વરૂપે છેવટે પ્રાપ્ત થાય છે કેવળજ્ઞાન. તીર્થંકર પરમાત્માને કૈવલ્યપ્રાપ્તિના સમયથી તેમના તીર્થંકરનામકર્મની પ્રચંડ તાકાતનો સૌને પ્રત્યક્ષ અનુભવ થવા લાગે છે. આ તાકાત એટલી પ્રચંડ હોય છે કે તેઓ જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં તેમના ગયા પછી પણ પ્રત્યેક જીવને છ છ મહિના સુધી માત્ર સુખ અને સુખનો જ અનુભવ થાય છે. અને તેથી પરમાત્માના આ પ્રસંગને કેવળજ્ઞાન કલ્યાણક કહે છે.

5. આયુષ્યકર્મની સત્તા જ્યાં સુધી હોય છે ત્યાં સુધી ઉપદેશ આપવા દ્વારા પરમાત્મા સૌ જીવોનું કલ્યાણ કરે છે પરંતુ આયુષ્યકર્મનો અંત આવતાં પરમાત્મા આ પાર્થિવ શરીરનો ત્યાગ કરી શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે. પરમાત્માના મોક્ષગમન સ્વરૂપ આ પ્રસંગને નિર્વાણ કલ્યાણક કહે છે.

આવા પરમ પવિત્ર મહાપુરુષ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના જન્મને આજે 2601 વર્ષ તથા નિર્વાણને 2529 વર્ષ પૂર્ણ થયાં છે. તેઓએ કહેલ સિદ્ધાંતો આજે પણ વિજ્ઞાનની કસોટીમાંથી પાર ઊતરે છે અને તેથી જ તે સર્વગ્રાહ્ય અને સર્વમાન્ય બને છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 2
# જૈનધર્મનું વૈજ્ઞાનિક મહત્ત્વ

જ્ઞાન ત્રણ પ્રકારે થાય છે : 1. અનુભવથી - અવલોકનો દ્વારા, 2. તર્ક અર્થાત્ ચિંતન દ્વારા, 3. આંતરસ્ફુરણા દ્વારા અર્થાત્ આત્મપ્રત્યક્ષ. અવલોકનો દ્વારા પ્રાપ્ત અર્થાત્ ચાક્ષુષપ્રત્યક્ષ અથવા ઇન્દ્રિયપ્રત્યક્ષ જ્ઞાન ક્યારેક ભ્રામક પણ હોઈ શકે છે અર્થાત્ તે નિરપેક્ષ સત્ય (Absolute truth) ન હોતાં, સાપેક્ષ સત્ય જ હોય છે. તો બીજી તરફ તર્ક / ચિંતન દ્વારા પ્રાપ્ત જ્ઞાન બુદ્ધિનો વિષય છે અને તેની પણ મર્યાદા હોય છે. કેટલુંક અનુભવજ્ઞાન અને સઘળુંય આત્મપ્રત્યક્ષ જ્ઞાન ક્યારેય બુદ્ધિનો વિષય બની શકતું નથી. તે હંમેશાં તર્ક / બુદ્ધિથી પર જ હોય છે.

તર્ક અર્થાત્ ચિંતન દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુભવ-અવલોકનોની કસોટીએ પાર ઊતરે પછી જ તે વિજ્ઞાનમાં સ્થાન પામે છે. જ્યારે આંતરસ્ફુરણા દ્વારા પ્રાપ્ત આત્મપ્રત્યક્ષ જ્ઞાનને આવી કોઈ ચકાસણીની આવશ્યકતા રહેતી નથી. અલબત્ત, આંતરસ્ફુરણાથી પ્રાપ્ત જ્ઞાન તે વ્યક્તિ માટે કે સમગ્ર સમાજ માટે ખૂબ મહત્ત્વપૂર્ણ હોવા છતાં અને સમાજનો અધિકાંશ વર્ગ એને માન્યતા આપતો હોવા છતાં એ જ્ઞાનને વિજ્ઞાનમાં કોઈ સ્થાન હોતું નથી. પણ આટલા માત્રથી આંતરસ્ફુરણાથી પ્રાપ્ત જ્ઞાનનું મહત્ત્વ જરાય ઘટતું નથી. તેમાંય જીવનના અંતિમ તબક્કામાં કે કટોકટીભર્યા પ્રસંગોએ, જ્યાં વિજ્ઞાન પણ પોતાના હાથ હેઠા મૂકી દે છે એ તબક્કે આ આધ્યાત્મિક જ્ઞાન જ જીવનનું અમૃત બની રહે છે.

ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન કાળના મહાન આધ્યાત્મિક પુરુષોએ પોતાની યોગસાધના / ધ્યાનસાધના દ્વારા કરેલ કર્મોના ક્ષયથી, તેઓને પ્રાપ્ત જ્ઞાનનું શબ્દોમાં નિરૂપણ કરેલ છે અર્થાત્ આંતરસ્ફુરણાથી પ્રાપ્ત આત્મપ્રત્યક્ષ જ્ઞાનને યથાશક્ય તેઓએ શાસ્ત્રોમાં બતાવેલ છે. અલબત્ત, તે પણ સંપૂર્ણ સત્ય ન હોતાં માત્ર સત્યનો મર્યાદિત અંશ જ હોય છે. કારણ કે સંપૂર્ણ સત્ય તો ખુદ તીર્થંકર પરમાત્મા પણ કહી શકતા નથી કેમ કે તેઓનું આયુષ્ય મર્યાદિત હોય છે અને નિરૂપણ કરવાના પદાર્થો અનંતા હોય છે તથા વાણીમાં અનુક્રમથી જ પદાર્થોનું નિરૂપણ કરી શકાય છે.

જૈનદર્શનનાં ધર્મગ્રંથો / આગમોના પ્રણેતા, જેઓને કેવળજ્ઞાન સ્વરૂપ આત્મપ્રત્યક્ષ જ્ઞાન દ્વારા ત્રણે લોકના ત્રણે કાળના સર્વ દ્રવ્યોના બધા જ પર્યાયો / રૂપાંતરો(phases)નું હસ્તામલકવત્ (હથેળીમાં રહેલ નિર્મળ જળની માફક) પ્રત્યક્ષ થયેલ છે, તે તીર્થંકર પરમાત્માઓ છે.

જૈનદર્શન અર્થાત્ જૈન વિજ્ઞાનને આધુનિક વિજ્ઞાન સાથે ખૂબ જ મેળ મળે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અલબત્ત, જૈન વિજ્ઞાન ખરેખર ગુણાત્મક (Qualitative) છે અને તે તીર્થંકર પરમાત્મા દ્વારા કથિત છે. જ્યારે આધુનિક વિજ્ઞાન મહદંશે પરિમાણાત્મક (Quantitative) છે, તો પણ બંને(જૈનદર્શન અને આધુનિક વિજ્ઞાન)માં તેના મૂળભૂત ખ્યાલોનો આધાર તાર્કિક દલીલો જ છે. આલ્બર્ટ આઇન્સ્ટાઇન 'વિજ્ઞાન અને ધર્મ' (Science and Religion) નામના તેમના લેખમાં (1940, Nature, Vol. 146, P. 605-607) કહે છે :

"Science, without religion is lame;
Religion, without science is blind."
(ધર્મ વિના વિજ્ઞાન પંગુ છે, વિજ્ઞાન વિના ધર્મ અંધ છે.)

જૈનદર્શન એ વિજ્ઞાન સાથેનો ધર્મ / દર્શન છે. આઇન્સ્ટાઇન આગળ લખે છે.:

"Science is the attempt at the posterior reconstruction of existence by the process of conceptualization."

(નવા ખ્યાલો નીપજાવવાની પ્રક્રિયા દ્વારા કોઈપણ ઘટના કે પદાર્થની ત્યાર પછીની પુનર્રચના માટેનો પ્રયત્ન, એ વિજ્ઞાન છે.)

જૈનદર્શનમાં સજીવ અને નિર્જીવ પદાર્થો સહિત આ બ્રહ્માંડના પ્રત્યેક પાસાનો વિચાર કરવામાં આવ્યો છે. આઇન્સ્ટાઇન પણ કહે છે :

"A person who is religiously enlightened appears to me to be one who has, to the best of his ability, liberated himself from the fetters of his selfish desires."

(કોઈપણ મનુષ્ય, જે ધાર્મિક રીતે પ્રબુદ્ધ અથવા સંસ્કારસંપન્ન છે, તે મને, મારી દૃષ્ટિએ, તેની પોતાની અંગત સ્વાર્થપ્રવૃત્તિઓના બંધનથી મુક્ત થયેલ અથવા તો મુક્ત થવાની સૌથી વધુ શક્તિ ધરાવનાર જણાય છે.)

આ રીતે આઇન્સ્ટાઇન જીવન જીવવાના જૈન માર્ગનું / જૈન પદ્ધતિનું વર્ણન કરે છે.

એક રીતે તો વિજ્ઞાન અને અધ્યાત્મ, બંને એક સિક્કાની જ બે બાજુ છે. છતાં એક વાત સ્પષ્ટ રીતે ખ્યાલમાં રાખવાની કે વિજ્ઞાનની દુનિયામાં કશું જ અંતિમ સત્ય નથી. જ્યારે અધ્યાત્મની દુનિયામાં અંતિમ સત્ય જ મુખ્ય વસ્તુ છે. વિજ્ઞાન ક્યારેય સંપૂર્ણ કે અંતિમ સત્ય પામી શકતું નથી. હા, એ અંતિમ અથવા તો સંપૂર્ણ સત્યની વધુ નજીકમાં નજીક જઈ શકે છે. અંતિમ સત્ય પામવા માટે વિજ્ઞાનનાં અત્યાધુનિક ઉપકરણો પણ બિનઉપયોગી અને બિનકાર્યક્ષમ પુરવાર થાય છે કેમ કે ત્યાં આત્માના જ્ઞાનરૂપી ઉપકરણનો જ ઉપયોગ અનિવાર્ય બને છે અને આ જ્ઞાનરૂપી સાધન અધ્યાત્મમાર્ગ વિના ઉપલબ્ધ જ નથી. તેથી વિશ્વના ટોચના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૌતિકશાસ્ત્રીઓ પણ વિશ્વના સકળ પદાર્થોના ગુણધર્મ અને બ્રહ્માંડની સંરચના તથા અન્ય પરિબળોનો ગણિત અને વિજ્ઞાનની મદદથી તાગ પામવા પ્રયત્ન કરે છે, અને એ પ્રયત્નોના અંતે પણ આ વિશ્વના સંચાલક બળની શક્તિનું રહસ્ય હાથ ન આવતાં, તેઓ ઈશ્વર કે કર્મ જેવી કોઈ અદૃશ્ય સત્તાનો સ્વીકાર કરે છે.

આ જ કારણે ભૂતકાળના ડૉ. આઇન્સ્ટાઇન, ડૉ. ઑપેનહાઇમર જેવા પ્રખર વિજ્ઞાનીઓ તથા વર્તમાન કાળના ડૉ. અબ્દુસ્સલામ આઝાદ, ડૉ. હરગોવિંદ ખોરાના, ડૉ. હેલીસ ઓડાબાસી જેવા વિજ્ઞાનીઓ ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે.

તેમની શ્રદ્ધા કોઈ એક ધર્મ કે સંપ્રદાયગત હોતી નથી. એટલે કે અંધશ્રદ્ધા નહિ પણ વિશાળ અર્થમાં ધર્મ ઉપરની બુદ્ધિજનિત નિષ્પક્ષ શ્રદ્ધા હોય છે અને સત્યનો સ્વીકાર એ આવી શ્રદ્ધાનું અગત્યનું લક્ષણ છે. તેથી જ ડૉ. હેલીસ ઓડાબાસી જેવા વિજ્ઞાની પોતે મુસ્લીમ હોવા છતાં, તેઓએ પોતાના "Atomic Structure" પુસ્તકના પહેલા પ્રકરણની શરૂઆતમાં કહ્યું છે કે:

> The idea that all matter consists of aggregate of large numbers of relatively few kinds of fundamental particles is an old one. Traces of it are found in Indian philosophy about twelve centuries before Christian Era."

જ્યારે આવા પ્રગતિશીલ વિજ્ઞાની એમ કહેતા હોય કે આ અણુવિજ્ઞાનનું મૂળ ભારતીય તત્ત્વજ્ઞાનમાં રહેલું છે ત્યારે આપણા દેશના વિજ્ઞાનીઓએ આ દિશામાં અગત્યનું સંશોધન હાથ ધરવું જોઈએ.

કાર્મણ વર્ગણા સ્વરૂપ કર્મના પુદ્ગલ સ્કંધો / કણો સંબંધી જૈન વિભાવના / ખ્યાલ તથા દ્રવ્ય-શક્તિ તરીકે પુદ્ગલ વગેરે સારી રીતે સમજી / સમજાવી શકાતા નથી. થોડા સમય પહેલાં જ વિજ્ઞાને ઇલૅક્ટ્રોન અને ફૉટોન શોધ્યાં. જ્યારે જૈનદર્શને પ્રાથમિક કણો તરીકે કાર્મણ વર્ગણાના કણો દર્શાવ્યા છે. કાર્મણ વર્ગણાની વિભાવના એ જૈનદર્શનની અજોડ વિભાવના છે. કારણ કે ફક્ત આ કણો જ આત્મા સાથે સંયોજિત થઈ શકે છે. જૈન વિજ્ઞાન જ એક એવું વિજ્ઞાન છે કે જે કુદરતી ભૌતિક ઘટનાઓની સાથે સાથે આધિભૌતિક (Super natural) ઘટનાઓ, સજીવ અને નિર્જીવનાં સંયોજન, ચૈતન્ય અને ભૌતિક વિજ્ઞાનને સમજાવી શકે છે.

ભારતીય સંસ્કૃતિના પ્રાચીનતમ પ્રવાહ સ્વરૂપ જૈનદર્શનના પ્રાચીન ગ્રંથોમાં ઘણાં ઘણાં વૈજ્ઞાનિક સિદ્ધાંતો છુપાયેલા છે. આજના જમાનામાં, નવી પેઢી સમક્ષ આધુનિક ગણિત અને વૈજ્ઞાનિક સાધનો દ્વારા આ સિદ્ધાંતોનું નિરૂપણ કરવું અત્યાવશ્યક છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 3

# જૈનદર્શનમાં પરમાણુ

પ્રાચીન જૈન ધર્મગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે છ મૂળભૂત દ્રવ્યો છે : 1. જીવ, 2. ધર્મ, 3. અધર્મ, 4. આકાશ, 5. કાળ અને 6. પુદ્ગલ. આ છ દ્રવ્યોમાંથી ધર્મ, અધર્મ અને આકાશ સંપૂર્ણપણે અમૂર્ત છે એટલે કે રંગ, ગંધ, સ્પર્શ, રસ અને આકાર રહિત છે. જ્યારે જીવ દ્રવ્ય પુદ્ગલના સંયોગથી મૂર્તત્વ પ્રાપ્ત કરે છે. બાકી શુદ્ધ આત્મ દ્રવ્ય પણ અમૂર્ત એટલે કે નિરંજન નિરાકાર છે. જૈન દાર્શનિકોએ સમય/કાળને પણ એક દ્રવ્ય માન્યું છે, એ જૈનદર્શનની વિશેષતા છે. તે પણ અમૂર્ત છે, માત્ર કાર્યથી તેનું અનુમાન થઈ શકે છે.

ટૂંકમાં, આ સમગ્ર બ્રહ્માંડની દરેક ચીજ-વસ્તુ પછી તે સૂક્ષ્મ હોય કે સ્થૂલ હોય, દૃશ્ય હોય કે અદૃશ્ય હોય, અનુભવગમ્ય (ઇન્દ્રિયગમ્ય) હોય કે અનુભવાતીત (ઇન્દ્રિયાતીત) હોય, દરેકનો સમાવેશ માત્ર પુદ્ગલ અને પુદ્ગલ સંયુક્ત જીવ તત્ત્વમાં થઈ જાય છે અને પુદ્ગલ દ્રવ્યના અતિસૂક્ષ્મતમ કણ કે જેના બે ભાગ ક્યારેય કોઈપણ કાળે થયા નથી, થતા નથી અને ભવિષ્યમાં ક્યારેય તેના બે ભાગ થવાની શક્યતા પણ નથી એવા સૂક્ષ્મતમ કણને પરમાણુ કહેવામાં આવે છે. આવા સૂક્ષ્મતમ પરમાણુઓ ભેગા થઈ જગતની કોઈપણ વસ્તુનું નિર્માણ કરી શકે છે. જૈન સિદ્ધાંત પ્રમાણે પુદ્ગલ દ્રવ્યમાં અનંત શક્તિ છે. જો કે આત્મા(શુદ્ધ જીવતત્ત્વ)માં પણ અનંત શક્તિ છે, પણ બંનેમાં મોટો તફાવત એ છે કે આત્માની શક્તિ સ્વનિયંત્રિત છે, જ્યારે પુદ્ગલ દ્રવ્યની શક્તિ પરનિયંત્રિત છે.

જૈનદર્શનનાં ગ્રંથોમાં આ સમગ્ર બ્રહ્માંડનું અને તેના એક એક પરમાણુ તથા એ પરમાણુઓના સમૂહથી બનતા પદાર્થો વિશે વિસ્તૃત વિચારણા કરેલ છે અને આચારાંગ નામના પવિત્ર જૈન આગમમાં તો ત્યાં સુધી કહ્યું છે કે "જે એગં જાણઇ, સે સવ્વં જાણઇ; જે સવ્વં જાણઇ, સે એગં જાણઇ ।" ( જે એકને જાણે છે તે સર્વને જાણે છે, જે સર્વને જાણે છે તે એકને જાણે છે.) આ એક અને સર્વ કોણ? એની સ્પષ્ટતા કરતાં ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકાચાર્યજી કહે છે કે એક એટલે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થના મૂળભૂત પરમાણુ જેનું ક્યારેય કોઈપણ રીતે વિભાજન શક્ય નથી એટલે કે જે સદાને માટે અવિભાજ્ય છે. આ દૃષ્ટિએ આજના વિજ્ઞાનીઓએ માનેલ પરમાણુ, પરમાણુ છે જ નહિ કારણ કે તેનું ઇલેક્ટ્રૉન, પ્રોટૉન, ન્યૂટ્રૉન, ક્વાર્ક વગેરે અનેક પ્રકારનાં સૂક્ષ્મ કણોમાં વિભાજન શક્ય છે અને થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યાર સુધી પ્રોટૉનને અવિભાજ્ય માનવામાં આવતો હતો, પરંતુ છેલ્લાં સંશોધનોએ દર્શાવ્યું છે કે એ પ્રોટૉનના મૂળભૂત કણો ક્વાર્ક છે અને ત્રણ ક્વાર્ક ભેગા થઈ એક પ્રોટૉન બને છે.

જૈનદર્શનની માન્યતા પ્રમાણેનો પરમાણુ, આ બ્રહ્માંડના સકળ પદાર્થોના સર્જન માટે મૂળભૂત એકમ છે અને એ એક પરમાણુને સંપૂર્ણ રીતે જાણવો એટલે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થને જાણવા કારણ કે એ એક પરમાણુ ભૂતકાળમાં આ બ્રહ્માંડના દરેક પદાર્થના ભાગ તરીકે રહેલો હતો અને ભવિષ્યમાં દરેક પદાર્થના મૂળભૂત એકમ તરીકે તે રહેવાનો છે એટલે તે એક જ પરમાણુને જાણવા/ઓળખવા માટે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થનું જ્ઞાન જરૂરી છે તેથી કહ્યું કે જે એક પરમાણુનું સંપૂર્ણ જ્ઞાન મેળવે છે, તેને સમગ્ર બ્રહ્માંડનું જ્ઞાન થઈ જાય છે અને જેને સમગ્ર બ્રહ્માંડનું જ્ઞાન છે તે એક પરમાણુને પણ સંપૂર્ણ રીતે જાણે છે.

પુદ્ગલ દ્રવ્યનો દરેક પરમાણુ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ધરાવે છે અને તે જ પુદ્ગલનું લક્ષણ છે. એટલે જ્યાં જ્યાં કોઈપણ સાધન વડે કે ઇન્દ્રિય વડે વર્ણ અથવા ગંધ અથવા રસ અથવા સ્પર્શનો અનુભવ થતો હોય ત્યાં ત્યાં પરમાણુસમૂહો અવશ્ય હોય છે અને તે પદાર્થ પણ પૌદ્ગલિક છે તેમ માનવામાં આવે છે. ક્યારેક પરમાણુસમૂહ બહુ અલ્પ પ્રમાણમાં હોવાથી, તે પદાર્થમાંનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આપણી ઇન્દ્રિયથી ગ્રાહ્ય હોતા નથી, પણ તેથી તેના અસ્તિત્વનો નિષેધ કરી શકાય નહિ. દા. ત. અલ્ટ્રાવાયોલેટ (પારજાંબલી) કિરણો અને ઇન્ફ્રારેડ (અધોરક્ત) કિરણો, જે ચક્ષુથી ગ્રાહ્ય નથી છતાં ફોટોગ્રાફિક પ્લેટ ઉપર એની અસર ઝીલવામાં આવે છે.

જૈન ગ્રંથોએ શબ્દ (ધ્વનિ), અંધકાર, ઉદ્યોત (ઠંડો પ્રકાશ), દા.ત. ચંદ્રનો પ્રકાશ, આતપ (ઠંડા પદાર્થમાંથી નીકળતો ઉષ્ણ પ્રકાશ) એટલે કે સૂર્યનો પ્રકાશ, પ્રભા એટલે કે પ્રકાશના અનિયમિત પ્રસારણ અથવા પરાવર્તન અથવા વ્યતિકરણ) વગેરેને પુદ્ગલના વિકાર સ્વરૂપ બતાવ્યા છે એટલે કે પુદ્ગલના સૂક્ષ્મતમ અણુઓ(પરમાણુઓ)થી બનેલ માન્યા છે. પુદ્ગલ વિશે વર્ણન કરતાં તત્ત્વાર્થસૂત્ર(રચયિતા : વાચક શ્રી ઉમાસ્વાતિજી)ના પાંચમા અધ્યાયમાં જણાવ્યું છે કે 'પૂરયન્તિ ગલયન્તિ ઈતિ પુદ્ગલાઃ' પુદ્ગલ દ્રવ્યમાં તેના નામ પ્રમાણે પૂરણ તથા ગલનની પ્રક્રિયા સતત ચાલ્યા જ કરે છે. દરેક પ્રકારના પૌદ્ગલિક પદાર્થોમાં સર્જન એટલે કે નવા નવા પરમાણુઓનું ઉમેરાવું તથા પૂર્વના પરમાણુસમૂહોમાંથી કેટલાકની છૂટા પડવાની પ્રક્રિયા એટલે વિસર્જન સતત ચાલ્યા કરે છે. કોઈપણ પદાર્થ સૂક્ષ્મબુદ્ધિથી જોતાં એક સરખો ક્યારેય રહેતો જ નથી. દા. ત. આપણા શરીરમાં અબજો કોષો છે. તેમાંથી દરરોજ લાખો કોષોનો નાશ અને બીજા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લગભગ તેટલા જ અથવા તો વધતા ઓછા કોષોનું નવસર્જન થતું જ રહે છે.

આણ્વિક ભૌતિકશાસ્ત્રમાં આવતી બંધ (fussion) અને ભેદ(fission)ની પ્રક્રિયાઓ એ પૂરણ અને ગલનનાં શ્રેષ્ઠતમ ઉદાહરણો છે. આ બંને પ્રક્રિયા કરતી વખતે શક્તિની જરૂર પડે છે, અમુક સંયોગોમાં બંધ(fussion)ની પ્રક્રિયાથી અણુશક્તિ મળે છે તો અમુક સંયોગોમાં ભેદ(fission)ની પ્રક્રિયાથી અણુશક્તિ મળે છે.

આણ્વિક પ્રક્રિયામાં વપરાતા યુરેનિયમમાંથી તથા રેડિયમ વગેરેમાંથી ત્રણ પ્રકારનાં કિરણો આલ્ફા, બીટા, ગૅમા કિરણો નીકળે છે. આ કિરણો પણ એક જાતના કણોનો વરસાદ જ છે અને તે ઑસીલોસ્કોપ જેવા સાધનોમાં સ્પષ્ટ અનુભવી શકાય છે. આલ્ફા કિરણોના કણો હિલીયમના અણુની નાભિ જેવા હોય છે અને બીટા કિરણોમાં ઇલેક્ટ્રૉન હોય છે. જ્યારે ગૅમા કિરણો, પ્રકાશના કિરણો જેવાં હોય છે. પ્રકાશનાં કિરણો પણ કણોનાં જ બનેલાં છે અને તેને ફોટૉન કહેવામાં આવે છે.

જૈન ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે પરમાણુઓના સમૂહના પ્રકારોને વર્ગણા કહેવામાં આવે છે. આ સંપૂર્ણ બ્રહ્માંડમાં આવી વર્ગણાઓના અનંતાનંત પ્રકાર છે પરંતુ જીવોના ઉપયોગમાં આવતા મુખ્ય આઠ પ્રકાર છે. તે દરેક પ્રકારને વર્ગણા કહેવામાં આવે છે : 1. ઔદારિક વર્ગણા 2. વૈક્રિય વર્ગણા 3. આહારક વર્ગણા 4. તૈજસ્ વર્ગણા 5. ભાષા વર્ગણા 6. શ્વાસોચ્છ્વાસ વર્ગણા 7. મનો વર્ગણા અને 8. કાર્મણ વર્ગણા

વર્ગણા એટલે કોઈ એક ચોક્કસ સંખ્યામાં જોડાયેલ પરમાણુઓના એકમોનો સમૂહ. પ્રથમ વર્ગણા એટલે આ બ્રહ્માંડમાં વિદ્યમાન અલગ અલગ એક એક પરમાણુ, જેઓનું અસ્તિત્વ અલગ અલગ છે, તે બધા જ પરમાણુઓનો સમાવેશ પ્રથમ વર્ગણામાં થાય છે. તે રીતે બીજી વર્ગણા એટલે બબ્બે પરમાણુઓના એકમો, તૃતીય વર્ગણા એટલે ત્રણ ત્રણ પરમાણુઓના એકમો. આ રીતે અનંત પરમાણુઓના સમૂહ રૂપ એકમોનો સમાવેશ ઔદારિક વર્ગણામાં થાય છે. આ ઔદારિક વર્ગણાના દરેક પરમાણુ-એકમમાં અનંત પરમાણુઓ હોય છે અને આ એકમો વડે જ વર્તમાન જગતના પ્રત્યક્ષ જણાતા લગભગ બધા જ પદાર્થો બનેલા છે.

આ વર્ગણાઓના પરમાણુ-એકમમાં જેમ જેમ પરમાણુઓની સંખ્યા વધતી જાય છે તેમ તેમ તેમાં રહેલ પરમાણુઓનો પરિણામ વધુ ને વધુ સૂક્ષ્મ થતો જાય છે. વર્તમાન સજીવ સૃષ્ટિ અથવા દેવો અને નારકો સિવાયના જીવોના શરીર વગેરે આ ઔદારિક વર્ગણાના પરમાણુ-એકમ દ્વારા નિષ્પન્ન થયેલ છે. ઔદારિક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ગણામાં રહેલ પરમાણુઓ ખૂબ સ્થૂલ છે.

જ્યારે વૈક્રિય વર્ગણાના પરમાણુ-એકમોમાં, આ ઔદારિક વર્ગણાના પરમાણુ-એકમોમાં રહેલ પરમાણુઓ કરતાં ઘણા વધુ પરમાણુઓ રહેલા હોય છે. એટલે સ્વાભાવિક રીતે જ તેનો પરિણામ વધુ સૂક્ષ્મ બને છે.

ત્રીજા નંબરે આવેલ આહારક વર્ગણાના પરમાણુ-એકમોમાં, વૈક્રિય વર્ગણાના પરમાણુ-એકમ કરતાં ઘણા વધુ પરમાણુઓ હોય છે. તેથી તે વધુ ઘન તેમજ સૂક્ષ્મ હોય છે. આ આહારક વર્ગણાના પરમાણુ-એકમોનો ઉપયોગ વિશિષ્ટ પ્રકારના જ્ઞાની સાધુ (સંત પુરુષ) કરી શકે છે. વર્તમાન સમયમાં આ પૃથ્વી ઉપર આવા કોઈ વિશિષ્ટ જ્ઞાની સંતપુરુષ છે નહિ તેથી આ વર્ગણાના પરમાણુ-એકમોનો કોઈ ઉપયોગ નથી.

ત્યારપછી ચોથા નંબરે આવેલી તૈજસ્ વર્ગણાના પરમાણુ-એકમોમાં રહેલ પરમાણુ વધુ સૂક્ષ્મ હોય છે અને દરેક સજીવ પદાર્થમાં આ વર્ગણાના પરમાણુ-એકમો હોય છે. આ વર્ગણાના પરમાણુ-એકમોનું મુખ્ય કાર્ય જે તે સજીવ પદાર્થના શરીરમાં ખોરાકનું પાચન કરવાનું છે અને તે ભૂખ લાગવાના મુખ્ય કારણ સ્વરૂપ છે.

ત્યારપછી તેના કરતાં વધુ સૂક્ષ્મ પરિણામવાળા પરમાણુઓના એકમ સ્વરૂપ ભાષા વર્ગણા છે. આ વર્ગણાના પરમાણુ-એકમોનો ઉપયોગ ફક્ત પ્રાણી વિભાગના જીવો જ કરી શકે છે. પરંતુ વનસ્પતિ વગેરે જેઓને ફક્ત એક જ ઇન્દ્રિય છે તેઓ આ ભાષા વર્ગણાના પરમાણુ-એકમોનો ઉપયોગ કરી શકતા નથી. ટૂંકમાં, અવાજ પણ પૌદ્ગલિક છે.

શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પરમાણુ-એકમોના પરમાણુઓ ભાષા વર્ગણાના પરમાણુઓ કરતાં પણ વધુ સૂક્ષ્મ છે. આનો ઉપયોગ સજીવ સૃષ્ટિના પ્રત્યેક જીવે કરવો પડે છે. અને શ્વાસોચ્છ્વાસ વગર કોઈપણ જીવ, જીવી શકતો નથી એમ આજનું વિજ્ઞાન પણ કહે છે અને જૈન ધર્મશાસ્ત્રો પ્રમાણે વનસ્પતિ સહિત પૃથ્વી એટલે કે પત્થર, માટી વગેરે, પાણી, અગ્નિ અને વાયુમાં પણ જીવ છે તે જીવોને પણ શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરવી પડે છે ત્યારે આ વર્ગણાના પરમાણુ-એકમોનો ઉપયોગ અનિવાર્યપણે કરે છે.

મનોવર્ગણાના પરમાણુ-એકમોના પરમાણુઓની સંખ્યા શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પરમાણુ-એકમોમાં રહેલ પરમાણુઓની સંખ્યા કરતાં વધુ હોય છે. આ વર્ગણાના પરમાણુ-એકમોનો ઉપયોગ મનવાળા મનુષ્યો તથા પ્રાણીઓ કરી શકે છે. આનો સવિશેષ ઉપયોગ વિચાર કરવામાં જ થાય છે. અત્યારના વિજ્ઞાનીઓ પણ મનને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીવ્ર ગતિવાળું માને છે કારણ કે આપણું મન એક સેકંડમાં અથવા તો તેના કરતાં પણ સૂક્ષ્મ સમયમાં લાખો અને કરોડો માઇલ દૂર જઈ શકે છે અને તેના સંબંધી વિચાર કરી શકે છે. આ બધી કરામત મન અને મનોવર્ગણાના પરમાણુ એકમોની જ છે.

અને છેલ્લે અત્યંત સૂક્ષ્મ પરમાણુઓના એકમ સ્વરૂપ કાર્મણ વર્ગણાની વાત કરીએ. આ વર્ગણાના પરમાણુ-એકમોમાં સૌથી વધુ પરમાણુઓ હોય છે. આ વર્ગણાનો ઉપયોગ દરેકે દરેક સજીવ પદાર્થ કરે છે. દરેક સજીવ પદાર્થના આત્માને લાગેલા કર્મો, આ કાર્મણ વર્ગણાના પરમાણુ-એકમ સ્વરૂપે જ હોય છે. જો કોઈ વિજ્ઞાની, આ વર્ગણાના પરમાણુઓને કોઈપણ સાધન વડે જોઈ શકવા સમર્થ બને તો, તે જે તે વ્યક્તિ કે સજીવ પદાર્થના ભૂત-ભવિષ્ય અને વર્તમાન જાણવા સમર્થ બની શકે પરંતુ આ વર્ગણાના પરમાણુ કોઈ પણ સાધનવડે જોઈ શકાય તેમ નથી. તે માટે તો આધ્યાત્મિક શક્તિ અને અતીન્દ્રિય જ્ઞાન જોઈએ. જે અત્યારના સમયમાં પ્રાપ્ત થવું અશક્ય નહિ તોય ખૂબ દુર્લભ તો છે જ.

વિજ્ઞાનીઓએ જે અણુઓ-પરમાણુઓ તથા ઇલેક્ટ્રૉન, પ્રોટૉન, ન્યૂટ્રૉન, પોઝિટ્રૉન, ક્વાર્ક વગેરે સંખ્યાબંધ જે મૂળભૂત કણો શોધ્યા છે, તે બધા જ આપણી આ વર્ગણાના પ્રથમ પ્રકાર ઔદારિક વર્ગણામાં આવી શકે છે.

જૈન શાસ્ત્રકારોએ પુદ્ગલ દ્રવ્યના વર્ણનમાં તેના વર્ણના મુખ્યત્વે પાંચ પ્રકાર બતાવ્યા છે. સફેદ, લાલ, પીળો, નીલો (ભૂરો) અને કાળો. ચિત્રકામના વિષયમાં સફેદ અને કાળા રંગ સિવાય મુખ્યત્વે ત્રણ રંગ બતાવ્યા છે. બાકીના રંગ આ ત્રણે રંગના સંયોજન દ્વારા બને છે. રંગીન છબીના છપાઈ કામમાં પણ લાલ, પીળો, ભૂરો અને કાળો રંગ વપરાય છે.

ગંધના બે પ્રકાર છે : 1. સુગંધ અને 2. દુર્ગંધ.

રસના પાંચ પ્રકાર છે : 1. કડવો, 2. તીખો, 3. તૂરો, 4. ખાટો, 5. મધુર. ખારા રસની અહીં ગણતરી કરી નથી પરંતુ ક્યાંક ક્યાંક ખારા રસને છઠ્ઠા રસ તરીકે ગ્રહણ કર્યો છે.

સ્પર્શના આઠ પ્રકાર છે : 1. ગુરુ અર્થાત્ ભારે, 2. લઘુ અર્થાત્ હળવો, 3. મૃદુ/કોમળ, 4. કર્કશ, 5. શીત/ઠંડો, 6. ઉષ્ણ/ગરમ, 7. સ્નિગ્ધ/ચીકણો, 8. રુક્ષ અર્થાત્ લુખ્ખો.

એકલા સ્વતંત્ર પરમાણુમાં શીત અથવા ઉષ્ણ અને સ્નિગ્ધ અથવા રુક્ષ એમ બે પ્રકારના સ્પર્શ હોય છે. જ્યારે અનંત પરમાણુઓથી બનેલા પરમાણુ-સમૂહોમાં ક્યારેક પરસ્પર વિરોધી ન હોય તેવા ચાર સ્પર્શ હોય છે તો કેટલાકમાં આઠે આઠ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પર્શ હોય છે. ઉપર બતાવેલી આઠ પ્રકારની વર્ગણાઓમાંથી પ્રથમ ચાર પ્રકારની વર્ગણાઓના પરમાણુ-સમૂહોમાં આઠે આઠ પ્રકારના સ્પર્શ હોય છે તો બાકીની ચાર વર્ગણાના પરમાણુ-સમૂહોમાં ચાર પ્રકારના સ્પર્શ હોય છે.

બંગાળી વિજ્ઞાની ડૉ. સત્યેન્દ્રનાથ બોઝનું બોઝ-આઇન્સ્ટાઇન સ્ટૅટિસ્ટિક્સ, ડૉ. પ્ર. ચુ. વૈદ્યનું કિરણોત્સારી તારાના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રને લગતું સંશોધન જૈનદર્શનની પરમાણુ સંબંધી કેટલીક માન્યતાઓને સમર્થન પૂરું પાડે છે.

બોઝ-આઇન્સ્ટાઇન સ્ટૅટિસ્ટિક્સ આદર્શ વાયુઓના કણ તેમજ ફોટૉન કણો અંગેની સમજ આપે છે. જૈનદર્શન પ્રમાણે આ સમગ્ર બ્રહ્માંડમાં આકાશપ્રદેશો (Space-points) મર્યાદિત પ્રમાણમાં છે. જ્યારે પુદ્ગલ-પરમાણુની સંખ્યા અનંત છે. એક આકાશપ્રદેશ (space-point) એટલે એક સ્વતંત્ર પરમાણુને રહેવા માટે જોઈતી જગ્યા/અવકાશ. આવા મર્યાદિત આકાશપ્રદેશોમાં અનંત પુદ્ગલ પરમાણુઓ કઈ રીતે રહી શકે? એક આકાશપ્રદેશમાં સ્વતંત્ર એક જ પરમાણુ રહી શકે છે પરંતુ તે જ આકાશપ્રદેશમાં અનંત પરમાણુઓના સમૂહ સ્વરૂપ પુદ્ગલ-સ્કંધ અર્થાત્ અનંત પુદ્ગલ પરમાણુઓ પણ રહી શકે છે.

જૈનદર્શને બતાવેલ ભૌતિકશાસ્ત્રનો આ સિદ્ધાંત આઠે પ્રકારના કર્મથી મુક્ત શરીરરહિત આત્માના સંબંધમાં પણ લાગુ પડે છે.

મોક્ષમાં મુક્ત આત્માનું સ્થાન છે. આ મુક્ત આત્માઓ અરૂપી અને અશરીરી છે. તે દરેકનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને જૈન સિદ્ધાંત પ્રમાણે મુક્ત થતી વખતે અર્થાત્ નિર્વાણ સમયે શરીરની જે ઊંચાઈ હોય છે તેની બે તૃતીયાંશ ઊંચાઈ મોક્ષમાં તે આત્માની હોય છે. આમ છતાં જે સ્થાને એક મુક્ત આત્મા હોય છે તે સ્થાને બીજા અનંત મુક્તાત્માઓ પણ હોય છે. આની સાદી-સીધી અને સરળ સમજૂતી આપતાં જૈન ધર્મગ્રંથોમાં તેના વૃત્તિકાર આચાર્ય ભગવંતો દીવાના પ્રકાશનું ઉદાહરણ આપે છે. જેમ કે એક ઓરડામાં એક નાનકડો દીવો પ્રગટાવવામાં આવે તો સમગ્ર ઓરડામાં તેનો પ્રકાશ ફેલાઈ જાય છે. હવે તે જ ઓરડામાં એવા 20-25 કે સેંકડો દીવા પ્રગટાવવામાં આવે તો ઓરડાની દિવાલો ઉપર અને ઓરડામાં દરેક જગ્યાએ બધા જ દીવાનો પ્રકાશ હોય છે પરંતુ કોઈએક જગ્યાએ કેવળ એક જ દીવાનો પ્રકાશ હોય એવું બનતું નથી.

મધ્ય પ્રદેશના પ્રૉ. પી. એમ. અગ્રવાલના જણાવ્યા પ્રમાણે એક જ આકાશપ્રદેશમાં અનંત પરમાણુઓનું અવસ્થાન તથા તે જ રીતે મોક્ષમાં સમાન આકાશપ્રદેશોમાં અનંત આત્માઓનું અવસ્થાન બોઝ-આઇન્સ્ટાઇન સ્ટૅટિસ્ટિક્સ દ્વારા સમજાવી શકાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય સાહેબનું સંશોધન પણ જૈનદર્શનના પુદ્ગલ પરમાણુ સિદ્ધાંતનું સમર્થન કરે છે. તેઓના સંશોધન પ્રમાણે કિરણોત્સારી તારા કે સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ તેટલા જ દ્રવ્યમાન તથા કદવાળા સામાન્ય અર્થાત્ કિરણોત્સર્ગ નહિ કરતા તારા કરતાં ઓછું હોય છે. આની ગણતરી તેઓએ ગાણિતિક સમીકરણો દ્વારા આપી છે.

જૈનદર્શન પ્રમાણે શક્તિ એ ગુણ છે અને ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ (ગુણ તથા પર્યાયવાળું હોય તે દ્રવ્ય) (તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૫, સૂત્ર- ૩૭) અનુસાર તે દ્રવ્યમાં રહે છે અને જે પુદ્ગલ મૂર્ત/રૂપી દ્રવ્ય છે તેને દ્રવ્યમાન (mass) અવશ્ય હોય છે. પ્રકાશનાં કિરણો પણ દ્રવ્ય છે, ગુણ નથી. કિરણા ગુણા ન, દવ્વમ્. એ દ્રવ્યમાં જ શક્તિ રૂપી ગુણ છે એટલે કિરણોત્સારી તારા કે સૂર્ય પ્રકાશ ફેંકે છે ત્યારે વસ્તુતઃ તેમાંથી સૂક્ષ્મ કણો જ બહાર ફેંકાય છે. આ સૂક્ષ્મ કણોને પણ દ્રવ્યમાન (mass) હોય છે અને તે જેમાંથી બહાર ફેંકાતા હોય છે, તેના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રમાં આવેલ પદાર્થ ઉપર અથડાય છે અને તેની ગતિમાં અથવા જે તે તારા કે સૂર્ય તરફના આકર્ષણમાં ઘટાડો કરે છે. અલબત્ત, આ ઘટાડો પ્રકાશના નજીવા વેગમાન *(momentum=p=mv=mc)* અનુસાર સાવ નજીવો હોય છે. આવા સાવ નગણ્ય કહી શકાય તેવા ઘટાડાનું ગણિત ડૉ. પ્ર. ચુ. વૈદ્ય સાહેબે આપણને આપ્યું છે. આમ છતાં હજુ આજે પણ આધુનિક ભૌતિકશાસ્ત્ર ફોટૉનને શૂન્ય દ્રવ્યમાન(mass)વાળા માને છે.

આધુનિક ભૌતિકશાસ્ત્ર એમ માને છે કે સૂર્ય વગેરે કે તેથી અધિક દ્રવ્યમાનવાળા તારાઓના વધુ પડતા ગુરુત્વાકર્ષણ બળના કારણે તેની આસપાસનું આકાશ સંકોચાય છે અને તેમાંથી પસાર થતા પદાર્થનો માર્ગ થોડો વક્રાકાર બને છે. વસ્તુતઃ જૈન દાર્શનિક માન્યતા પ્રમાણે આકાશ એક અખંડ દ્રવ્ય છે, તે અપૌદ્ગલિક છે તથા નિષ્ક્રિય અને નિર્ગુણ છે. અલબત્ત, નૈયાયિકો શબ્દને આકાશનો ગુણ માને છે, પરંતુ જૈનદર્શન શબ્દને સંપૂર્ણતઃ પૌદ્ગલિક માને છે અને તે આધુનિક વૈજ્ઞાનિક ઉપકરણો દ્વારા પણ સિદ્ધ થઈ શકે છે એટલે જૈન દાર્શનિક માન્યતા પ્રમાણે નિર્ગુણ અને નિષ્ક્રિય એવા આકાશ ઉપર કોઈપણ પદાર્થના ગુરુત્વાકર્ષણ બળની જરા પણ અસર થતી નથી પરંતુ તેના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રમાં આવતા પૌદ્ગલિક પદાર્થો ઉપર તેના ગુરુત્વાકર્ષણ બળની અસર થાય છે અને તે પદાર્થ - સૂર્ય કે તારો - કિરણોત્સર્ગ કરતો હોય તો, તે કિરણોત્સર્ગ તે જ પદાર્થના ગુરુત્વાકર્ષણબળમાં ઘટાડો કરે છે. આ ઘટાડો પ્રકાશ/ફોટૉનના સ્વરૂપમાં જે શક્તિનું ઉત્સર્જન તારો કે સૂર્ય કરે છે, તે શક્તિ અર્થાત્ ફોટૉનને પણ દ્રવ્યમાન (mass) હોવાનું સિદ્ધ કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઇન્સ્ટાઇનના જનરલ થિયરી ઑફ રિલેટીવિટી (General Theory of Relativity) અનુસાર સૂર્યના ગુરુત્વાકર્ષણબળના કારણે તારાના કિરણના વક્રીભવન (Solar deflection of a star light) દ્વારા થતું તે તારાનું સ્થાનાંતર સંપૂર્ણ ખગ્રાસ સૂર્યગ્રહણ દરમ્યાન નોંધી શકાયું છે, તેથી પણ ફોટૉનને દ્રવ્યમાન હોવાનું સિદ્ધ થાય છે કારણ કે જે પૌદ્‌ગલિક હોય અર્થાત્ જેને દ્રવ્યમાન (mass) હોય તેને જ ગુરુત્વાકર્ષણબળની અસર થાય છે. જો પ્રકાશના કણોનું દ્રવ્યમાન શૂન્ય હોય તો કોઈપણ પ્રકારના પ્રબળ ગુરુત્વાકર્ષણબળની તેના ઉપર કાંઈ અસર થતી નથી. પરંતુ ઉપર બતાવ્યું તેમ G.T.R.માં તારાના કિરણ ઉપર સૂર્યના પ્રબળ ગુરુત્વાકર્ષણની અસર નોંધાઈ છે તેથી પ્રકાશના કણોનું દ્રવ્યમાન શૂન્ય નથી. તે સિદ્ધ થાય છે. અલબત્ત, આ મારું પોતાનું સંશોધન/તારણ છે, આની સાથે બધા જ સંમત થાય જ એવું હું કહી ન શકું પરંતુ ખૂબ જ નજીકના ભવિષ્યમાં બધા જ વિજ્ઞાનીઓ મારા આ તારણ સાથે સંમત થાય તો મને જરાય આશ્ચર્ય નહિ થાય.

આ છે જૈનદર્શનનું અદ્‌ભુત પરમાણુ વિજ્ઞાન.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 4

# જૈનદર્શન અને આઇન્સ્ટાઇનનો સાપેક્ષતાવાદ

અનેકાન્તવાદ અર્થાત્ સાપેક્ષતાવાદ જૈનદર્શનની મહત્ત્વપૂર્ણ ભેટ છે. કોઈપણ એક પદાર્થનો કે એક પ્રશ્નનો વિવિધ પાસાઓ કે દૃષ્ટિકોણથી વિચાર કરવો તેને ભગવાન શ્રી મહાવીરસ્વામીએ અનેકાન્તવાદ કહ્યો છે.

જૈનદર્શન પ્રમાણે આ સમગ્ર બ્રહ્માંડમાં અનંતા પદાર્થો છે, અને તે દરેક પદાર્થોનાં અનંતા પર્યાયો છે. આમ છતાં ય એ સઘળા પદાર્થોનો ફક્ત છ દ્રવ્યમાં સમાવેશ થઈ જાય છે. આ છયે દ્રવ્યો શાશ્વત / નિત્ય છે. અને તે છતાં તે જ પદાર્થો પર્યાયની દૃષ્ટિએ અનિત્ય પણ છે. આ રીતે એક જ પદાર્થમાં પરસ્પર વિરૂદ્ધ એવા નિત્યત્વ અને અનિત્યત્વ તથા બીજા પણ અનેક ધર્મોનું કથન કરવું તેનું જ નામ સાપેક્ષતાવાદ / અનેકાન્તવાદ છે.

ભગવાન મહાવીરનો આ સાપેક્ષતાવાદ મૂળભૂત રીતે તો વૈચારિક છે આમ છતાં તે આ બ્રહ્માંડની ઘણી ઘટનાઓને સમજાવવામાં સફળ થાય છે અને તે રીતે દૃશ્ય વિશ્વના ઘણા પ્રશ્નોનું તે સમાધાન કરી આપે છે.

બીજી તરફ ઈ.સ. 1905માં સુપ્રસિદ્ધ વિજ્ઞાની આલ્બર્ટ આઇન્સ્ટાઇને આધુનિક ભૌતિકશાસ્ત્રમાં પ્રકાશના વેગના સંદર્ભમાં વિશિષ્ટ સાપેક્ષતા સિદ્ધાંત શોધ્યો અને ત્યાર પછી ઈ.સ. 1915માં ગુરુત્વાકર્ષણના સંદર્ભમાં સામાન્ય સાપેક્ષતા સિદ્ધાંત શોધ્યો. આઇન્સ્ટાઇને પ્રસ્થાપિત કરેલ આ બંને સિદ્ધાંત આઇન્સ્ટાઇનની કલ્પના અને બુદ્ધિની નીપજ છે. પરંતુ આઇન્સ્ટાઇનના આ સિદ્ધાંતને સ્પષ્ટરૂપે ન સમજનાર અને જૈન તત્ત્વચિંતકો / વિદ્વાનો માત્ર શબ્દના સામ્યના કારણે શ્રમણ ભગવાન મહાવીરે દર્શાવેલ સાપેક્ષતાવાદ અને આઇન્સ્ટાઇને દર્શાવેલ સાપેક્ષતાવાદને એક જ માને છે પરંતુ તે બંનેમાં આસમાન જમીન જેટલો તફાવત છે.

આઇન્સ્ટાઇનના સાપેક્ષતાવાદના આ બંને સિદ્ધાંતો બે પૂર્વધારણાઓ ઉપર આધારિત છે. પૂર્વધારણા એટલે કોઈપણ જાતની સાબિતી વગર સ્વીકારેલી માન્યતા.

આઇન્સ્ટાઇનના વિશિષ્ટ સાપેક્ષતા સિદ્ધાંતની પ્રથમ પૂર્વધારણા એ છે કે સમગ્ર બ્રહ્માંડમાં પ્રકાશના વેગથી વધુ વેગ કોઈપણ પદાર્થનો હોતો નથી / હોઈ શકતો નથી. અલબત્ત, અત્યારના સંજોગોમાં આ પૂર્વધારણાનું અર્થઘટન ભિન્ન ભિન્ન વિજ્ઞાનીઓ ભિન્ન ભિન્ન રીતે કરે છે. બીજી પૂર્વધારણા એ છે કે પ્રકાશનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેગ અચળ (constant) છે. તેમાં ક્યારેય વધારો કે ઘટાડો થઈ શકતો નથી.

આજે આઇન્સ્ટાઇનના વિશિષ્ટ સાપેક્ષતા સિદ્ધાંત અને સામાન્ય સાપેક્ષતા સિદ્ધાંત અંગે પુનઃ વિચારણા કરવાનો સમય પાકી ગયો છે કારણ કે થોડા સમય પહેલાં અમેરિકામાં સ્થાયી થયેલ ભારતીય વિજ્ઞાની ડૉ. ઇ. સી. જી. સુદર્શને ગાણિતિક રીતે પ્રકાશ કરતાં વધુ વેગવાળા કણોનું અસ્તિત્વ સિદ્ધ કરી બતાવ્યું છે અને તેનું નામ તેઓએ ટેક્યોન આપ્યું છે. એટલું જ નહિ અમેરિકાની પ્રિન્સ્ટન યુનિવર્સિટીના વિજ્ઞાની લીજુન વાંગે કરેલાં છેલ્લાં સંશોધનો અનુસાર પ્રકાશનો પોતાનો વેગ પણ તેના મૂળભૂત વેગ 3,00,000 કિ.મી./સેકંડ કરતાં 300 ગણો અનુભવાયો છે તથા વિજ્ઞાનીઓ પ્રકાશના વેગને ઘટાડીને શૂન્ય કરી સ્થિર કરી શકે છે. વર્તમાન સંજોગોમાં આઇન્સ્ટાઇનની આ બંને પૂર્વધારણા ખોટી સાબિત થઈ ચૂકી છે.

જૈનદર્શનના ધર્મગ્રંથ સ્વરૂપ પંચમાંગ શ્રી ભગવતી સૂત્ર અર્થાત્ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર નામના આગમમાં શ્રી મહાવીરસ્વામીએ, તેમના પ્રથમ શિષ્ય ગણધર શ્રી ગૌતમસ્વામીજીએ પૂછેલ પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે -

> પરમાણુપોગ્ગલે ણં ભંતે ! લોગસ્સ પુરત્થિમિલ્લાઓ ચરિમંતાઓ પચ્ચત્થિમિલ્લં ચરિમંતં એગસમએણં ગચ્છતિ, પચ્ચત્થિમિલ્લાઓ ચરિમંતાઓ પુરત્થિમિલ્લં ચરિમંતં એગસમએણં ગચ્છતિ, દાહિણિલ્લાઓ ચરિમંતાઓ ઉત્તરિલ્લં० જાવ ગચ્છતિ, ઉત્તરિલ્લાઓ દાહિણિલ્લં० જાવ ગચ્છતિ, ઉવરિલ્લાઓ ચરિમંતાઓ હેટ્ઠિલ્લં ચરિમંતં એગ૦ જાવ ગચ્છતિ, હેટ્ઠિલ્લાઓ ચરિમંતાઓ ઉવરિલ્લં ચરિમંતં એગસમએણં ગચ્છતિ ? હંતા ગોતમા ! પરમાણુપોગ્ગલે ણં લોગસ્સ પુરત્થિમિલ્લાઓ ચરિમંતાઓ પચ્ચત્થિમિલ્લં० તં ચેવ જાવ ઉવરિલ્લં ચરિમંતં ગચ્છતિ ।
>
> (ભગવતીસૂત્ર, શતક-16. ઉદ્દેશક-8)

પરમાણુ પુદ્ગલ એક જ સમયમાં આ લોક/બ્રહ્માંડના છેક નીચેના છેડાથી છેક ઉપરના છેડા સુધી પહોંચી શકે છે. અને સમય એ જૈન દૃષ્ટિએ કાળનો સૂક્ષ્મતમ અંશ છે. વળી આવા અસંખ્યાતા સમયો ભેગા થાય ત્યારે એક આવલિકા બને છે અને આવી 5825.42 આવલિકા ભેગી થાય ત્યારે એક સેકંડ બને છે. બ્રહ્માંડ જૈન દૃષ્ટિએ મર્યાદિત અને સ્થિર હોવા છતાં ઉપરના છેડાથી નીચેના છેડા સુધીનું અંતર આંકડામાં બતાવી ન શકાય તેટલું મોટું છે માટે જૈનદર્શન અનુસાર પણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઇન્સ્ટાઇનની પ્રથમ પૂર્વધારણા ખોટી સિદ્ધ થાય છે અને બીજી પૂર્વધારણા પણ જૈનદર્શન અનુસાર ખોટી સિદ્ધ થાય છે તેથી તેના આધારે આઇન્સ્ટાઇને કરેલ ગણિત પણ ખોટું છે.

ટૂંકમાં, આઇન્સ્ટાઇનની આ બંને પૂર્વધારણા ખોટી હોવાના કારણે આઇન્સ્ટાઇનના વિશિષ્ટ સાપેક્ષતા સિદ્ધાંત તથા સામાન્ય સાપેક્ષતા સિદ્ધાંત અમુક મર્યાદા સુધી જ અર્થાત્ દૃશ્ય જગત માટે પ્રકાશ કરતાં ઓછા વેગવાળા પદાર્થો માટે જ સાચા સાબિત થાય છે પરંતુ પ્રકાશ કરતાં વધુ વેગવાળા પદાર્થો માટે તેનો ઉપયોગ થઈ શક્તો નથી.

આઇન્સ્ટાઇને પોતાની ધારણા અનુસાર તેણે પોતે કરેલી ગણતરી પ્રમાણે : 1. જેમ જેમ પદાર્થનો વેગ (velocity) વધતો જાય તેમ તેમ તે પદાર્થની લંબાઈ ઘટતી જાય છે અને જો તે પદાર્થનો વેગ પ્રકાશના વેગ જેટલો થઈ જાય તો તે પદાર્થની લંબાઈ / કદ શૂન્ય થઈ જાય છે.

2. જેમ જેમ પદાર્થનો વેગ વધતો જાય તેમ તેમ તે પદાર્થનું દ્રવ્યમાન (mass) વધતું જાય છે અને જો તે પદાર્થનો વેગ પ્રકાશના વેગ જેટલો થઈ જાય તો તે પદાર્થનું દ્રવ્યમાન અનંત થઈ જાય છે.

3. જેમ જેમ પદાર્થનો વેગ વધતો જાય તેમ તેમ તે પદાર્થ માટે સમય ધીમો પડતો જાય છે અને જો તે પદાર્થનો વેગ પ્રકાશના વેગ જેટલો થઈ જાય તો સમય તે પદાર્થ માટે સ્થિર થઈ જાય છે.

અને તેથી આ ગણતરી પ્રમાણે કોઈપણ પદાર્થનો વેગ પ્રકાશ કરતાં વધુ હોઈ શક્તો નથી માટે જ અત્યારના વિજ્ઞાનીઓને એમ માની લેવાની ફરજ પડી છે કે કદાચ પ્રકાશ કરતાં વધુ વેગવાળા કણો અસ્તિત્વ ધરાવતા હોય તો પણ તેઓનો વેગ પ્રકાશ કરતાં ઓછો ક્યારેય થતો નથી અને પ્રકાશની ગતિને તેઓએ એક એવું બિંદુ કલ્પી લીધું કે તેનાથી થતા બે વિભાગમાં બંને બાજુ આવેલા કણો, એ બિંદુને ઓળંગી અન્ય વિભાગમાં ક્યારેય પ્રવેશ કરી શકતા નથી. મતલબ કે પ્રકાશ કરતાં ઓછા વેગવાળા કણોનો વેગ ક્યારેય પ્રકાશ કરતાં વધુ થઈ શક્તો નથી અને પ્રકાશ કરતાં વધુ વેગવાળા કણોનો વેગ ક્યારેય પ્રકાશ કરતાં ઓછો થઈ શક્તો નથી.

પરંતુ જૈનદર્શનનાં શાસ્ત્રો આઇન્સ્ટાઇનની આ માન્યતા સ્વીકારતા નથી. ઉપર જણાવ્યું તે પ્રમાણે કોઈપણ પદાર્થ, જેનો વેગ પ્રકાશ કરતાં વધુ છે તે પોતાનો વેગ ઓછો કરતાં કરતાં શૂન્ય પણ કરી શકે છે અને એ પદાર્થ જ્યારે ફરીવાર ગતિમાન થાય છે ત્યારે તેનો વેગ વધતો વધતો પ્રકાશના વેગ કરતાં હજારોગણો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધુ થઈ શકે છે.

ટૂંકમાં, આઇન્સ્ટાઇનના વિશિષ્ટ સાપેક્ષતા સિદ્ધાંત અનુસાર પદાર્થનો વેગ જેમ જેમ વધતો જાય તેમ તેમ તે પદાર્થની લંબાઈમાં ઘટાડો, દ્રવ્યમાનમાં વધારો તથા તે પદાર્થ માટે સમયની ગતિ ધીમી પડવી વગેરે માત્ર કાલ્પનિક છે, વાસ્તવિક નથી.

આ રીતે આઇન્સ્ટાઇનનો વિશિષ્ટ સાપેક્ષતા સિદ્ધાંત માત્ર દૃશ્ય જગતની જ કેટલીક ઘટનાઓને સમજાવી શકે છે, જ્યારે ભગવાન મહાવીરસ્વામીએ દર્શાવેલ સાપેક્ષતા સિદ્ધાંત દૃશ્ય અદૃશ્ય જગતની બધી જ ઘટનાઓને સમજાવી શકવા સમર્થ છે, કારણ કે જૈનધર્મ પણ વિજ્ઞાન છે, એટલું જ નહિ પરમ વિજ્ઞાન (supreme science ) છે કારણ કે વિજ્ઞાન કેવલ ભૌતિક પદાર્થોને જ સ્પર્શી શકે છે, સમજાવી શકે છે, જ્યારે જૈનધર્મ એ ચેતના-ચૈતન્ય-આત્માને પણ સ્પર્શે છે, સમજાવી શકે છે, જેને સ્પર્શ કરવો કે સમજાવવું અસંભવ જણાય છે. વિજ્ઞાન ફક્ત ભૌતિક પદાર્થોને જ બદલી શકે છે, નવું રૂપ આપી શકે છે, જ્યારે જૈનધર્મ ચેતના-આત્માને પણ અનુભવી શકે છે અને રૂપાંતરિત કરી શકે છે, જે જોઈ શકાતો નથી કે સ્પર્શી શકાતો નથી. માટે જ જૈનધર્મ પરમ વિજ્ઞાન (supreme science) છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 5

## જૈનદર્શન અને આપણું શરીર

મનુષ્ય જન્મ બહુ જ દુર્લભ છે અને મનુષ્ય જન્મ સિવાય ક્યારેય મોક્ષ પ્રાપ્તિ થઈ શકતી નથી. વળી સંસારમાં જીવ જ્યાં સુધી મોક્ષ પામતો નથી ત્યાં સુધી તે શરીર સહિત જ હોય છે. આ શરીર વિના તે ક્યારેય ધર્મ આરાધના કરી શકતો નથી માટે જ શાસ્ત્રકારોએ કહ્યું છે 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' તેથી આપણા આ શરીર અંગે આપણે જાણવું ખૂબ જરૂરી છે.

જૈન ધર્મશાસ્ત્રો પ્રમાણે શરીરના પાંચ પ્રકાર છે. 1. ઔદારિક શરીર, 2. વૈક્રિય શરીર, 3. આહારક શરીર, 4. તૈજસ્ શરીર, 5. કાર્મણ શરીર. દરેક જીવને ઓછામાં ઓછા ત્રણ શરીર હોય છે. ક્યારેક વિશિષ્ટ પુરુષોને એક સાથે ચાર શરીર પણ હોઈ શકે છે પરંતુ એક સાથે પાંચ શરીર તો કોઈપણ જીવને ક્યારેય હોતાં નથી. સામાન્ય રીતે આપણી આ ભૌતિક દુનિયાના જીવોને અર્થાત્ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વગેરે જેઓને માત્ર સ્પર્શ રૂપ ઇન્દ્રિય જ છે, તેઓ અને તે સિવાય હાલતા ચાલતા ક્ષુદ્ર જીવ-જંતુઓ જેઓને જૈન જીવવિજ્ઞાન પ્રમાણે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય કે ચઉરિન્દ્રિય વર્ગમાં મૂકવામાં આવે છે તે તથા પાણીમાં રહેનાર માછલાં વગેરે જલચર જીવો, ગાય, ઘોડા વગેરે પશુઓ, સાપ, ખિસકોલી વગેરે અને ચકલી, કાગડો, પોપટ વગેરે પક્ષીઓ જેને પંચેન્દ્રિય કહેવામાં આવે છે, તે બધાને ફક્ત ઔદારિક, તૈજસ્ અને કાર્મણ એમ કુલ ત્રણ શરીર હોય છે. જ્યારે દેવો અને નારકોને વૈક્રિય, તૈજસ્ અને કાર્મણ એમ કુલ ત્રણ શરીર હોય છે. તેઓના વૈક્રિય શરીરને તેઓ ધારે તે રીતે વિવિધ સ્વરૂપ-આકારવાળું નાનું-મોટું બનાવી શકે છે. આજના વિજ્ઞાનીઓની ભાષામાં તેને અંગ્રેજીમાં desire body (ઐચ્છિક શરીર) કહેવાય છે. જ્યારે સમગ્ર સૃષ્ટિમાં એક મનુષ્ય જ એવો છે કે જેને આપણી સ્થૂલ આંખથી દેખાતું હાડ-માંસ-ચામનું ઔદારિક શરીર તો છે જ, પરંતુ તે જો વિશિષ્ટ ક્રિયા-તપ વગેરે કરે તો વૈક્રિય શરીર અથવા વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરે તો આહારક શરીર પણ બનાવી શકે છે. આમ છતાં, એક સાથે વૈક્રિય અને આહારક બન્ને શરીર તે બનાવી શકતો નથી.

આ પાંચ પ્રકારના શરીરમાંથી જેનો ખાસ ઉલ્લેખ કરવો છે તે તૈજસ્ શરીર અને કાર્મણ શરીર છે. આ બંને પ્રકારનાં શરીર સમગ્ર બ્રહ્માંડમાં સંસારી જીવમાત્રને હોય છે જ. હા, જે જીવ સમગ્ર કર્મના બંધન તોડીને મોક્ષે ગયો છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ અષ્ટકર્મથી મુક્ત થઈ ગયો છે, તેને આ પાંચ શરીરમાંથી એક પણ શરીર હોતું નથી તેથી તેને અશરીરી કહેવામાં આવે છે. આ તૈજસ્ -કાર્મણ શરીરને અંગ્રેજીમાં vital body કહે છે.

ઔદારિક શરીર અથવા સ્થૂલ ભૌતિક શરીર અંગે આધુનિક વિજ્ઞાને વિપુલ માહિતી ઉપલબ્ધ કરાવી આપી છે પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ તેનું ખાસ કોઈ મહત્ત્વ નથી.

તૈજસ્ શરીર જેને સૂક્ષ્મ શરીર પણ કહેવામાં આવે છે તથા જે ખોરાકનું પાચન કરી સ્થૂલ શરીરનાં ઘટક દ્રવ્યો લોહી, ચરબી, માંસ, અસ્થિ, મજ્જા વગેરે બનાવે છે તે તથા સ્થૂલ અને સૂક્ષ્મ શરીરના સ્વરૂપ વગેરે જેના આધારે નક્કી થાય છે તે કાર્મણ શરીર, જેને કારણ શરીર પણ કહેવામાં આવે છે, તે બંને ખૂબ અગત્યનાં છે.

દેવતાઓના ચિત્રમાં, તેઓના મસ્તક પાછળ ચીતરવામાં આવતું ભામંડળ, તેમની દિવ્યતાનું પ્રતીક છે. વસ્તુતઃ તે તેઓના સૂક્ષ્મ શરીર/તૈજસ્ શરીરની શુદ્ધિનો પ્રભાવ છે. અન્ય જીવોને અને મનુષ્યને પણ આવું ઘેરાવ ક્ષેત્ર હોય છે જેને આભામંડળ (aura) કહેવામાં આવે છે. વસ્તુતઃ આ આભામંડળ જૈવિક વીજચુંબકીય ક્ષેત્ર (bio-electromagnetic field) જ છે. જેમ દરેક ચુંબકને પોતાનું ચુંબકીય ક્ષેત્ર હોય છે તેમ દરેક જીવને પોતાનું પ્રભાવક્ષેત્ર હોય છે. મનુષ્યના આ આભામંડળનો આધાર સૂક્ષ્મશરીર/તૈજસ્ શરીરની શુદ્ધતા ઉપર છે અને તેનો આધાર કાર્મણ શરીરે ગ્રહણ કરેલ પુદ્ગલ-પરમાણુ તથા તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ઉપર છે. વળી શુભ કે અશુભ પુદ્ગલ-પરમાણુના ગ્રહણનો આધાર મનઃસ્થિતિ અર્થાત્ મન દ્વારા કરાતા શુભ કે અશુભ વિચારો ઉપર છે. એટલે પરિણામ સ્વરૂપે આભામંડળની તીવ્રતા અને શુદ્ધિ-અશુદ્ધિનો આધાર મન-વિચારો ઉપર છે. આ આભામંડળને કોઈક શક્તિકવચ પણ કહે છે અને આ મન જેને અત્યારના લોકો છઠ્ઠી ઇન્દ્રિય (sixth sense) કહે છે તે પણ સૂક્ષ્મ પરમાણુ-સમૂહ એકમોનું બનેલું છે.

શ્રી અશોક કુમાર દત્ત આ આભામંડળને જોઈ શકે છે. તેઓ જૈન ન હોવા છતાં તેમનો અનુભવ જૈન દાર્શનિક માન્યતાઓને અનુસરતો જણાય છે. એ હકીકત એક બાજુ જૈન માન્યતાઓને પ્રમાણ પુરું પાડે છે તો બીજી બાજુ એમના અનુભવો સત્ય હોવાની જૈન જનતાને પ્રતીતિ કરાવે છે. તેમના આ અનુભવો તથા આવા જ પ્રકારના બીજાઓને થતા અનુભવો સંશોધનનું એક નવું ક્ષેત્ર ખોલી આપે છે.

તેમનું એક વિધાન તો જૈન કર્મવાદ(Jain Karma Philosophy)ને આશ્ચર્યજનક રીતે પ્રતિબિંબિત કરે છે. તેઓ કહે છે કે જે શક્તિકણો આ શક્તિ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કવચના ઘેરામાં આવી જાય છે તેને સૂક્ષ્મ શરીર ભોજનના રૂપમાં ગ્રહણ કરે છે.

સ્થૂલદૃષ્ટિએ જૈન દાર્શનિકોએ ચાર પ્રકારનો આહાર બતાવ્યો છે. 1. કવલાહાર, 2. પ્રક્ષેપાહાર, 3. લોમાહાર, 4. ઓજાહાર. (1) કોળિયારૂપે રાંધેલું અનાજ વગેરે મુખ દ્વારા ખાવું તે કવલાહાર. (2) મોં દ્વારા આહાર લેવાની શક્યતા ન હોય ત્યારે છિદ્ર પાડીને અથવા ઇંજેક્શન દ્વારા સીધા જ લોહીમાં શક્તિદાયક પદાર્થો કે ઔષધ વગેરે આપવા તે પ્રક્ષેપાહાર. (3) વાતાવરણમાં રહેલ આહાર પાણીના સૂક્ષ્મ અણુઓને રૂંવાડા દ્વારા ગ્રહણ કરવા તે લોમાહાર. (4) ગર્ભસ્થ શિશુ કે જીવ ઉત્પત્તિના પ્રથમ સમયે માતા-પિતાના શુક્ર-શોણિતનો આહાર કરે તે ઓજાહાર.

સૂક્ષ્મદૃષ્ટિએ જૈન કર્મસિદ્ધાંત પ્રમાણે આ આત્મા/જીવ જેટલા આકાશપ્રદેશમાં રહેલાં હોય તેનાથી અનન્તર આકાશપ્રદેશમાં રહેલ કાર્મણ વર્ગણાના પુદ્ગલ સ્કંધોને ગ્રહણ કરે છે અને આત્મા તેને પોતાના કાર્મણ શરીરમાં ભેળવી દે છે. આ પછી તે આત્માની સાથે કથંચિત્ અભેદ સ્વરૂપ પ્રાપ્ત કરી લે છે.

આ શક્તિકવચ અર્થાત્ આભામંડળ અંગે શ્રી દત્ત કહે છે કે જેમ શક્તિકવચનો ઘેરાવો મોટો તેમ શક્તિકણોને ગ્રહણ કરવાની અને તેને બહાર નકામા વેડફાઇ જતા/નીકળી જતા રોકવાની ક્ષમતા પણ વધુ હોય છે. કદાચ, આ અંગે એવું કહી શકાય કે જેમ જેમ જીવોની ઉન્નતિ વધુ તેમ તેમ તેઓનું આ શક્તિકવચ અર્થાત્ આભામંડળ વધુ ને વધુ મોટું, શુદ્ધ અને સ્પષ્ટ થતું જાય છે. માટે જ દૈવી તત્ત્વો અર્થાત્ દેવી-દેવતા તથા તીર્થંકર પરમાત્મા દેવાધિદેવનું આભામંડળ શુદ્ધ, સ્પષ્ટ અને નજરે જોઈ શકાય તેવું હોય છે. જડ પદાર્થોમાં પણ આવું આભામંડળ હોઈ શકે છે પરંતુ તે સજીવ પદાર્થના જેવું સ્થિર અથવા આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ પ્રમાણે વિકાસ પામતું હોતું નથી. તે તો દિવસે દિવસે ક્ષીણ થતું જાય છે, નિસ્તેજ થતું જાય છે. દેવોમાં પણ તેઓનું આયુષ્ય છ માસ બાકી રહે ત્યારે, તેઓનું આભામંડળ નિસ્તેજ થઈ જાય છે, તેઓની ફૂલની માળા કરમાઈ જાય છે અને શરીર મલિન થવા લાગે છે. પરંતુ જે દેવો એકાવતારી અર્થાત્ પછીના ભવમાં મનુષ્યપણું પામી મોક્ષે જવાના હોય છે, તેઓને આ નિયમ લાગતો નથી. તેઓનું આભામંડળ દિવસે દિવસે વધુ તેજસ્વી બને છે, ફૂલની માળા પણ કરમાતી નથી. વળી આ આભામંડળ અર્થાત્ જૈવિક વીજચુંબકીય ક્ષેત્રની તીવ્રતાનો આધાર મનની શક્તિ અથવા સંકલ્પશક્તિ ઉપર છે. જેમ જીવની સંકલ્પશક્તિ તીવ્ર બને તેમ તેનું આભામંડળ મોટું અને તીવ્ર બને છે. માટે મનુષ્યે પોતાની માનસિક શક્તિ/સંકલ્પશક્તિને સતત શુભ વિચારો, મંત્રજાપ અને ઈષ્ટ દેવના સ્મરણ દ્વારા તીવ્ર બનાવવી જોઈએ. તીર્થંકર પરમાત્માના અદ્ભુત આભામંડળ અંગેની વિશેષ માહિતી હવે પછીના પ્રકરણમાં આપવામાં આવશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

6

# તીર્થંકર પરમાત્માના સુવર્ણ કમળ ઉપરના વિહારનું રહસ્ય

કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્માને પૃથ્વી ઉપર પગ મૂકવાને બદલે દેવકૃત સુવર્ણ કમળ ઉપર જ પગ સ્થાપન કરવાનું શું કારણ? આ અંગે કેટલાક લોકો એમ પણ કહે છે કે તીર્થંકર પરમાત્માએ તો સંસારનો ત્યાગ કર્યો છે, તેઓ કંચન-કમિનીના ત્યાગી છે, અપરિગ્રહી છે, તો તેઓને બેસવા માટે સુવર્ણના સિંહાસન અને વિહાર કરવા માટે સુવર્ણ કમળની રચના શા માટે?

આ અંગે કોઈ સ્પષ્ટ કારણ કે જવાબ જૈન ધર્મગ્રંથોમાં પ્રાપ્ત થતો નથી, પરંતુ કેટલાક આધુનિક ચિંતકો, વિદ્વાનો તથા જૈન મુનિઓ આ પ્રશ્નના ઉત્તરમાં એમ જણાવે છે કે તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે અને ત્યાર બાદ તેમના શરીરમાંથી સતત વિપુલ પ્રમાણમાં ઊર્જા ઉત્સર્જિત થતી રહે છે. આ ઊર્જાના જથ્થાને ધારણ કરવાની ક્ષમતા પૃથ્વીમાં નથી. ફક્ત સુવર્ણ જ એક એવો પદાર્થ છે કે જે આ ઊર્જાને ધારણ કરી શકે છે. તેથી જ પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ તુરત દેવો સુવર્ણ કમળની રચના કરે છે અને પ્રભુ કાં તો તેના ઉપર પગ સ્થાપન કરી વિહાર કરે છે અથવા તેના ઉપર બિરાજમાન થાય છે અથવા તો સમવસરણમાં સુવર્ણના સિંહાસન ઉપર બિરાજમાન થઈ ઉપદેશ આપે છે અને તે સમયે પણ પ્રભુના ચરણ તો સુવર્ણ કમળ ઉપર જ સ્થાપન થયેલ હોય છે.

આ ઉત્તરના પ્રતિપ્રશ્ન રૂપે મારા પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રી વિજય સૂર્યોદયસૂરિજી મહારાજ એમ કહે છે કે આ વાત બરાબર નથી. વળી આ વાતને શાસ્ત્રનો કોઈ આધાર પણ નથી અને સુવર્ણ પૃથ્વીમાં જ ઉત્પન્ન થાય છે તેથી તે પણ પૃથ્વીકાય જ છે. જો પૃથ્વીમાં કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્માની ઊર્જાના વિપુલ જથ્થાને ઝીલવાની ક્ષમતા ન હોય તો, સુવર્ણમાં તે ક્ષમતા ક્યાંથી આવે? અર્થાત્ ન જ આવી શકે. તેથી આ સુવર્ણ કમળની રચનાનું રહસ્ય બીજું જ કાંઈ હોવું જોઈએ.

આ અંગે વૈજ્ઞાનિક સિદ્ધાંતોના આધારે વિચારતાં આ પ્રશ્નનો ઉત્તર નીચે પ્રમાણે આપી શકાય. અત્યારે વિજ્ઞાનમાં એ સિદ્ધ થઈ ગયું છે કે દરેક સજીવ પદાર્થમાંથી એક પ્રકારની શક્તિ/ઊર્જા સતત ઉત્સર્જિત થતી રહે છે. આ શક્તિને વિજ્ઞાનીઓ જૈવિક-વીજ-ચુંબકીય-શક્તિ (Bio-electromagnetic-energy) કહે છે. આ શક્તિ જોઈ શકાતી નથી પણ અનુભવી શકાય તો છે જ. ક્યારેક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતીન્દ્રિય શક્તિવાળા મહાપુરુષો આ શક્તિને જોઈ શકે છે. જ્યાં વીજશક્તિ હોય ત્યાં ચુંબકત્વ અવશ્ય હોય જ. બંને શક્તિ એકબીજી સાથે સંકળાયેલી છે એવું પ્રતિપાદન ઈ.સ. 1833માં માઇકલ ફેરાડેએ કરેલું જ છે. વળી જ્યાં વીજ-ચુંબકીય શક્તિ હોય ત્યાં વીજ-ચુંબકીય ક્ષેત્ર પણ હોય છે.

આપણે ભલે, જૈવિક-વીજ-ચુંબકીય ક્ષેત્રને જોઈ શકતા નથી પરંતુ આજે અત્યાધુનિક વૈજ્ઞાનિક સાધનો દ્વારા, કિર્લિયન ફોટોગ્રાફીથી જૈવિક-વીજ-ચુંબકીય ક્ષેત્રના રંગીન ફોટોગ્રાફ્સ લેવાય છે, એટલું જ નહિ, તેમાંના રંગોના આધારે તથા તેની અપૂર્ણતાના પરીક્ષણ દ્વારા રોગોનું નિદાન પણ કરવામાં આવે છે.

પ્રાચીન કાળના મહાપુરુષોએ આ જૈવિક-વીજ-ચુંબકીય ક્ષેત્રને આભામંડળ (aura) નામ આપેલું જ છે.

મનુષ્યના આભામંડળની બાબતમાં નિષ્ણાતોનો એવો અભિપ્રાય છે કે કોઈપણ રોગ શરીરમાં પ્રવેશે તેના ત્રણ મહિના પૂર્વેથી આભામંડળમાં તે રોગની અસર જણાવવા લાગે છે. એટલે કિર્લિયન ફોટોગ્રાફી દ્વારા લેવાયેલ આભામંડળના ફોટોગ્રાફ્સના પરીક્ષણ દ્વારા રોગને જાણી તેના ઉપચાર કરી રોગને શરીરમાં પ્રવેશતો અટકાવી શકાય છે અને નીરોગી બની શકાય છે. અલબત્ત, ત્યારે પણ રોગ સૂક્ષ્મ સ્વરૂપે તો શરીરમાં પ્રવેશી ગયો હોય છે. માત્ર સ્થૂલ સ્વરૂપે તેનો આવિર્ભાવ થયો હોતો નથી.

ટૂંકમાં, જૈવિક-વીજ-ચુંબકીય શક્તિ વિજ્ઞાનસિદ્ધ હકીકત છે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

આ શક્તિનું ઉત્સર્જન દરેક સજીવ પદાર્થમાંથી થાય છે એ ખરું, પરંતુ તેના પ્રકાર અને જથ્થાનો આધાર તે તે પદાર્થની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ ઉપર છે. સાથે સાથે તે તે સજીવ પદાર્થના આત્માને લાગેલાં શુભ-અશુભ કર્મો તથા આત્માની શક્તિને આવરણ કરનારાં કર્મો કેટલા પ્રમાણમાં દૂર થયાં છે? તેના ઉપર પણ તેનો આધાર છે. આ બધા જ ઘટકો કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્મામાં સૌથી વધુ પ્રમાણમાં હોય છે, તેથી તેઓની જૈવિક-વીજ-ચુંબકીય શક્તિ ઉત્તમોત્તમ પ્રકારની તથા ઉચ્ચતમ જથ્થામાં હોય છે.

જૈન દાર્શનિક પરંપરા પ્રમાણે કોઈપણ જીવને મન, વચન અને શરીર એ ત્રણમાંથી ઓછામાં ઓછું શરીર તો દરેકને હોય જ, ચાહે એ જીવ ગમે તેટલી નિમ્નતમ કક્ષામાં અર્થાત્ પ્રાથમિક અવસ્થામાં કેમ ન હોય?

જૈનદર્શન પ્રમાણે મન હાથી, ગાય, ઘોડા, વગેરે પશુઓ તથા ચકલી, પોપટ, મેના, કોયલ વગેરે પક્ષીઓ, મનુષ્યો, દેવો અને નારકોને જ હોય છે. જ્યારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકેન્દ્રિય ગણાતા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ તથા બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને મન વગરના પશુ, પક્ષી, જળચર જીવો અને મનુષ્યોને પૌદ્ગલિક મન હોતું નથી. આથી તે જીવોને મન દ્વારા થતા શુભ કે અશુભ કર્મનો બંધ પણ થતો નથી. તેથી તે કારણે થતો જૈવિક વીજચુંબકીય શક્તિ/ક્ષેત્રમાં થતો વધારો કે ઘટાડો પણ હોતો નથી પરંતુ એક શરીર વિદ્યમાન હોવાથી તેના દ્વારા થતા શુભ કે અશુભ કર્મબંધ થવાથી જૈવિક વીજચુંબકીય શક્તિ/ક્ષેત્રમાં વધઘટ થાય છે. સંસારી અર્થાત્ કર્મસહિત જીવ માટે આ ઘટક ક્યારેય શૂન્ય થતું નથી.

તે જ રીતે સંસારી જીવ ગમે તેવી પ્રાથમિક અવસ્થામાં હોય તો પણ તેની આધ્યાત્મિક શક્તિ ક્યારેય શૂન્ય થતી નથી.

નિગોદ અર્થાત્ બટાકા, ડુંગળી જેવા સાધારણ વનસ્પતિકાયના જીવોમાં પણ ચાર અઘાતી કર્મો સંબંધી તેમાંય ખાસ કરીને નામકર્મ અને વેદનીયકર્મ સંબંધી શુભકર્મ ક્યારેય શૂન્ય થતું નથી. એથી ઊલટું આ ચાર કર્મો સંબંધી ગમે તેટલાં અશુભ કર્મો ભેગાં થાય તો પણ આત્માની અનંત શક્તિને સંપૂર્ણપણે ઢાંકી શકવા સમર્થ થતા નથી. તેવી જ રીતે આત્માની અનંત શક્તિનો ઘાત કરનારા ઘાતી કર્મો (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય)નો ગમે તેટલો સમૂહ ભેગો થાય તો પણ આત્માની અનંત શક્તિને સંપૂર્ણપણે ઢાંકી શકતાં નથી.

આ રીતે સમગ્ર સજીવ સૃષ્ટિમાં એકદમ પ્રાથમિક કક્ષાના ગણાતા જીવોમાં પણ જૈવિક વીજચુંબકીય શક્તિ ક્યારેય શૂન્ય થતી નથી.

કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્મામાં -

1. શારીરિક શક્તિ સૌથી વધુ પ્રમાણમાં હોય છે કારણ કે તેઓને પ્રથમ વજ્રઋષભનારાચ સંઘયણ (હાડકાંની સંરચનાનો એક પ્રકાર) હોય છે. જેમાં સૌથી વધુ ઉપસર્ગ-પરિષહ વગેરે સહન કરવાની ક્ષમતા હોય છે. કાળચક્ર તેમના ઉપર મૂકવામાં આવે તો પણ તેઓનું મૃત્યુ કે શરીરનો નાશ થતો નથી.

2. શારીરિક શક્તિ સૌથી વધુ હોવાના કારણે મનોબળ/માનસિક શક્તિ પણ સૌથી વધુ હોય છે કારણ કે શરીર મજબૂત હોય તો જ મન મજબૂત રહી શકે છે, તેટલા માટે જ પ્રથમ સંઘયણવાળા મનુષ્યને દેવો પણ ધ્યાનમાંથી વિચલિત કરી શકતા નથી.

3. મન-વચન-કાયાની એકાગ્રતા જ ધ્યાન છે, તેથી જેઓનું શરીર અને મન મજબૂત હોય તેઓનું ધ્યાન પણ ઉત્કૃષ્ટ/શ્રેષ્ઠ કક્ષાનું હોય તેથી આધ્યાત્મિક પરિસ્થિતિ પણ ઉત્તમોત્તમ હોય.

4. જેમ આત્માને શુભ કર્મનો વધુમા વધુ ઉદય હોય તેમ તેની જૈવિક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીજચુંબકીય શક્તિ પણ વધુમાં વધુ હોય છે. તીર્થંકર પરમાત્માએ પૂર્વ ભવમાં શુભકાર્યો તથા શુભભાવ દ્વારા સૌથી શ્રેષ્ઠ અને સૌથી વિશિષ્ટ પુણ્યાઈ ધરાવતું તીર્થંકર નામકર્મ બાંધેલ હોય છે. તેનો ઉદય તથા તેની સાથે સંબંધ ધરાવતાં અન્ય શુભ કર્મો અતિ ઉગ્રપણે ઉદયમાં આવે છે, તેથી તેઓની જૈવિક વીજચુંબકીય શક્તિ સૌથી વધુ હોય છે.

5. તીર્થંકર હોવાથી પ્રાયઃ તેઓને કોઈપણ જાતના અશુભ કર્મોનો ઉદય હોતો નથી તેથી તેના સંબંધિત જૈવિક વીજચુંબકીય શક્તિમાં કોઈપણ જાતનો અવરોધ આવતો નથી.

6. આત્માના ગુણને આવરણ કરનારાં, આત્માની અનંત શક્તિને પ્રગટ થતી રોકનાર મુખ્ય ચાર કર્મ છે : 1. જ્ઞાનાવરણીય, 2. દર્શનાવરણીય, 3. મોહનીય અને 4. અંતરાય, જેને ઘાતી કર્મ કહે છે. આ કર્મો કેવળજ્ઞાનીને સંપૂર્ણપણે દૂર થઈ ગયાં હોય છે. તેથી તેઓના આત્માની અનંત શક્તિને પોતે તથા અન્ય જીવો પ્રગટપણે અનુભવે છે.

ઉપર બતાવ્યું તેમ છયે છ પ્રકારે કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્માની શક્તિ ઉત્તમોત્તમ પ્રકારની અને ઉચ્ચતમ જથ્થામાં પ્રગટ થાય છે. આ શક્તિ સૂક્ષ્મ જૈવિક વીજચુંબકીય ઊર્જા સ્વરૂપે હોય છે. આ ઊર્જા પૃથ્વી સહન કરી શકતી નથી માટે સુવર્ણ કમળ ઉપર પ્રભુ પાદ સ્થાપન કરી વિહાર કરે છે તેવું નથી, પરંતુ આ શક્તિથી વાતાવરણ ખૂબ જ શક્તિશાળી બની જાય છે. આ શક્તિને મનુષ્યો કે અન્ય પ્રાણી ઝીલવા સમર્થ હોતા નથી, ઝીલે તો તેઓને લાભ થવાને બદલે નુકસાન થવાનો વધુ સંભવ રહે છે, અથવા તો પ્રભુની ઉચ્ચતમ શક્તિનો લોકોને વધુ સમય લાભ મળે તે માટે તીર્થંકર પરમાત્માની ઉચ્ચ જૈવિક વીજચુંબકીય ઊર્જાને પૃથ્વીમાં ઊતારી દેવા માટે દેવો સુવર્ણ કમળની રચના કરે છે અને પ્રભુ તેના ઉપર પગ સ્થાપન કરી વિહાર કરે છે.

આપણે સામાન્ય રીતે જોઈએ છીએ કે ગગનચુંબી ઇમારતો ઉપર એક તાંબાનો તાર ઊંચે મૂકવામાં આવે છે જેનો બીજો છેડો જમીનમાં ઊતારેલો હોય છે. તેનું કારણ એ હોય છે કે ચોમાસામાં વાતાવરણમાં રહેલ વીજળીના ભારે દબાણને તે તાર ગ્રહણ કરી જમીનમાં ઊતારી દે છે. તેથી આજુબાજુમાં બીજે ક્યાંય વીજળી પડતી નથી. બસ, આ જ સિદ્ધાંત ઉપર દેવો પ્રભુ માટે સુવર્ણ કમળની રચના કરતા હોય એમ મારું પોતાનું માનવું છે કારણ કે સુવર્ણ એ વીજળી માટે અતિસૂક્ષ્મગ્રાહી (sensitive) પદાર્થ છે અને તાંબા કરતાં પણ તે અતિસુવાહક (most conductive) છે. તેથી સુવર્ણ કમળ દ્વારા પ્રભુની એ શક્તિ જમીનમાં ઊતરી જાય છે. જેના પ્રભાવે પ્રભુ જ્યાં જ્યાં વિહાર કરે છે ત્યાં ત્યાં પ્રભુના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરથી અમુક યોજનના વિસ્તારમાં તથા પ્રભુ વિહાર કરીને અન્યત્ર ગયા પછી પણ તે જ સ્થાનમાં એટલે કે પ્રભુએ જ્યાં જ્યાં વિહાર કર્યો હોય ત્યાં ત્યાં છ મહિના સુધી કોઈપણ પ્રકારના રોગ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મચ્છર, માખી, પતંગિયાં, તીડ વગેરે ક્ષુદ્ર જંતુઓનાં ઉપદ્રવ કે એવા પ્રકારની કુદરતી આપત્તિઓ આવતી નથી. એટલું જ નહિ, પરંતુ એ ક્ષેત્રમાં રહેલ મનુષ્યો અને પ્રાણીઓની અશુભ વૃત્તિઓ પણ દૂર થઈ જાય છે.

આથી જ, આજથી 2500 વર્ષ પૂર્વે થઈ ગયેલ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની વિહારભૂમિ - મગધ એટલે કે આજનું બિહાર તથા તેમની કલ્યાણક ભૂમિઓ; ખાસ કરીને તો કેવલજ્ઞાન કલ્યાણકની ભૂમિ - ઋજુવાલિકા નદીનો કિનારો, તથા નિર્વાણ કલ્યાણકની ભૂમિ - પાવાપુરીનું વાતાવરણ હજુ આજે પણ પવિત્ર જીવોને અલૌકિક દિવ્ય અનુભૂતિ કરાવે છે.

**આ રીતે પ્રભુ સમગ્ર સૃષ્ટિ ઉપર સતત ઉપકાર કરતા રહે છે.**

આ છે પ્રભુએ પૂર્વ ભવમાં ભાવેલ 'સવિ જીવ કરું શાસન રસી'ની ઉત્કૃષ્ટ ભાવનાનું ઉત્કૃષ્ટ પરિણામ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

7

# જૈનદર્શનમાં ધ્વનિનું સ્વરૂપ

પ્રાચીન જૈન દાર્શનિક સાહિત્ય તથા તંત્રવિજ્ઞાન ધ્વનિને કણ સ્વરૂપે જ સ્વીકારે છે, એટલું જ નહિ પણ તેના રંગો પણ તેઓ દર્શાવે છે. તે સાથે પશ્ચિમના અર્વાચીન સાહિત્યમાં પશ્ચિમની બે-ત્રણ વ્યક્તિઓએ ધ્વનિના વર્ણ/રંગ જોયા છે તેવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે શ્રી અશોક કુમાર દત્તને પણ આ પ્રકારની કુદરતી બક્ષિસ છે, તેઓને અત્યારે પણ ધ્વનિના રંગોનો અનુભવ થાય છે.

જૈનદર્શન ધ્વનિને પુદ્ગલ પરમાણુ સમૂહથી ઉત્પન્ન થતો માને છે તેથી પુદ્ગલ પરમાણુના પ્રત્યેક ગુણધર્મ સૂક્ષ્મ સ્વરૂપે પણ ધ્વનિમાં રહેલ હોય છે. તત્ત્વાર્થસૂત્ર, જૈનોના દિગંબર શ્વેતાંબર સૌકોઈને માન્ય છે, તેમાં સ્પષ્ટપણે પુદ્ગલ દ્રવ્ય અને તેના સૂક્ષ્મતમ, અવિભાજ્ય અંશ સ્વરૂપ પરમાણુમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોવાનો નિર્દેશ કરેલ છે. માટે ધ્વનિનો વર્ણ જે રીતે કોઈક અતીન્દ્રિયજ્ઞાની પુરુષો જોઈ શકે છે તેમ તેવા અન્ય કોઈકને તેના રસ કે ગંધનો પણ અનુભવ થઈ શકે છે. જો કે ધ્વનિના સ્પર્શનો અનુભવ તો સૌકોઈને થાય છે તથા ટેપ રેકૉર્ડર, ગ્રામોફોનની રેકર્ડ વગેરે ધ્વનિના સ્પર્શથી જ તૈયાર થાય છે. અત્યંત મોટા ધ્વનિના સ્પર્શનો પણ આપણને સ્પષ્ટ અનુભવ થાય છે જ, તે અંગે કોઈ વિશેષ ટિપ્પણ કરવાની આવશ્યકતા નથી.

જૈન પ્રાચીન પરંપરામાં કેટલાક વિશિષ્ટ તપસ્વીઓને તપના પ્રભાવથી વિશિષ્ટ શક્તિઓ પ્રાપ્ત થયાના નિર્દેશ મળે છે. આવી શક્તિઓને જૈન સાહિત્યમાં 'લબ્ધિ' કહેવામાં આવે છે. શ્રી સિદ્ધચક્ર મહાપૂજન નામના વિધિવિધાન વિષયક ગ્રંથમાં આવી જુદી જુદી અડતાલીસ વિશિષ્ટ લબ્ધિઓનાં નામ પ્રાપ્ત થાય છે. તેમાં 'સંભિન્નસ્રોતસ્' નામે એક વિશિષ્ટ લબ્ધિ છે. આ લબ્ધિ જેને પ્રાપ્ત થાય છે, તે પોતાની કોઈપણ એક ઇન્દ્રિય દ્વારા તે સિવાયની અન્ય ચાર ઇન્દ્રિય દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન મેળવી શકે છે, અર્થાત્ માત્ર સ્પર્શનેન્દ્રિય/ત્વચા દ્વારા તે જોઈ પણ શકે છે, સુગંધ કે દુર્ગંધનો અનુભવ પણ કરી શકે છે, શબ્દ પણ સાંભળી શકે છે તથા સ્વાદ પણ માણી શકે છે. અલબત્ત, આજના જમાનામાં આવી વિશિષ્ટ લબ્ધિની પ્રાપ્તિ પ્રાયઃ અસંભવ લાગે છે તેથી કોઈને આવી વાતમાં શ્રદ્ધા ન બેસે, પણ તેથી એ પ્રકારની શક્તિઓ હોઈ શકે જ નહિ, એવું વિધાન કરવું યોગ્ય નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી અશોક કુમાર દત્તને પ્રાપ્ત થયેલ ધ્વનિના વર્ણને પ્રત્યક્ષ કરવાની શક્તિ પણ આવી જ કોઈ વિશિષ્ટ અજ્ઞાત લબ્ધિ હોવી જોઈએ. શ્રી દત્તની આ વિશિષ્ટ શક્તિ જૈન કર્મવાદ પ્રમાણે મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થઈ હોવી જોઈએ કારણ કે આ કર્મથી પાંચેય ઇન્દ્રિય તથા છઠ્ઠા મન દ્વારા પ્રાપ્ત થતા જ્ઞાનનું આવરણ થાય છે. અર્થાત્ આ કર્મ ઇન્દ્રિયપ્રત્યક્ષજ્ઞાનમાં બાધક બને છે. જ્યારે આ કર્મનું આવરણ આત્મા ઉપરથી દૂર થાય છે ત્યારે સહજપણે જ ઇન્દ્રિયપ્રત્યક્ષ જ્ઞાન થાય છે.

શ્રી દત્તને થયેલ સંસ્કૃત અક્ષરોના રંગનો અનુભવ અને પ્રાચીન તંત્ર વિજ્ઞાનના ગ્રંથોમાં બતાવેલ સંસ્કૃત અક્ષરોના રંગમાં ઘણે સ્થાને અરસપરસ મેળ મળતો નથી, તો વળી તંત્ર વિજ્ઞાનના ગ્રંથોમાં પણ અંદરોઅંદર અક્ષરોના વર્ણનો મેળ મળતો નથી, આમ છતાં, આ ઉલ્લેખો એટલું તો સિદ્ધ કરે જ છે કે પ્રાચીન કાળના ઋષિ-મુનિઓ અને વિશિષ્ટ આરાધકો / તાંત્રિકોને ધ્વનિના રંગ વિશે અનુભવ થતા હતા.

બ્રહ્માંડમાં સર્વ જગ્યાએ ભાષા એટલે કે ધ્વનિની ઉત્પત્તિ તથા પ્રસરણ કઈ રીતે થાય છે તે ખૂબ જ ધ્યાન દઈને વ્યવસ્થિત રીતે સમજી લેવાની જરૂર છે. આ વિશે આચારાંગ નામના જૈન આગમના દ્વિતીય ખંડના ચોથા ભાષાજાત અધ્યયન નામના પ્રકરણમાં કહ્યું છે કે (શબ્દ)ભાષાના ચાર પ્રકાર છે.

1. ઉત્પત્તિજાત : અગાઉ જણાવેલ વર્ગણાઓમાંથી, ભાષા વર્ગણામાં જેનો સમાવેશ થાય છે તેવા પરમાણુ-સમૂહ એકમોને જીવ શરીર વડે ગ્રહણ કરે અને વાણી વડે ભાષા રૂપે પરિણામન કરી પાછા બહાર કાઢે અથવા નીકળે તે પરમાણુ-સમૂહ એકમોને ઉત્પત્તિજાત શબ્દ કહેવામાં આવે છે.

2. પર્યવજાત : ઉપર જણાવેલ પદ્ધતિએ બહાર નીકળેલા શબ્દના પરમાણુ-સમૂહ એકમો વડે તેની આજુબાજુના વિશ્રેણિગત એટલે કે પંક્તિબદ્ધ ન હોય તેવા ભાષા વર્ગણાને યોગ્ય પરમાણુ-સમૂહ એકમોને અથડાઈને, તે પરમાણુ-સમૂહ એકમોને શબ્દરૂપે પરિણમાવે છે. આ નવા પરિણમન પામેલા શબ્દને પર્યવજાત શબ્દ કહેવામાં આવે છે.

3. અન્તરજાત : પ્રથમ પ્રકારે પરિણમન પામેલ શબ્દના પરમાણુ-સમૂહ એકમો જ્યારે સમશ્રેણિ એટલે કે પંક્તિબદ્ધ રહેલ ભાષા વર્ગણાને યોગ્ય પરમાણુ-સમૂહ એકમોને અથડાઈ તેને શબ્દ રૂપે પરિણમાવી તેમાં જ ભેગા ભળી જાય તેવા શબ્દને અન્તરજાત શબ્દ (ભાષા) કહેવામાં આવે છે.

4. ગ્રહણજાત : હવે જે જે ભાષા વર્ગણાના પરમાણુ-સમૂહ એકમો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષા(શબ્દ) રૂપે રૂપાંતરિત થયા હોય, પછી તે સમ શ્રેણિમાં રહેલ ભાષા વર્ગણાના પરમાણુ-સમૂહ એકમો હોય કે વિશ્રેણિમાં રહેલ ભાષા વર્ગણાના પરમાણુ-સમૂહ એકમો હોય, તેમાંના કેટલાક પરમાણુ-સમૂહ એકમો કાનના છિદ્રમાં પ્રવેશ કરે છે અને જેની અસર મગજમાં રહેલ શ્રુતિ કેન્દ્ર ઉપર થાય છે તેને ગ્રહણજાત શબ્દ કહેવાય છે. આ પરમાણુ-સમૂહ એકમો દ્રવ્યથી અનંત પ્રદેશવાળા એટલે કે અનંત પરમાણુઓના સમૂહરૂપ હોય છે. ક્ષેત્રથી અસંખ્યાતા પ્રદેશાત્મક આકાશ પ્રદેશમાં રહેલ હોય છે. કાળથી અસંખ્યાતા સમયની સ્થિતિવાળા હોય છે અને ભાવથી વિવિધ પ્રકારનાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી યુક્ત આ પરમાણુ-સમૂહ એકમો હોય છે અને તેને ગ્રહણજાત શબ્દ કહેવામાં આવે છે.

આ સિવાય ગ્રહણ થયા વિનાના ભાષા રૂપે પરિણમન પામેલ પરમાણુ-સમૂહ એકમોનું તરત જ વિસર્જન ભાષા વર્ગણાના પરમાણુ-સમૂહ એકમોમાં કે અન્ય જાતના પરમાણુ-સમૂહ એકમોમાં થઈ જાય છે.

ધ્વનિની શક્તિનો આધાર આધુનિક વિજ્ઞાન અનુસાર તેની કંપસંખ્યા ઉપર છે. જેમ તેની કંપસંખ્યા વધુ તેમ તેની શક્તિ વધુ. જો ધ્વનિની શક્તિનો સંગીત રૂપે વ્યવસ્થિત ઉપયોગ કરવામાં આવે તો તે ઘણી ઉપકારક સિદ્ધ થાય તેમ છે. પુદ્ગલ પરમાણુમાં અચિન્ત્ય શક્તિ છે તેનો સ્વીકાર તો આજનું વિજ્ઞાન પણ કરે છે. અંગ્રેજી દૈનિક ટાઈમ્સ ઑફ ઇન્ડિયાની 3, સપ્ટે., 1995, રવિવારની પૂર્તિમાં સંગીત અંગે એક લેખ આવ્યો હતો, તેમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે વાતાવરણ (હવા) સંગીતના સૂરોથી શક્તિવાળું બને છે. (Air is charged with musical ions.) અલબત્ત, તે લેખમાં લેખકે પાશ્ચાત્ય સંગીતના પોપ સંગીત કે ડિસ્કો સંગીતનું વર્ણન કર્યું હતું અને એ સંગીત દરમિયાન કેટલાકને વાતાવરણમાં રંગબેરંગી આકારો નૃત્ય કરતા દેખાતા હતા અર્થાત્ તેઓને ધ્વનિના વર્ણ/રંગનો સાક્ષાત્કાર થયો હતો.

સંગીતની માફક મંત્ર વિજ્ઞાનમાં પણ ધ્વનિનો વિશિષ્ટ ઉપયોગ થાય છે.

મંત્ર એટલે ચોક્કસ પ્રકારના કાર્ય માટે, ચોક્કસ પ્રકારના દેવોથી અધિષ્ઠિત થયેલ ચોક્કસ પ્રકારના મહાપુરુષો દ્વારા વિશિષ્ટ પ્રકારના શબ્દ અથવા અક્ષરોનાં સંયોજન દ્વારા લિપિબદ્ધ કરાતું ધ્વનિનું સ્વરૂપ. પ્રાચીન કાળના મહાપુરુષોએ આવા વિશિષ્ટ પ્રકારના મંત્રોના ચોક્કસ/નિશ્ચિત અર્થો અર્થાત્ વિષયો પોતાની અતીન્દ્રિય જ્ઞાનદૃષ્ટિથી જોયા છે અને એટલે જ શબ્દ/મંત્રના આવા વિશિષ્ટ રંગોને જોનાર શ્રી અશોક કુમાર દત્ત, આપણા પ્રાચીન ઋષિ-મુનિઓ માટે 'મંત્રાર્થદૃષ્ટા' શબ્દ પ્રયોજે છે.

મંત્રોચ્ચારણનું રહસ્ય સમજાવતાં શ્રી અશોક કુમાર દત્ત પોતાના અનુભવોનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણન કરતાં કહે છે : "મંત્રોચ્ચારણમાં અને ભગવદ્ નામનો ઉચ્ચાર કરતાં ભૂરા અને સફેદ રંગના કણસમૂહો દેખાય છે અને તેનાથી પ્રાણીઓનું શરીર પુષ્ટ થાય છે. તે સાથે મંત્રોચ્ચારથી સૂક્ષ્મશરીર પ્રકાશપૂંજની ચમક અને પ્રખરતા વધી જાય છે. અને તેથી જ ભગવદ્ નામ જપ અને મંત્રોચ્ચારણનું વિધાન સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે તેનું મને ભાન થયું."

લેફ. કર્નલ સી. સી. બક્ષી, પોતાના વૈશ્વિક ચેતના નામના પુસ્તકમાં મંત્ર જાપ અંગે જણાવે છે કે દરેક અવાજ, ધ્વનિ કે શબ્દ, તેનું માનસિક ઉચ્ચારણ થાય કે વાચિક, તે વખતે અમુક નિશ્ચિત સ્વરૂપનાં સ્પંદનો ઉત્પન્ન થાય છે. આપણે વિચાર કરીએ છીએ ત્યારે પણ (આપણા મગજમાં શબ્દની / ધ્વનિની અસ્પષ્ટ ઉત્પત્તિ થાય છે. જેને સંસ્કૃત વ્યાકરણના નિષ્ણાતો-ચિંતકો સ્ફોટ કહે છે. અને) તે અક્ષરોની ચોક્કસ છાપ આપણા મન સમક્ષ રચાઈ જાય છે.

અત્યારે પશ્ચિમના દેશોમાં મંત્ર, યંત્ર, તંત્ર વિશે વિશિષ્ટ કહી શકાય તેવું સંશોધન ચાલે છે. વિભિન્ન પુસ્તકો દ્વારા મંત્ર, યંત્ર, તંત્રનાં રહસ્યો વૈજ્ઞાનિક પદ્ધતિએ રજૂ કરવામાં આવે છે.

યંત્ર, એ મંત્રમાં રહેલ અક્ષરોના સંયોજન દ્વારા બનેલા શબ્દોના ધ્વનિનું આકૃતિ સ્વરૂપ છે. હમણાં ઇંગ્લૅન્ડથી પ્રકાશિત એક અંગ્રેજી પુસ્તક જોવા મળ્યું. આ પુસ્તકમાં 'રોનાલ્ડ નામેથ' નામના એક વિજ્ઞાનીએ ટોનોસ્કૉપ નામના એક વૈજ્ઞાનિક ઉપકરણ દ્વારા ઇલેક્ટ્રૉનિક વાઈબ્રેશન ફિલ્ડ(Electronic vibration field)માંથી 'શ્રીસુક્ત'ના મંત્રનો ધ્વનિ પસાર કર્યો અને તે ધ્વનિનું 'શ્રીયંત્ર'ની આકૃતિમાં રૂપાંતર થઈ ગયું જેનું સ્થિર ચિત્ર આપવામાં આવ્યું છે.

એનો અર્થ એ થયો કે 'શ્રીયંત્ર' એ 'શ્રીસુક્ત'નું આકૃતિ સ્વરૂપ જ છે. જે રીતે ગ્રામોફોનની રેકર્ડમાં ધ્વનિને મુદ્રિત કરવામાં આવે છે તે જ રીતે કોઈપણ મંત્રના ધ્વનિને ઉપર દર્શાવેલ સાધનમાંથી પસાર કરવામાં આવે તો તેનું આકૃતિ સ્વરૂપ પ્રાપ્ત થઈ શકે છે. વળી ગ્રામોફોનની રેકર્ડમાંથી પુનઃ ધ્વનિ પ્રાપ્ત કરી શકાય છે તે રીતે યંત્રાકૃતિમાંથી મંત્ર પ્રાપ્ત કરી શકાય છે તેમ કેટલાકનું માનવું છે. વળી જે રીતે આધુનિક વિજ્ઞાનમાં શક્તિનું પુદ્ગલ(દ્રવ્યકણો)માં અને દ્રવ્યકણો(પુદ્ગલ)નું શક્તિમાં રૂપાંતર થાય છે તેમ યંત્રનું મંત્રમાં અને મંત્રનું યંત્રમાં રૂપાંતર શક્ય છે માટે જ યંત્રના સ્થાને મંત્ર અને મંત્રના સ્થાને યંત્ર મૂકી શકાય છે.

પ્રાચીન કાળના મહાપુરુષો પોતે જે મંત્રની આરાધના/સાધના કરતા હશે તે મંત્રોનું આકૃતિ સ્વરૂપ અર્થાત્ યંત્ર સ્વરૂપ તેઓએ પોતાની દિવ્યદૃષ્ટિથી જોયું હશે અથવા તે મંત્રના અધિષ્ઠાયક દેવોએ પ્રસન્ન થઈ તે મંત્રોનું યંત્ર સ્વરૂપ તે તે સાધકોને બતાવ્યું હશે. ત્યાર બાદ તે સાધકોએ તે સ્વરૂપને ભોજપત્ર કે તાડપત્ર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે પર લેખન સામગ્રી દ્વારા રેખાંકિત કર્યું હશે અને તે પરંપરાએ આપણી પાસે આવ્યું છે.

વસ્તુતઃ યંત્ર એ એક પ્રકારનું વિવિધ ભૌમિતિક આકૃતિઓનું સંયોજન છે. જે રીતે જુદા જુદા વ્યંજનો અને સ્વરોના સંયોજન દ્વારા મંત્ર બને છે તે જ રીતે વિવિધ પ્રકારની ભૌમિતિક આકૃતિઓના સંયોજન દ્વારા યંત્રો બને છે.

ટૂંકમાં, જેમ મંત્ર જાપ ઇષ્ટફળની સિદ્ધિ કરી આપે છે તેમ યંત્ર પણ ઇષ્ટફળની સિદ્ધિ કરી શકે છે કારણ કે તે પણ મંત્રનું જ સ્વરૂપ છે. આ છે ધ્વનિની અદ્‌ભુત શક્તિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 8

# મંત્રજાપના પ્રકાર અને તેનું વૈજ્ઞાનિક મહત્ત્વ

पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ।
जपकोटिसमं ध्यानं ध्यानकोटिसमो लयः ।।

વીતરાગ પરમાત્મા કે અન્ય કોઈપણ દેવ-દેવી વગેરેની કરોડવાર પૂજા કરવા બરાબર તેઓની એકવારનો સ્તુતિપાઠ-સ્તોત્રપાઠ હોય છે. કરોડવારની સ્તુતિ બરાબર એકવારનો જાપ હોય છે. કરોડવારના જાપ બરાબર એકવારનું ધ્યાન હોય છે અને કરોડવારના ધ્યાન બરાબર એકવારનો લય હોય છે કારણ કે લયમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાન ત્રણેની એકરૂપતા હોય છે.

અહીં સામાન્ય રીતે પૂજા કહેતાં પરમાત્મા અથવા ઈષ્ટ દેવ-દેવીની પ્રતિમાની શ્રેષ્ઠ દ્રવ્યો વડે કરાતી અર્ચા લેવી. તે જુદા જુદા પ્રકાર વડે - અષ્ટપ્રકારી, પંચપ્રકારી, એકોપચારી, એકવીશપ્રકારી કે બહુવિધપ્રકારી જોવા મળે છે. આ પૂજામાં પૂજનનાં દ્રવ્યોની મુખ્યતા હોય છે. અને તેમાં પ્રાયઃ કાયાનો વ્યાપાર જ મુખ્ય હોય છે અને એવી કરોડવારની પૂજા બરાબર એક વખતનો સ્તોત્રપાઠ છે. બાકી દેવાધિદેવની પૂજા કરતી વખતે જો મન-વચન-કાયાની એકાગ્રતા આવી જાય અને મન શુભ અધ્યવસાયની શ્રેણિએ ચડી જાય તો, નાગકેતુની માફક ફૂલપૂજા કરતાં કરતાં પણ કૈવલ્યપ્રાપ્તિ થઈ શકે છે. તેવી જ રીતે સ્તુતિપાઠમાં સામાન્ય રીતે વચન અને કાયાનો વ્યાપાર જ મુખ્ય હોય છે અને મનનો વ્યાપાર ગૌણ હોય છે અને એવા કરોડ વખતના સ્તોત્રપાઠ બરાબર એક વખતનો જાપ ગણાય છે. જાપમાં સામાન્ય રીતે મનની જ મુખ્યતા હોય છે, ત્યાં વચન અને કાયાનો વ્યાપાર પ્રાયઃ હોતો નથી અને मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ઉક્તિ અનુસાર મન જ્યારે અશુભ કાર્યમાંથી નિવૃત્ત થઈ, શુભ કાર્ય જાપ વગેરેમાં પ્રવૃત્ત થાય છે ત્યારે અશુભ કર્મના આસ્રવનો સંવર થઈ જાય છે અને શુભકર્મબંધ થાય છે અને તેમાં આગળ વધતાં જાપ કરનાર ધ્યાનસ્થ થઈ જાય છે અને તેથી કરોડ વખતના જાપ બરાબર એક વખતનું ધ્યાન છે. એ ધ્યાનમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાન ત્રણે અલગ અલગ હોય છે. તેમાં મન, વચન અને કાયાની એકાગ્રતા જ મુખ્ય હોય છે. ધ્યાનસ્થ આત્મા જ્યારે ધ્યાતા, ધ્યેય અને ધ્યાન ત્રણેનો અભેદ અનુભવે છે અને પરમાત્મ સ્વરૂપ અથવા આત્મ સ્વરૂપમાં રમણતાનો અનુભવ કરે છે ત્યારે તે લયની અવસ્થાને પ્રાપ્ત કરે છે. આવો લય કરોડ વખતના ધ્યાન બરાબર હોય છે.

ઉપર્યુક્ત શ્લોક પ્રમાણે પૂજા, સ્તુતિ(સ્તોત્ર)પાઠ, જપ, ધ્યાન અને લય ઉત્તરોત્તર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધુ શક્તિશાળી છે. તેમાં જાપના મુખ્ય ત્રણ પ્રકારો છે : 1. ભાષ્ય અથવા વાચિક, 2. ઉપાંશુ અને 3. માનસ.

1. જાપ કરનાર સિવાય અન્ય વ્યક્તિ સાંભળી શકે તે રીતે ઉચ્ચારપૂર્વક જાપ કરવો તે ભાષ્ય અથવા વાચિક જાપ કહેવાય છે.

2. અન્ય વ્યક્તિ સાંભળી ન શકે તે રીતે મનમાં હોઠ ફફડાવીને જાપ કરવો તે ઉપાંશુ જાપ કહેવાય છે.

3. જે જાપમાં હોઠ, જીભ વગેરેના ઉપયોગ વગર મનથી જાપ કરવામાં આવે છે તે જાપને માનસ જાપ કહેવામાં આવે છે.

ધર્મસંગ્રહ નામના ગ્રંથમાં ઉપાધ્યાયજી શ્રી માનવિજયજી ગણિએ કહ્યું છે :

...सशब्दान्मौनवान् शुभः । मौनजान्मानसः श्रेष्ठः, जापः श्लाघ्यः परः परः ।।

સશબ્દ (ભાષ્ય) જાપ કરતાં મૌન (ઉપાંશુ) જાપ શુભ છે અને મૌન (ઉપાંશુ) જાપ કરતાં માનસ જાપ શ્રેષ્ઠ છે. આ ત્રણે જાપ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.

શ્રી પાદલિપ્તસૂરિકૃત પ્રતિષ્ઠાપદ્ધતિ(કલ્પ)માં કહ્યું છે કે જાપના માનસ, ઉપાંશુ અને ભાષ્ય એ ત્રણ પ્રકારો છે. જેમાં અન્તર્જલ્પ પણ ન હોય, કેવળ મનથી થતો જાપ, જેણે પોતે જ જાણી શકે તે માનસ જાપ. જેમાં અન્તર્જલ્પ હોવા છતાં બીજા ન સાંભળી શકે તે ઉપાંશુ જાપ અને બીજા સાંભળી શકે તે ભાષ્ય જાપ. પહેલો માનસ જાપ કષ્ટસાધ્ય છે અને તેનાથી શાન્તિકાર્યો કરાય છે માટે તે ઉત્તમ છે. બીજો ઉપાંશુ જાપ સામાન્ય અને પૌષ્ટિક કાર્યો માટે કરાતો હોવાથી મધ્યમ છે અને ત્રીજો ભાષ્ય જાપ સુકર અને બીજાઓના પરાભવ (વશીકરણ) વગેરે દુષ્ટકાર્યો માટે કરાતો હોવાથી અધમ કહ્યો છે.

આધુનિક ભૌતિકશાસ્ત્રમાં ડી. બ્રોગ્લી નામના વિજ્ઞાનીએ દ્રવ્ય-કણ તરંગવાદ દ્વારા જણાવ્યું છે કે કોઈપણ સૂક્ષ્મ કણો તરંગ સ્વરૂપે વર્તે છે અને તે કણોને લગતા તરંગની તરંગલંબાઈ માટેનું એક સૂત્ર તેને આપ્યું છે.

$$\lambda = \frac{h}{mv}$$

જ્યાં $\lambda$ તરંગલંબાઈ, $h$ પ્લાંકનો અચળાંક, $m$ કણનું દ્રવ્યમાન અને $v$ કણનો વેગ છે. આ જ સૂત્રમાં $mv = p$ લેતાં $\lambda = h/p$ થાય છે. જ્યાં $p$ વેગમાન છે અને એ દ્રવ્ય-કણની શક્તિ માટેનું સૂત્ર છે. $E=nhf$, જ્યાં $E$ શક્તિ છે, $h$ પ્લાંકનો અચળાંક છે, $f$ આવૃત્તિ(કંપસંખ્યા) (frequency) છે અને $n=1,2,3,4.....$ વગેરે પૂર્ણાંક (integer numbers) છે. એટલે કે કોઈપણ તરંગ સ્વરૂપ દ્રવ્યકણની શક્તિનો આધાર તેની આવૃત્તિ ઉપર છે અને આવૃત્તિ તરંગલંબાઈના વ્યસ્ત પ્રમાણમાં વધે છે અને ઘટે છે. એટલે કે તરંગલંબાઈ વધે તો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવૃત્તિ ઘટે અને તરંગલંબાઈ ઘટે તો આવૃત્તિ વધે. વળી તે તરંગલંબાઈ પણ દ્રવ્યકણના દ્રવ્યમાન (દળ) અને વેગના ગુણાકારના વ્યસ્ત પ્રમાણમાં વધે છે અને ઘટે છે. એટલે કે કોઈપણ સૂક્ષ્મ દ્રવ્યકણનું દ્રવ્યમાન અથવા વેગ અથવા તો તે બંને વધારવામાં આવે તો તેના પ્રમાણમાં તે દ્રવ્યકણની તરંગલંબાઈ ઘટે છે. પરિણામ આવૃત્તિની સંખ્યા વધી જાય છે અને તેથી જ તેની શક્તિ પણ વધી જાય છે. આ જ વાત આપણા ઋષિ-મુનિઓએ દર્શાવેલ જાપના પ્રકારોને લાગુ પાડી શકાય છે.

જૈન ધર્મગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે મુખ્યત્વે વર્ગણાઓના આઠ પ્રકાર છે. વર્ગણા એ જૈનગ્રંથોનો પારિભાષિક શબ્દ છે. વર્ગણા એટલે એકસરખા અથવા સમાન સંખ્યામાં પરમાણુઓને ધારણ કરનાર પરમાણુસમૂહ-એકમોનો પ્રકાર.

પ્રથમ વર્ગણા એટલે સમગ્ર બ્રહ્માંડમાં વિખરાયેલા છૂટા છૂટા એક એક પરમાણુઓ. દ્વિતીય વર્ગણા એટલે બબ્બે પરમાણુઓના સમૂહ રૂપ એકમો. તૃતીય વર્ગણા એટલે ત્રણ ત્રણ પરમાણુઓના સમૂહ રૂપ એકમો. ચતુર્થ વર્ગણા એટલે ચાર ચાર પરમાણુઓના સમૂહ રૂપ એકમો. આ રીતે પરમાણુસમૂહ એકમોના અનંતાનંત પ્રકારો છે. પરંતુ તેમાંથી નીચે જણાવેલ ફક્ત આઠ પ્રકાર જીવો માટે ઉપયોગી છે.

1. ઔદારિક વર્ગણા 2. વૈક્રિય વર્ગણા, 3. આહારક વર્ગણા, 4. તૈજસ્ વર્ગણા, 5. ભાષા વર્ગણા, 6. શ્વાસોચ્છ્વાસ વર્ગણા, 7. મનો વર્ગણા, 8. કાર્મણ વર્ગણા

આ બધી જ વર્ગણાઓના પ્રત્યેક પરમાણુ-એકમમાં અનંત પરમાણુઓ હોય છે છતાં ઔદારિક વર્ગણાના પરમાણુ એકમ કરતાં વૈક્રિય વર્ગણાના પરમાણુ-એકમમાં વધુ પરમાણુઓ હોય છે. તેના કરતાં આહારક વર્ગણાના પરમાણુ-એકમમાં વધુ પરમાણુઓ હોય છે. તે રીતે ઉત્તરોત્તર વર્ગણાના પરમાણુ-એકમમાં પરમાણુઓની સંખ્યા વધુ ને વધુ હોય છે અને તેનો પરિણામ વધુ ને વધુ સૂક્ષ્મ થતો જાય છે. તેથી ભાષા વર્ગણાના પરમાણુ-એકમ કરતાં મનો વર્ગણાના પરમાણુ-એકમમાં વધુ પરમાણુઓ હોય છે.

અહીં ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે જૈન આગમો વિક્રમની પાંચમી-છઠ્ઠી સદીમાં લિપિબદ્ધ કરવામાં આવ્યા ત્યાં સુધી જૈન શ્રમણ પરંપરાના સાધુ-સાધ્વીઓમાં આગમો કંઠસ્થ રાખવાની પરંપરા હતી. જ્યારે આધુનિક ભૌતિકશાસ્ત્રના ક્વૉન્ટમ મિકેનિક્સની શોધ છેક વિક્રમની 20મી સદીના અંતમાં થઈ છે.

આધુનિક ભૌતિકશાસ્ત્ર પ્રમાણે ધ્વનિ-શબ્દ અર્થાત્ ભાષા વર્ગણાના પરમાણુ-એકમોની ઝડપ 330 મીટર/સેકંડ હોય છે. જ્યારે તૈજસ્ વર્ગણાના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાણુ-એકમો એટલે કે વીજ-ચુંબકીય તરંગો (electromagnetic waves), પ્રકાશ અને રેડિયો તથા ટેલિવિઝનનાં મોજાંની ઝડપ 30 કરોડ મીટર/સેકંડ હોય છે. એટલે જ ભાષા વર્ગણાના પરમાણુ-એકમોમાં, તૈજસ્ વર્ગણાના પરમાણુ-એકમો કરતાં ઘણા વધુ પ્રમાણમાં હોવા છતાં તેની શક્તિ ઓછી જણાય છે. જ્યારે મનો વર્ગણાના મન સ્વરૂપે અથવા વિચાર સ્વરૂપે પરિણમેલા પરમાણુ-સમૂહ એકમોમાં સૌથી વધુ પરમાણુઓ હોય છે અને તે પણ ખૂબ જ સૂક્ષ્મ પરિણામી હોય છે, સાથે સાથે આપણે રોજિંદા જીવનમાં અનુભવીએ છીએ તેમ મનની અથવા વિચારોના પુદ્‌ગલની ગતિ પણ ખૂબ જ હોય છે. આથી તેની શક્તિ પણ અનંત હોઈ શકે છે.

આધ્યાત્મિક ઋષિ-મુનિઓએ જણાવેલ જાપના પ્રકારોમાં પ્રથમ વાચિક અથવા ભાષ્ય જાપમાં ભાષા વર્ગણાના પરમાણુ-સમૂહ એકમોનો ઉપયોગ થાય છે અને તેની ઝડપ ખૂબ જ ઓછી હોવાથી તેની આવૃત્તિ (કંપસંખ્યા) ઘણી ઓછી હોય છે. તે કારણે તેની શક્તિ પણ થોડી જ હોય છે. તેથી તે રીતે કરેલ જાપમાં, જે તે મંત્રના અધિષ્ઠાયક દેવ સુધી તેની અસર/સંદેશો પહોંચતાં વાર લાગે છે એટલું જ નહિ પણ તેની તીવ્રતા પણ ખૂબ જ ઓછી હોય છે.

જ્યારે બીજા પ્રકારના ઉપાંશુ જાપમાં પણ ભાષા વર્ગણાના પરમાણુ-સમૂહ એકમોનો ઉપયોગ થાય છે અને તેની ઝડપ પણ 330 મીટર/સેકંડ હોય છે. તેના દ્વારા જાપમાં અશ્રાવ્ય ધ્વનિ તરંગો ઉત્પન્ન થાય છે. સામાન્ય રીતે આપણા કાન 20000ની કંપસંખ્યાવાળા ધ્વનિ તરંગો સાંભળી શકે છે, તેનાથી વધુ આવૃત્તિવાળા ધ્વનિતરંગો આપણા કાન માટે અગ્રાહ્ય બને છે. તેથી ઉપાંશુ જાપમાં પેદા થયેલ ઊંચી કંપસંખ્યાવાળા અશ્રાવ્ય ધ્વનિતરંગોમાં સારી એવી શક્તિ હોય છે તેથી ભાષ્ય જાપ કરતાં ઉપાંશુ જાપને સારો કહ્યો છે.

સૌથી શ્રેષ્ઠ માનસ જાપ છે કારણ કે આ જાપમાં માત્ર મનો વર્ગણાના પરમાણુ-સમૂહ એકમોનો ઉપયોગ થાય છે અને તેમાં પરમાણુઓની સંખ્યા પણ વધુ હોય છે અને તેનો વેગ પણ સૌથી વધુ હોય છે એટલે માનસ જાપ દ્વારા ઉત્પન્ન થયેલ તરંગો સૌથી વધુ કંપસંખ્યાવાળા હોવાથી તેની શક્તિ પણ અચિન્ત્ય હોય છે. આ માનસ જાપના તરંગો, તૈજસ્ વર્ગણાના વીજ-ચુંબકીય તરંગો કરતાં પણ ઘણા વધુ વેગવાળા તથા ઘણા વધુ પ્રમાણમાં પરમાણુઓવાળા હોવાથી તેમાં અનંત શક્તિ રહેલી છે. આથી ત્રણે પ્રકારના જાપમાં માનસ જાપને શ્રેષ્ઠ બતાવ્યો છે અને આ જાપને અજપાજાપ પણ કહેવામાં આવે છે કારણ કે વસ્તુતઃ આ જાપમાં મુખનો ઉપયોગ જ થતો નથી, માત્ર મનનો જ ઉપયોગ થાય છે

આ છે મંત્રજાપની અદ્‌ભુત રહસ્યમય ઉપયોગિતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ભગવાન મહાવીર - ત્રિલોકગુરુ

ध्यानमूलं गुरोर्मूर्त्तिः, पूजामूलं गुरोः पादौ ।

मन्त्रमूलं गुरोर्वाक्यं, मोक्षमूलं गुरोः कृपा ।।

ગુરુની પ્રતિમા અથવા આકૃતિ અર્થાત્ દેહ, એ ધ્યાનનું મૂળ છે. ગુરુનાં ચરણકમળ અર્થાત્ પગલાં પૂજાનું મૂળ છે. ગુરુનું વાક્ય, આદેશ અર્થાત્ શબ્દો, એ મંત્રનું મૂળ છે અથવા શ્રેષ્ઠમંત્ર છે અને એ ત્રણે (ધ્યાન, પૂજા તથા મંત્ર) વડે પ્રાપ્ત ગુરુની કૃપા/આશીર્વાદ મોક્ષનું પરમ કારણ છે.

ભારતીય આધ્યાત્મિક પરંપરામાં ગુરુનું જેટલું મહત્ત્વ છે તેટલું મહત્ત્વ અન્ય કોઈ પણ પાશ્ચાત્ય પરંપરામાં હોવાનું જાણવા મળ્યું નથી. ભારતીય આધ્યાત્મિક પરંપરામાં મુખ્ય ત્રણ તત્ત્વો છે.: દેવ, ગુરુ અને ધર્મ. દેવ અને ગુરુ એક જીવંત વ્યક્તિ સ્વરૂપ છે. જ્યારે ધર્મ એ ગુણ સ્વરૂપ/ભાવાત્મક છે. દેવ અને ગુરુમાં પાયાનો તફાવત એ છે કે દેવ પ્રથમ ગુરુ સ્વરૂપે જ હોય છે. ત્યારબાદ તેઓ દેવ/દેવાધિદેવ પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. એ પરમાત્મ સ્વરૂપ આપણું પરમ ધ્યેય છે. એની તથા ધર્મના ભાવાત્મક સ્વરૂપની ઓળખ આપણને ગુરુ દ્વારા જ થાય છે અને એટલે જ ગુરુ તત્ત્વની મુખ્યતા બતાવતાં કબીરજીએ કહ્યું છે કે :

ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિનકો લાગું પાય,
બલિહારિ ગુરુ આપકી, ગોવિંદ દીયો બતાય.

ગુરુએ હજુ સંપૂર્ણ પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કર્યું નથી પરંતુ પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિના સાચા માર્ગે પ્રયાણ કરી દીધું છે. એ સાચા માર્ગની ઓળખ તથા તેઓનું અનુભવજ્ઞાન દરેક સાધક માટે માર્ગદર્શક બને છે, અને એ માર્ગદર્શક વિના પરમપદની પ્રાપ્તિ કે આત્મસાક્ષાત્કારનો અનુભવ પામવાની જરાય શક્યતા હોતી નથી. માટે જ ભારતીય આધ્યાત્મિક પરંપરામાં ગુરુની આવશ્યકતા નહિ બલકે અતિઆવશ્યકતા બતાવી છે.

એ માટે એક જગ્યાએ કહ્યું છે કે :

ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર,
જે ગુરુઓથી વેગળા, રડવડ્યા સંસાર.

આપણા પ્રાચીન ઋષિ-મુનિઓએ ગુરુનું આટલું બધું મહત્ત્વ અકારણ /



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિષ્કારણ બતાવ્યું નથી. તેઓ ખૂબ જ્ઞાની હતા અને સાથે સાથે અનુભવજ્ઞાન પણ તેઓને હતું. તેઓએ જે કાંઈ પ્રાપ્ત કર્યું હતું, તે માત્ર ગુરુની કૃપા/આશીર્વાદથી જ પ્રાપ્ત કર્યું હતું અને એ સાથે જેઓએ ગુરુઓના/વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા નથી તેઓ મહાસમર્થ અને વિદ્વાન હોવા છતાં સંસારમાં રખડ્યા છે, રડવડ્યા છે, તે તેઓએ પ્રત્યક્ષ અનુભવ્યું છે, જોયું છે, તેથી તેઓએ ગુરુઓનું જે મહત્ત્વ બતાવ્યું છે તે સત્ય છે અને આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ પણ તે યોગ્ય છે.

દરેક જીવંત પ્રાણી, પછી તે સ્થૂળ હોય કે સૂક્ષ્મ તે દરેકમાં એક પ્રકારની શક્તિ હોય છે જેને આધ્યાત્મિક પરિભાષામાં આત્મશક્તિ કહી શકાય. જ્યારે આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં તેને વીજચુંબકીય શક્તિ કહી શકાય. એ સજીવ પદાર્થની વીજચુંબકીય શક્તિની તીવ્રતાનો આધાર આત્માના વિકાસ ઉપર રહેલો છે. જેટલો આત્માનો વિકાસ વધુ તેટલી તેની શક્તિનો આવિર્ભાવ વધુ. અહીં વિકાસ એટલે આધ્યાત્મિક વિકાસ અર્થ લેવો.

'ન્યૂ સાયન્ટિસ્ટ' નામના વિજ્ઞાનના મૅગેઝિનમાં અમુક પ્રયોગોના અહેવાલ પ્રગટ થયા છે, તે મુજબ માનવીમાં પણ આવો મૅગ્નેટિક કંપાસ અર્થાત્ ચુંબકીય હોકાયંત્ર છે અર્થાત્ આપણે પણ આપણી જાણ વગર કોઈપણ ચુંબકીયક્ષેત્રની અસર હેઠળ આવી શકીએ છીએ.

જેઓએ વિજ્ઞાનનો થોડો પણ અભ્યાસ કર્યો હશે તેઓને ખબર હશે કે લોહચુંબકની આસપાસ તેનું પોતાનું એક વીજચુંબકીય ક્ષેત્ર હોય છે અને તે ચુંબકીય રેખાઓ દ્વારા દર્શાવાય છે. જો કે આ ચુંબકીય ક્ષેત્ર અદૃશ્ય હોય છે, છતાં ટેબલ ઉપર મૂકેલા એક મોટા કાગળ ઉપર એક લોહચુંબક મૂકી, તેની આસપાસ લોખંડની ઝીણી ભૂકી ખૂબ આછા પ્રમાણમાં ફેલાવી દો, ત્યારબાદ તે ટેબલને આંગળી વડે થપકારતાં તે લોખંડની ભૂકી આપોઆપ ચુંબકીય ક્ષેત્રમાં ચુંબકીય રેખાઓના સ્વરૂપમાં ગોઠવાઈ જાય છે. આ ચુંબકીય ક્ષેત્રમાં જો લોખંડ આવે તો તેને તે લોહચુંબક આકર્ષે છે. જો તેના ચુંબકીય ક્ષેત્રમાં વારંવાર ફેરફાર કરવામાં આવે તો વીજ પ્રવાહ ઉત્પન્ન થાય છે અને આ વીજ પ્રવાહ ધાતુના તાર વગેરેમાંથી પસાર કરવામાં આવે તો તેમાં ચુંબકીય શક્તિ ઉત્પન્ન થાય છે. આમ વીજ શક્તિ અને ચુંબકીય શક્તિ પરસ્પર સંકળાયેલ છે. બંને શક્તિ ભેગી થઈ વીજચુંબકીય શક્તિ બને છે. તેવા જ પ્રકારની બલકે તેનાથી પણ સૂક્ષ્મ અને વધુ શક્તિશાળી શક્તિ સજીવ પદાર્થમાં હોય છે. સ્થૂળ વીજચુંબકીય શક્તિ અને ક્ષેત્રના નિયમો, જૈવિક ચુંબકીય શક્તિ અને ક્ષેત્રને પણ લાગુ પડે છે. જેમ એક ચુંબકને બીજા ચુંબકના ચુંબકીય ક્ષેત્રમાં લઈ જવામાં આવે તો તેના સમાન ધ્રુવો વચ્ચે અપાકર્ષણ અને અસમાન ધ્રુવો વચ્ચે આકર્ષણ થાય છે. અર્થાત્ એક ચુંબકનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભાવ તેના ક્ષેત્રમાં આવેલ બીજા ચુંબક અથવા વસ્તુ ઉપર પડે છે. તેમ એક જીવના વિચારોનો પ્રભાવ તેની પાસે આવેલ અન્ય જીવ ઉપર પણ પડે છે. દરેક સજીવ પદાર્થની આસપાસ વીજચુંબકીય ક્ષેત્ર હોય છે જેને આભામંડળ કહેવામાં આવે છે અને કિર્લિયન ફોટોગ્રાફીની મદદથી આ આભામંડળની છબી પણ લઈ શકાય છે અને એટલે જ પ્રાચીન ઋષિ-મુનિઓએ કહ્યું છે :

चित्रं वटतरोर्मूले, वृद्धाः शिष्या गुरुर्युवा ।

गुरोस्तु मौनं व्याख्यानं, शिष्यास्तु छिन्नसंशयाः ।।

(આશ્ચર્ય છે કે વડના વૃક્ષ નીચે બેઠેલા યોગી મુનિઓમાં શિષ્યો વૃદ્ધ છે અને ગુરુ યુવાન છે અને એના કરતાં મોટું આશ્ચર્ય તો એ છે કે ગુરુનુ મૌન એજ વ્યાખ્યાન છે અને તેનાથી શિષ્યોનાં સંશય દૂર થાય છે.)

આ રીતે આધ્યાત્મિક રીતે વિકસિત ગુરુઓનાં સાંનિધ્યમાત્રથી શિષ્યોનો આત્મિક વિકાસ થાય છે અને તેઓમાં અચિન્ત્ય શક્તિઓનો પ્રાદુર્ભાવ થાય છે.

ભારતીય આધ્યાત્મિક પરંપરામાં ભિન્ન ભિન્ન સંપ્રદાયોમાં, ભિન્ન ભિન્ન પદ્ધતિએ ગુરુ શિષ્યોને આશીર્વાદ આપે છે. આ આશીર્વાદ પણ એક પ્રકારનો શક્તિપાત જ છે. સામાન્ય રીતે આશીર્વાદ લેનાર શિષ્ય આશીર્વાદ આપનાર ગુરુના પગમાં પડે છે અને તેઓના ચરણકમળ પકડી લે છે અને ત્યારબાદ ગુરુ તેના મસ્તક ઉપર હાથ મૂકે છે અને આશીર્વાદ આપે છે. આ ક્રિયા દરમ્યાન ગુરુના હાથમાંથી નીકળતો વીજપ્રવાહ શિષ્યના મસ્તકમાં થઈ શિષ્યના હાથમાં આવે છે અને તેનો ગુરુના ચરણે સ્પર્શ કરવાથી ગુરુના શરીરમાં પ્રવેશ થાય છે. આમ વીજપ્રવાહનું ચક્ર પૂર્ણ થતાં ગુરુની શક્તિ શિષ્યમાં આવે છે/ આવી શકે છે. અન્ય પરંપરામાં ગુરુ શિષ્યનું મસ્તક સૂંઘે છે ત્યાં પણ આ પ્રમાણે બને છે.

જૈન પરંપરામાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામી જૈનોના ચોવીસમા તીર્થંકર હતા અને તેઓના પ્રથમ શિષ્ય શ્રી ગૌતમસ્વામી હતા. આ બંનેનો ગુરુ-શિષ્ય તરીકેનો સંબંધ પ્રસિદ્ધ છે. જો કે તેઓનું મૂળ નામ ઇન્દ્રભૂતિ છે અને ગૌતમ તેઓનું ગોત્ર છે. આમ છતાં અત્યારે જેમ મોટા માણસો અટકથી ઓળખાય છે તેમ પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ ગોત્રના નામથી ઓળખાતા હતા. તેથી જૈન પરંપરામાં તેઓ ગણધર શ્રીગૌતમસ્વામીજી તરીકે ઓળખાતા હતા અને અત્યારે પણ એ જ નામથી તેઓની આરાધના કરવામાં આવે છે. જૈન ધર્મગ્રંથ કલ્પસૂત્રમાં જણાવ્યા પ્રમાણે, ભગવાન મહાવીરસ્વામીની ઉંમર 42 વર્ષ હતી અને ઇન્દ્રભૂતિ ગૌતમની ઉંમર 50 વર્ષ હતી ત્યારે બંનેનો મેળાપ થયો હતો. તે પહેલાં તેઓ 14 વિદ્યાના પારગામી એવા બ્રાહ્મણ પંડિત હતા અને તે યજ્ઞ-યાગાદિ કરાવતા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓને 500 બ્રાહ્મણ શિષ્યોનો પરિવાર હતો. જ્યાં સુધી ઇન્દ્રભૂતિ ગૌતમે ભગવાન મહાવીરસ્વામીને જોયા ન હતા અને તેઓના આધ્યાત્મિક વીજચુંબકીય ક્ષેત્રમાં પ્રવેશ્યા નહોતા ત્યાં સુધી તેઓ ભગવાન મહાવીરને પણ વાદ-વિવાદમાં જીતી, પોતાની વિજય પતાકા સમગ્ર વિશ્વમાં લહેરાવવાની ખ્વાહિશ ધરાવતા હતા. પરંતુ જ્યાં ભગવાન મહાવીરસ્વામી બિરાજતા હતા, એ સમવસરણની નજીક આવતાં જ, દર્શન થતાં જ, ભગવાન મહાવીરને જીતવાના તેમના અરમાનોના ચૂરેચૂરા થઈ જાય છે, અને પોતે જ ભગવાન મહાવીરના ધ્યાનમાં ખોવાઈ જાય છે અને આ રીતે ધ્યાનમૂલં ગુરોઃ મૂર્ત્તિઃ પદ યથાર્થ બને છે.

કહેવાય છે કે તીર્થંકર પરમાત્મા જ્યારે ધર્મોપદેશ આપતા હોય છે, ત્યારે બાર બાર યોજન દૂરથી મનુષ્યો અને પશુ-પક્ષીઓ તેમનો ઉપદેશ સાંભળવા માટે આવે છે. અર્થાત્ તેઓનું વીજચુંબકીય ક્ષેત્ર બાર બાર યોજન સુધી વિસ્તરેલું હોય છે.

આજના યુગમાં શારીરિક રોગોને દૂર કરવા જેમ એક્યુપંક્ચર, એક્યુપ્રેશર, રંગચિકિત્સા પદ્ધતિનો ઉપયોગ થાય છે તેમ ચુંબકીય પદ્ધતિનો પણ ઉપયોગ થાય છે. આ જ વાત ત્રિલોક ગુરુ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીની કેવળી અવસ્થાના વર્ણન ઉપરથી ફલિત થાય છે. તેઓનું જૈવિક વીજ ચુંબકીય ક્ષેત્ર એટલું પ્રભાવશાળી હતું કે તેઓ જ્યાં જ્યાં વિહાર કરતા તે તે ક્ષેત્રમાં વિહાર દરમ્યાન લોકોના રોગ દૂર થઈ જતા અને વિહાર પછી છ-છ મહિના સુધી કોઈ રોગ થતા નહોતા. કોઈને પરસ્પર વૈરભાવ રહેતો નહોતો અને તેઓના પ્રભાવથી અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ સ્વરૂપ દુષ્કાળ પણ પડતો નહોતો. જાણે કે તેઓએ આ બધા ઉપર હિપ્નોટિઝમ (મેસ્મેરિઝમ) ન કર્યું હોય !

વસ્તુતઃ તીર્થંકરોના જીવનના આ બધા અતિશયો (વિશેષ પરિસ્થિતિઓ) કોઈ ચમત્કાર નહોતા, પરંતુ તેઓના આત્મા ઉપરથી કર્મનાં આવરણ દૂર થવાથી પ્રાદુર્ભાવ પામેલી આત્મશક્તિના વીજચુંબકીય ક્ષેત્રનો જ પ્રભાવ હતો, એમ નજીકના ભવિષ્યમાં પશ્ચિમના વિજ્ઞાનીઓ સિદ્ધ કરે તો નવાઈ પામવા જેવું નથી. ઇન્દ્રભૂતિ ગૌતમને ભગવાન મહાવીરસ્વામી પાસેથી, આત્માના અસ્તિત્વ વિશેની પોતાની અમૂર્ત/અરૂપી શંકાનો જવાબ મળતાં તેઓ ભગવાન મહાવીરસ્વામીને પોતાના ગુરુ તરીકે સ્વીકારી. પોતાનું જીવન ગુરુ ચરણે સમર્પિત કરી ધ્યાનમૂલં ગુરોઃ પાદૌ પદને ચરિતાર્થ કરી બતાવ્યું અને જ્યારે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી, શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ વગેરે અગિયારે ગણધરોને પ્રવ્રજ્યા (દીક્ષા) આપે છે ત્યારે ભગવાન પોતે સુગંધી ચૂર્ણ (વાસક્ષેપ) ઇન્દ્ર મહારાજાએ ધરી રાખેલા સુવર્ણથાળમાંથી લઈને અગિયારે ગણધરોના મસ્તક ઉપર નાખી આશીર્વાદ આપે છે અને એ આશીર્વાદ દ્વારા પોતાના કેવળજ્ઞાનરૂપી પ્રકાશનો અંશ શિષ્યોમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રગટાવે છે. તેનાથી શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીએ કહેલાં માત્ર ત્રણ વાક્યો (1) ઉપ્પન્ને ઇ વા (2) વિગમે ઇ વા (3) ધુવે ઇ વા (જેને જૈન પરિભાષામાં ત્રિપદી કહેવામાં આવે છે)ના આધારે સંપૂર્ણ દ્વાદશાંગી (બાર અંગ) અને ચૌદ પૂર્વ જેવા મહાન ધર્મગ્રંથોની રચના કરે છે. આમ ગુરુના શબ્દ સ્વરૂપ ત્રિપદી, મંત્રસ્વરૂપ બને છે અને એ રીતે मंत्रमूलं गुरोर्वाक्यं પદ ચરિતાર્થ થાય છે.

દીક્ષા પછી લગભગ 30 વર્ષ સુધી ગણધર શ્રી ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીની સેવા-શુશ્રૂષા ભક્તિ-વૈયાવચ્ચ કરી અને તેના પ્રભાવે શ્રી ગૌતમસ્વામીજીમાં વિશિષ્ટ લબ્ધિઓ / શક્તિઓ ઉત્પન્ન થાય છે. જેના કારણે તેઓના નામની આગળ 'અનન્તલબ્ધિનિધાન' એવું સાર્થક વિશેષણ મૂકવામાં આવે છે. આમ છતાં તેઓને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, તેનું કારણ ફક્ત તેઓનાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામી તરફનો અનુરાગ હતો. એ દૂર કરવા શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી પોતાના નિર્વાણ કાળની રાત્રિએ શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમને પાસેના ગામમાં રહેલ દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ કરવા મોકલે છે. તે બ્રાહ્મણને પ્રતિબોધ કરીને પાછા વળતાં રસ્તામાં શ્રી ગૌતમસ્વામી, ભગવાન શ્રી મહાવીરસ્વામીના નિર્વાણના સમાચારથી આકુળ વ્યાકુળ થાય છે અને એ ગુરુની વિરહવેદનામાંથી વૈરાગ્ય પ્રગટે છે અને ખુદ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી પ્રત્યેના રાગનું બંધન તૂટી જતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ રીતે मोक्षमूलं गुरोः कृपा પદ પણ શ્રી ગૌતમસ્વામીના જીવનમાં ચરિતાર્થ થાય છે.

આ રીતે શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી ખરેખર ત્રિલોક-ગુરુ, ત્રિજગ-ગુરુ હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 10

# બ્રહ્મચર્ય : વૈજ્ઞાનિક વિશ્લેષણ

આજે સમગ્ર વિશ્વમાં, અનાચારથી ફેલાતો એઈડ્ઝ રોગ ફેલાઈ ચૂક્યો છે ત્યારે એ રોગથી બચવા માટે એક માત્ર ઉપાય તરીકે પરણિત ગૃહસ્થ માટે સ્વદારાસંતોષવિરમણ વ્રત અર્થાત્ એકપત્નીત્વ તથા અન્ય વ્યક્તિ માટે બ્રહ્મચર્યનું પાલન છે. વળી આજનો સમાજ વિજ્ઞાનની સિદ્ધિઓથી એટલો બધો અંજાઈ ગયો છે કે કોઈપણ બાબતમાં વિજ્ઞાનના નિષ્કર્ષને તે અંતિમ સત્ય માનીને ચાલે છે. પરંતુ દરેક ક્ષેત્રના વિજ્ઞાનીઓ પોતે કબૂલ કરે છે કે અમે પ્રકૃતિનાં ઘણાં બધાં રહસ્યો ખુલ્લાં કર્યાં છે પરંતુ એના કરતાં કંઈકગણાં રહસ્યો ઉદ્‌ઘાટિત કરવાનાં બાકી છે. એટલે વિજ્ઞાનના ક્ષેત્રમાં કોઈપણ સંશોધનને અંતિમ સત્ય કે નિરપેક્ષ સત્ય તરીકે સ્વીકારવું જોઈએ નહિ.

સામાન્ય રીતે મનુષ્યનો અને પ્રાણી માત્રનો સ્વભાવ છે કે પોતાને જે અનુકૂળ હોય તેનો સ્વીકાર તે ઝડપથી કરી લે છે. પ્રાણીમાત્રમાં આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞા અર્થાત્ ભાવ અનાદિ કાળથી એટલા પ્રબળ છે કે આ ચાર ભાવને અનુકૂળ કોઈપણ વિચારને તે તરત જ સ્વીકારી લે છે અને તેથી જ બ્રહ્મચર્યના મહત્ત્વ અંગેનાં સંશોધનો જેટલાં ઝડપથી અમલી બનતાં નથી તેનાથી ઘણી વધુ ઝડપે કહેવાતા સૅક્સોલૉજીસ્ટોનાં કહેવાતાં સંશોધનો તથા ફ્રોઈડ જેવા માનસશાસ્ત્રીઓનાં સંશોધનો અમલી બને છે. અલબત્ત, આ સંશોધનો સાવ વજૂદ વગરનાં કે પાયા વગરનાં નથી. છતાં, તે ફક્ત સિક્કાની એક બાજુ છે. બ્રહ્મચર્ય અંગે ફ્રોઈડની અંગત માન્યતા પ્રમાણે વીર્ય એ તો મહાન શક્તિ છે. એ શક્તિને કોઈ સારા માર્ગે વાળવી જોઈએ. બ્રહ્મચર્યનું પાલન કરી માનસિક / બૌદ્ધિક બળ વધારવું જોઈએ. એટલે સિક્કાની બીજી બાજુનો પણ વિચાર કરવો જોઈએ.

આ અંગે રેયમન્ડ બર્નાર્ડનું 'Science of Regeneration' પુસ્તક જોવા જેવું છે. તેમાં તે કહે છે કે મનુષ્યની જાતિયવૃત્તિઓનું સંપૂર્ણ સંચાલન અંતઃસ્રાવિ ગ્રંથિઓ દ્વારા થાય છે. આ અંતઃસ્રાવિ ગ્રંથિઓને અંગ્રેજીમાં ઍન્ડોક્રાઈનગ્લૅન્ડ્ઝ કહે છે. આ અંતઃસ્રાવિ ગ્રંથિઓ જાતિય રસો ઉત્પન્ન કરે છે, અને તેનું અન્ય ગ્રંથિઓ ઉપર પણ પ્રભુત્વ હોય છે. આપણા લોહીમાં રહેલા જાતિય રસોની પ્રચુરતાના આધારે આપણું યૌવન ટકી રહે છે. જે દિવસથી અંતઃસ્રાવિ ગ્રંથિઓ જાતિય રસો ઉત્પન્ન કરવાનું ઓછું કરે છે, તે દિવસથી આપણને વૃદ્ધત્વ અને અશક્તિનો અનુભવ થવા લાગે છે. બ્રહ્મચર્યનું શારીરિક, માનસિક અને વાચિક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ ત્રણે પ્રકારમાંથી કોઈપણ પ્રકારે પાલન નહિ કરવાથી, પુરુષ અને સ્ત્રી, બંન્નેના શરીરમાંથી સેક્સ હૉરમોન્સ બહાર વહી જાય છે. આ સેક્સ હૉરમોન્સ મોટે ભાગે લેસીથીન, ફોસ્ફરસ, નાઈટ્રોજન અને આયોડીન જેવાં જીવન જરૂરી તત્ત્વોનાં બનેલાં છે. છેલ્લાં સંશોધનોએ એમ બતાવ્યું છે કે લેસીથીન નામનું તત્ત્વ મગજનો પૌષ્ટિક ખોરાક છે. ગાંડા મનુષ્યોના લોહીમાં લેસીથીન લગભગ નહિવત્ માત્રામાં જોવા મળ્યું છે. તેઓના પૂર્વ જીવનનો અભ્યાસ કરતાં એવું જાણવા મળ્યું છે કે મોટા ભાગના દર્દીઓ પોતાની યુવાનીમાં ઘણા મોટા પ્રમાણમાં અનાચારના રવાડે ચડી ગયેલા હતા.

તો, શું આજના ભોગવિલાસથી ભરપૂર જમાનામાં મન, વચન અને કાયાથી સંપૂર્ણ રીતે બ્રહ્મચર્ય પાળવું શક્ય છે ખરું ? આનો જવાબ મોટા ભાગના 'ના' માં આપશે, પરંતુ મારી દૃષ્ટિએ પ્રાચીન મહર્ષિઓએ બતાવેલી બ્રહ્મચર્યની નવ વાડો (મર્યાદાઓ)નું જો યથાર્થ સ્વરૂપે ચુસ્ત રીતે પાલન કરવામાં આવે તો બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન સરળ અને સ્વાભાવિક બની જાય છે. જૈન શાસ્ત્રોમાં દર્શાવ્યા પ્રમાણે તે બ્રહ્મચર્યની નવ વાડો નીચે પ્રમાણે છે.

1. સ્ત્રી (પુરુષ), પશુ અને નપુંસકથી રહિત આવાસમાં રહેવું.

2. એકલી સ્ત્રીને / સ્ત્રીઓને એકલા પુરુષે ધર્મકથા પણ કહેવી નહિ અને પુરુષે સ્ત્રી સંબંધી અને સ્ત્રીએ પુરુષ સંબંધી વાતોનો ત્યાગ કરવો.

3. સ્ત્રીની સાથે પુરુષે એક આસન ઉપર બેસવું નહિ અને સ્ત્રીએ વાપરેલ આસન ઉપર પુરુષે બે ઘડી / 48 મિનિટ સુધી તથા પુરુષના આસન પર સ્ત્રીએ એક પ્રહર / ત્રણ કલાક સુધી બેસવું નહિ.

4. સ્ત્રીએ પુરુષનાં અને પુરુષે સ્ત્રીનાં નેત્ર, મુખ વગેરે અંગો સ્થિર દૃષ્ટિથી જોવાં નહિ.

5. જ્યાં ભીંત વગેરે આંતરે રહેલ સ્ત્રી-પુરુષની કામ-ક્રીડાનાં શબ્દો સંભળાય તેવા 'કુડ્યન્તર'નો ત્યાગ કરવો.

6. પૂર્વે ગૃહસ્થાવાસમાં કરેલ કામક્રીડાના સ્મરણનો ત્યાગ કરવો.

7. પ્રણીત આહાર અર્થાત્ અતિસ્નિગ્ધ, પૌષ્ટિક, તામસિક, વિકારક આહારનો ત્યાગ કરવો.

8. રુક્ષ અર્થાત્ લુખ્ખો, સુક્કો આહાર પણ વધુ પ્રમાણમાં ન કરવો.

9. કેશ, રોમ, નખ સમારવાં નહિ. સ્નાન, વિલેપનનો ત્યાગ કરવો. શરીરને શણગારવું નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ બ્રહ્મચર્યનું ઘણું મહત્ત્વ છે. તે સંપ્રદાયના શ્રી નિષ્કુળાનંદજીએ ઉપર્યુક્ત બ્રહ્મચર્યની નવ વાડ ઉપર એક કાવ્ય / પદ બનાવ્યું છે અને તેમાં તેનો મહિમા બતાવ્યો છે.

ઉપર બતાવેલી બ્રહ્મચર્યની નવ વાડ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે. તેનું વૈજ્ઞાનિક વિશ્લેષણ નીચે પ્રમાણે આપી શકાય.

બ્રહ્મચર્યની પ્રથમ વાડ અનુસાર સાધુએ સ્ત્રી, નપુંસક અને પશુ-પક્ષીથી રહિત આવાસમાં રહેવું. દરેક જીવમાં સૂક્ષ્મ પ્રમાણમાં વીજશક્તિ છે. દા.ત. સમુદ્રમાં ઇલેક્ટ્રિક ઇલ નામની માછલી હોય છે. તેના ઇલેક્ટ્રિક કરન્ટનો આપણને અનુભવ પણ થાય છે. જ્યાં વીજશક્તિ હોય ત્યાં ચુંબકીયશક્તિ પણ હોય જ. આમ આપણા સૌમાં જૈવિક વીજચુંબકીય શક્તિ છે. તેથી સૌને પોતાનું વીજચુંબકીય ક્ષેત્ર પણ હોય જ. ચુંબકના નિયમ પ્રમાણે પાસપાસે આવેલા બે ચુંબકનાં સમાન ધ્રુવો વચ્ચે અપાકર્ષણ અને અસમાન ધ્રુવો વચ્ચે આકર્ષણ થાય છે. સ્ત્રી અને પુરુષ પાસપાસે આવતાં તેમના ધ્રુવો પરસ્પર ઉલ્ટા હોવાના કારણે આકર્ષણ પેદા થાય છે. તેથી બ્રહ્મચર્યનું પાલન કરનારે સ્ત્રી, નપુંસક અને પશુ-પક્ષીથી રહિત સ્થાનમાં રહેવું જોઈએ.

બ્રહ્મચર્યની બીજી વાડ પ્રમાણે એકલા પુરુષે એકલી સ્ત્રીઓને ધર્મકથા પણ કહેવી નહિ તથા પુરુષે સ્ત્રી સંબંધી અને સ્ત્રીએ પુરુષ સંબંધી વાતોનો ત્યાગ કરવો. એકલો પુરુષ એકલી સ્ત્રી સાથે વાત કરે ત્યારે બન્નેને એકબીજાની સામું જોવું જ પડે છે અને ઉપર જણાવ્યું તેમ સ્ત્રી-પુરુષમાં ચુંબકીય ધ્રુવો પરસ્પર ઉલટા હોવાના કારણે પરસ્પર સામે જોવાથી બંનેના ધ્રુવોમાંથી નીકળતી ચુંબકીય રેખાઓ સળંગ થઈ જવાથી બંનેનું ચુંબકીય ક્ષેત્ર એક થઈ જાય છે અને જૈવિક ચુંબકીય આકર્ષણ વધી જાય છે અને વીજપ્રવાહનું ચક્ર પુરું થઈ જાય તો બંને વચ્ચે તીવ્ર આકર્ષણ પેદા થાય છે. પરિણામે સંયમી પુરુષનું પતન થાય છે.

બ્રહ્મચર્યની ચોથી વાડ પ્રમાણે સ્ત્રીએ પુરુષનાં અને પુરષે સ્ત્રીનાં નેત્ર, મુખ વગેરે અંગોને સ્થિર દૃષ્ટિથી જોવાં નહિ તેનું પણ આજ કારણ છે.

બ્રહ્મચર્યની ત્રીજી વાડ પ્રમાણે સ્ત્રી-પુરુષે એક આસન ઉપર ન બેસવું તેમજ જે સ્થાને સ્ત્રી બેઠી હોય તે સ્થાને બ્રહ્મચારી પુરુષે 48 મિનિટ સુધી તથા જે સ્થાને પુરુષ બેઠો હોય તે સ્થાને સ્ત્રીએ 3 કલાક સુધી ન બેસવું.

કોઈપણ મનુષ્ય એક સ્થાને બેસે છે ત્યારે તેના શરીરની આસપાસ તે મનુષ્યના માનસિક વિચારો પ્રમાણે સારું કે ખરાબ એક વાતાવરણ બને છે. આ સિવાય જે તે સ્થાને બેસેલ સ્ત્રી કે પુરુષના શરીરમાંથી સૂક્ષ્મ પુદ્ગલ-પરમાણુઓ ઉત્સર્જિત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે. આ પરમાણુઓની કાંઈ ખરાબ અસર આપણા ચિત્ત ઉપર ન થાય તે માટે જ આ નિયમનો બ્રહ્મચર્યની નવ વાડમાં સમાવેશ કર્યો છે.

બ્રહ્મચર્યની પાંચમી વાડમાં કુડ્યન્તરનો ત્યાગ કરવાનો છે અને છઠ્ઠી વાડમાં પૂર્વે ગૃહસ્થાવાસમાં કરેલ કામક્રીડાના સ્મરણનો ત્યાગ કરવાનો છે. ઉપર્યુક્ત બંને પ્રકારનાં કાર્યથી મનુષ્યનું જૈવિક વીજચુંબકીય ક્ષેત્ર વિકૃત બને છે. વસ્તુતઃ આપણાં શુભ કે અશુભ વિચારો જ આપણા જૈવિકચુંબકીય ક્ષેત્રને સારું કે ખરાબ કરે છે. આ જૈવિકવીજચુંબકીય ક્ષેત્રને આભામંડળ પણ કહેવાય છે. તેની વિશિષ્ટતા એ છે કે તેને મનુષ્ય ધારે તે દિશામાં ધારે તેટલે દૂર સુધી ફેલાવી શકે છે. એટલે કોઈપણ વિજાતિય પાત્ર અંગેનો અશુભ વાસનાયુક્ત વિચાર પણ તે બંને વચ્ચે પરસ્પર માનસિક આકર્ષણ પેદા કરે છે. બંને વચ્ચે માનસિક સંયોગ થતાં વીજપ્રવાહનું ચક્ર પૂર્ણ થતાં જ અજાણતાં અજ્ઞાત રીતે અદૃશ્ય અનાચારનુ સેવન થઈ બ્રહ્મચર્ય વ્રતનું માનસિક ખંડન થઈ જાય છે.

સ્ત્રી-પુરુષનાં પરસ્પર વિરુદ્ધ ધ્રુવોનું જોડાણ પાંચ પ્રકારે થઈ શકે છે : 1. સાક્ષાત્ મૈથુન દ્વારા, 2. માત્ર સ્પર્શ દ્વારા, 3. રૂપ અર્થાત્ ચક્ષુ દ્વારા, 4. શબ્દ એટલે કે વચન-વાણી દ્વારા, અને 5. મન દ્વારા. માટે જ બ્રહ્મચર્યનું સંપૂર્ણ નૈષ્ઠિક પાલન કરનાર વ્યક્તિને શાસ્ત્રકારોએ વિરુદ્ધ જાતિનો સહેજ પણ સ્પર્શ કરવાની કે તેની સામે સ્થિર દૃષ્ટિથી જોવાની, તેની સાથે ઘણા સમય સુધી વાર્તાલાપ કરવાની કે મન દ્વારા તેનો વિચાર કરવાની પણ મનાઈ ફરમાવી છે.

તત્ત્વાર્થ સૂત્ર નામના જૈનગ્રંથના ચોથા અધ્યાયમાં આવેલ દેવોના વૈષયિક સુખની વાત ઉપર્યુક્ત હકીકતની સાક્ષી પૂરે છે. તત્ત્વાર્થ સૂત્રકાર શ્રી ઉમાસ્વાતિજી કહે છે કે ઈશાન દેવલોક સુધીના દેવો સાક્ષાત્ મૈથુન દ્વારા, તેના કરતાં ઉચ્ચ કક્ષાના દેવો અનુક્રમે માત્ર સ્પર્શ દ્વારા, માત્ર ચક્ષુ દ્વારા, માત્ર વચન દ્વારા અને માત્ર મન દ્વારા પોતાની વાસના સંતોષે છે.

બ્રહ્મચર્યના પાલન માટે અતિસ્નિગ્ધ, પૌષ્ટિક કે તામસિક આહારનો ત્યાગ કરવો જોઈએ. સામાન્ય રીતે સાધુએ દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ, પકવાન્ન, મિઠાઈ વાપરવાના હોતા નથી કારણ કે આ છયે જાતના પદાર્થો શરીરમાં વિકાર પેદા કરવા સમર્થ છે પરંતુ જે સાધુ સાધના, અભ્યાસ, અધ્યાપન વગેરે કરતા હોય કે શારીરિક રીતે અશક્ત હોય તો તે આ છયેમાંથી કોઈપણ પદાર્થ ગુરુની આજ્ઞા પ્રમાણે લઈ શકે છે. જો શરીરને જરૂરી શક્તિ કરતાં વધુ શક્તિ મળે તો પણ વિકાર પેદા કરે છે. તેથી બ્રહ્મચર્યના પાલન માટે અતિસ્નિગ્ધ, પૌષ્ટિક કે તામસિક આહારનો ત્યાગ કરવો જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જ રીતે લુખ્ખો સુકો આહાર પણ વધુ પ્રમાણમાં લેવામાં આવે તો પણ શરીરમાં જડતા અને વિકાર પેદા કરે છે માટે તેવો રુક્ષ આહાર પણ મર્યાદિત પ્રમાણમાં લેવો.

કેશ, રોમ, નખ સમારવા અને સ્નાન, વિલેપન કરવાનું પણ બ્રહ્મચારી માટે નિષિદ્ધ છે કારણ કે બ્રહ્મચારીઓનું વ્યક્તિત્વ જ તેજસ્વી, ઓજસ્વી હોય છે માટે તેઓને સ્નાન, વિલેપનની જરૂર નથી. જો તેઓ સ્નાન, વિલેપન કરે તો વધુ દેદીપ્યમાન બને અને અન્ય વ્યક્તિ માટે આકર્ષણનું કેન્દ્ર બને. પરિણામે ક્યારેક અશુભ વિચાર દ્વારા વિજાતિય વ્યક્તિનું ચુંબકીય ક્ષેત્ર મલિન બને અને એ વ્યક્તિના સંપર્કમાં આવનાર સાધુનું મન પણ મલિન બનતાં વાર લાગતી નથી માટે સાધુએ શરીરને શણગારવું નહિ કે સ્નાન, વિલેપન પણ કરવાં નહિ.

આ નવ પ્રકારના નિયમોનું જેઓ ચુસ્તપણે પાલન કરે છે તેમના માટે શારીરિક અને માનસિક બંને પ્રકારે બ્રહ્મચર્યનું પાલન આજના કાળમાં પણ શક્ય છે, અને તેના પાલનથી અનેક પ્રકારની લબ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

વળી નૈષ્ઠિક બ્રહ્મચર્યવાળા મહાપુરુષોનાં સાંનિધ્યમાં અને તેમના સ્મરણથી પણ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. અમારા સૌના પરમ ઉપકારી ગુરુદેવ શાસનસમ્રાટ આચાર્ય શ્રીવિજયનેમિસૂરિજી મહારાજ પણ આવા નૈષ્ઠિક બ્રહ્મચર્યના તેજપૂંજ હતા. તેમના નામ સ્મરણથી પણ અમારામાં નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાનું સામર્થ્ય ઉત્પન્ન થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 11

## ભગવાન મહાવીરસ્વામીનું તપ અને તેનું વૈજ્ઞાનિક રહસ્ય

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ દીક્ષા લીધા પછી બાર વર્ષ, છ મહિના અને પંદર દિવસ સુધી વિવિધ પ્રકારનું તપ કર્યું.. તે આ પ્રમાણે : સળંગ છ મહિનાના પાણી વગરના ઉપવાસ એક વખત, પાંચ દિવસ ઓછા છ મહિનાના ઉપવાસ એક વખત, નવ વખત ચાર-ચાર મહિનાના ઉપવાસ, બે વખત ત્રણ ત્રણ મહિનાના ઉપવાસ, બે વખત અઢી અઢી મહિનાના ઉપવાસ, છ વખત બબ્બે મહિનાના ઉપવાસ, બે વખત 45-45 દિવસના ઉપવાસ, બાર વખત એક એક મહિનાના ઉપવાસ, બોંતેર વખત પંદર પંદર દિવસના ઉપવાસ, 12 અઠ્ઠમ (ત્રણ દિવસના ઉપવાસ), 229 છઠ્ઠ (બે દિવસના ઉપવાસ), 10 દિવસના ઉપવાસની સર્વતોભદ્રપ્રતિમા, 4 દિવસના ઉપવાસની મહાભદ્રપ્રતિમા, 2 દિવસના ઉપવાસની ભદ્રપ્રતિમા અને એક દિવસનો ઉપવાસ દીક્ષાના દિવસે.

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના જીવનમાંથી પ્રેરણા લઈને આજના યુગમાં પણ ઘણા જૈનો આવા વિવિધ પ્રકારના તપ કરે છે. આ પ્રકારનું તપ કરવા પાછળનો મૂળભૂત હેતુ મોક્ષપ્રાપ્તિનો હોય છે. આમ છતાં જૈનધર્મમાં દર્શાવેલ તપ અને તેના પ્રકાર સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે.

રાત્રિભોજનનો ત્યાગ પણ આજના જમાનામાં એક પ્રકારનું તપ છે. શરીરવિજ્ઞાનની દૃષ્ટિએ રાત્રિના સમયે મોટે ભાગે શારીરિક પ્રવૃત્તિ, પરિશ્રમ ઓછો કરવાનો હોવાથી પાચન ક્રિયા પણ મંદ પડી જાય છે. તેથી રાત્રિભોજન કરનારને મોટે ભાગે અજીર્ણ, ગેસ (વાયુ) વગેરે રોગો થાય છે. એ સિવાય રાત્રિના સમયે સૂર્યપ્રકાશની ગેરહાજરીમાં વાતાવરણમાં અને ખોરાકમાં પણ જીવાણુઓની ઘણા મોટા પ્રમાણમાં ઉત્પત્તિ થાય છે. સૂર્યપ્રકાશમાં જ એવી અગમ્ય શક્તિ છે કે તેની હાજરીમાં વાતાવરણના પ્રદૂષણ અને બિનઉપયોગી સૂક્ષ્મ જીવાણુઓનો તે નાશ કરે છે. તેમાંય સૂર્યોદય પછીની 48 મિનિટ અને સૂર્યાસ્ત પહેલાંની 48 મિનિટ પહેલાં ભોજન કરવાનું જૈન ધર્મગ્રંથોમાં વિધાન છે કારણ કે સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે માખી, મચ્છર વગેરે ક્ષુદ્ર જંતુઓનો ઉપદ્રવ ઘણો હોય છે.

જૈનધર્મ પ્રમાણે બિયાસણાના તપમાં આખા દિવસમાં ફક્ત બે વખત ભોજન કરવાનું છે તેમાં રાત્રિભોજનનો તથા રાત્રે પાણીનો પણ સંપૂર્ણ ત્યાગ કરવાનો છે અને દિવસે પણ ઊકાળેલું પાણી પીવાનું છે. એટલે આરોગ્યની દૃષ્ટિએ પાણીમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેલ જીવજંતુ દ્વારા ફેલાતા કોઈપણ રોગ થવાની સંભાવના રહેતી નથી.

એકાસણું એટલે દિવસે ફક્ત એક જ વખત એકીબેઠકે જમી લેવું. તે પહેલાં કે તે પછી દિવસના ભાગમાં ઊકાળેલા પાણી સિવાય કાંઈ લેવાનું નથી. આ રીતે દિવસમાં ફક્ત એક વખત નિયમિત જમવાથી શરીરનાં યંત્રોને રાત્રિ દરમ્યાન સંપૂર્ણ આરામ મળે છે તેથી રાત્રે લોહી તથા ઑક્સિજનની જરૂર પણ ઓછી પડે છે પરિણામે હૃદય તથા ફેફસાંને વધુકામ કરવું પડતું નથી તેથી શરીરને સંપૂર્ણ આરામ મળે છે અને સવારના કાર્યોમાં ખૂબ જ સ્ફૂર્તિ અનુભવાય છે. એકાસણા અને બિયાસણામાં આહાર પણ અભક્ષ્ય, અપથ્ય કે તામસિક આહારના ત્યાગપૂર્વક સાત્ત્વિક અને સમતોલ લેવાય છે તેથી અભક્ષ્ય કે તામસિક આહારથી ઉત્પન્ન થતી વિકૃતિ પેદા થતી નથી.

આહારના ત્રણ પ્રકાર છે: 1. સાત્ત્વિક, 2. રાજસિક, 3. તામસિક. સાત્ત્વિક જીવન જીવવા ઈચ્છનારે સાત્ત્વિક આહાર જ કરવો જોઈએ. બને તો રાજસિક આહાર પણ ન કરવો પરંતુ તામસિક આહાર તો ક્યારેય ન કરવો કારણ કે તે ક્રોધાદિ કષાયોને ઉત્પન્ન કરનાર અથવા પોષક/ઉદ્દીપક છે. જૈન ધર્મગ્રંથોમાં વર્ણવેલ નીતિ-નિયમો પ્રમાણે વર્તનાર તામસિક આહારનો ત્યાગ સરળતાથી કરી શકે છે. પરિણામે કોઈ જાતના રોગ થતા નથી.

આયંબિલ એક વિશિષ્ટ પ્રકારનું તપ છે. આ તપમાં દિવસે માત્ર એક જ વખત લુખ્ખા સુક્કા આહારનું ભોજન કરવાનું છે. તેમાં મુખ્યત્વે દૂધ, દહીં, ઘી, ગોળ(સાકર), તેલ, પક્વાન્ન, મિઠાઈનો ત્યાગ કરવાનો હોય છે. તેમાં હળદર, મરચું કે બીજાં મસાલા પણ વાપરી શકાતા નથી. આ તપથી આધ્યાત્મિક દૃષ્ટિએ જીભ ઉપર વિજય મેળવી બાકીની ચારેય ઇન્દ્રિય ઉપર વિજય મેળવી શકાય છે. પાંચેય ઇન્દ્રિય કાબુમાં આવતાં ચાર કષાય અને મન ઉપર પણ વિજય મળે છે. પરિણામે, કર્મબંધ અલ્પ અને કર્મનિર્જરા વધુ થતાં મોક્ષપ્રાપ્તિ થઈ શકે છે.

આ સિવાય આ તપથી શરીરમાં કફ અને પિત્તનું શમન થાય છે કારણ કે કફ ઉત્પન્ન કરનાર પદાર્થો દૂધ, દહીં, ઘી, ગોળ અને મિઠાઈનો આ તપમાં સર્વથા ત્યાગ હોય છે. અને લીલાં શાકભાજી જે સામાન્ય રીતે પિત્તવર્ધક હોય છે તેનો પણ ત્યાગ થાય છે. આયુર્વેદની દૃષ્ટિએ સર્વ રોગોનું મૂળ વાત્ત, પિત્ત અને કફની વિષમતા જ છે અને સામાન્ય રીતે લોકો પિત્ત અને કફ પેદા કરે તેવાં જ પદાર્થો વધુ ખાય છે અને તેથી આરોગ્ય બગડે છે. જૈન ધર્મગુરુઓએ પણ મહિનામાં ચાર, પાંચ કે બાર મહિનામાં ચૈત્ર મહિને તથા આસો મહિને નવ નવ આયંબિલ કરવાનું કહ્યું છે. ચૈત્ર માસ તથા આસો માસ ઋતુઓના સંધિકાળ છે તેથી આ સમય દરમ્યાન ખાસ આરોગ્ય બગડવાની સંભાવના હોવાથી જો આહારમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પથ્યાપથ્યનો વિવેક જાળવવામાં ન આવે તો ક્યારેક બહુ લાંબા સમયની બિમારીનો ભોગ બનવું પડે છે. આયુર્વેદમાં કહ્યું છે કે વૈદ્યાનાં શારદી માતા, પિતા તુ કુસુમાકરઃ વૈદ્યરાજ માટે શરદ ઋતુ માતા સમાન છે અને વસંત ઋતુ પિતા સમાન છે કારણ કે આ બે ઋતુઓમાં જ લોકો માંદાં પડે છે અને ડૉક્ટરો તથા વૈદ્યોને સારી એવી કમાણી થાય છે.

ઉપવાસ એ જૈનધર્મનું આગવું વિશિષ્ટ તપ છે. ઉપવાસ બે પ્રકારના છે. 1. તિવિહાર 2. ચઉવિહાર. જૈન પરંપરા પ્રમાણે ઉપવાસની શરૂઆત આગલા દિવસની સાંજથી થાય છે અને સમાપ્તિ બીજા દિવસની સવારે થાય છે તેથી પૂરા 36 કલાકનો ઉપવાસ હોય છે. તિવિહાર ઉપવાસમાં દિવસે સવારના લગભગ 10 વાગ્યાથી સાંજના સૂર્યાસ્ત સુધી ફક્ત ઊકાળેલું પાણી જ પીવામાં આવે છે. જ્યારે ચઉવિહાર ઉપવાસમાં આહારનો તો સંપૂર્ણ ત્યાગ હોય છે જ પણ સાથે સાથે પાણીનું એક ટીપું પણ લેવામાં આવતું નથી.

જીવન માટે આહાર, પાણી અને હવા આવશ્યક છે. તેમાં શક્તિ માટે આહાર, એ આહારને પચાવવા માટે પાણી અને પચેલા આહારમાંથી શક્તિ મેળવવા માટે ઑક્સિજન સ્વરૂપે હવા આવશ્યક છે. ઉપવાસ જેમ આત્મશુદ્ધિનું સાધન છે તેમ દેહશુદ્ધિનું પણ સાધન છે. ઉપવાસ કરવાથી શરીરના આંતરિક ઘન કચરાનો નિકાલ થાય છે, શરીરમાં વધેલ વાત, પિત્ત, કફનું ઉપશમન અથવા ઉત્સર્જન થાય છે અને શરીર શુદ્ધ થાય છે. ઉપવાસમાં કેટલાકને બીજા કે ત્રીજા દિવસે પિત્તની ઉલટીઓ થાય છે અને તે દ્વારા વધારાનું પિત્ત બહાર નીકળી જાય છે. કફ હોય તો તે પણ દૂર થઈ જાય છે. માટે પંદર દિવસમાં કે મહિનામાં એક ઉપવાસ અવશ્ય કરવો જોઈએ.

ટૂંકમાં, જૈનધર્મમાં જણાવેલ રાત્રિભોજનત્યાગ, બિયાસણું, એકાસણું, આયંબિલ, ઉપવાસ વગેરે તપ આરોગ્યવિજ્ઞાન અને શરીરવિજ્ઞાનની દૃષ્ટિએ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે અને તેનાથી આધ્યાત્મિક લાભની સાથે સાથે શારીરિક તંદુરસ્તીમાં પણ ઘણા ઘણા ફાયદા થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

12

## પર્વ-તિથિમાં લીલોતરીનો ત્યાગ શા માટે ?

જૈનધર્મ પ્રાચીન કાળથી તેની આહાર-વિહારની તથા આચાર-વિચારની પદ્ધતિ માટે સારાયે વિશ્વમાં પ્રસિદ્ધ છે. તેના એક એક સિદ્ધાંત અને આહાર-વિહાર/આચાર-વિચારના પ્રત્યેક નિયમ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે કારણ કે આ નિયમો કોઈ સામાન્ય મનુષ્ય દ્વારા પ્રચલિત કરાયા નથી પણ જૈનધર્મના 24મા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી ભગવાને તેઓને સંપૂર્ણજ્ઞાન/કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પોતાના શિષ્ય પરિવાર, સાધુ-સાધ્વી અને અનુયાયી સ્વરૂપ શ્રાવક-શ્રાવિકા અને એથીય આગળ વધીને સમગ્ર માનવજાત અને સંપૂર્ણ સજીવસૃષ્ટિના પરમ કલ્યાણ માટે નિરૂપ્યા છે.

જૈન પરંપરામાં પ્રચલિત ઘણા નિયમોમાંથી એક નિયમ એવો છે કે જૈનધર્મનું પાલન કરનાર સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાએ દરેક મહિનાની બાર પર્વ-તિથિ (બે બીજ, બે પાંચમ, બે આઠમ, બે અગિયારસ, બે ચૌદસ, પૂનમ અને અમાવાસ્યા) અથવા પાંચ પર્વ-તિથિ ( સુદ પાંચમ, બે આઠમ, બે ચૌદસ), ચૈત્ર માસ અને આસો માસની સુદ સાતમથી પૂનમ સુધીના અને કાર્તિક માસ, ફાગણ માસ અને આષાઢ માસની સુદ સાતમથી પૂનમ સુધીના નવ દિવસ તથા પર્યુષણા પર્વના આઠ દિવસ દરમ્યાન લીલોતરી અર્થાત્ લીલાં શાકભાજીનો ત્યાગ કરવો જોઈએ.

લીલી વનસ્પતિ સજીવ હોવાના કારણે પર્વ-તિથિના દિવસે પોતાના માટે થઈને વનસ્પતિના જીવોની તથા તેના આશ્રયે રહેલ અન્ય હાલતા ચાલતા જીવોની હિંસા ન થાય તે માટે પર્વ-તિથિના દિવસોમાં લીલાં શાકભાજીનો ત્યાગ કરવાનો છે. બધી જ પર્વ-તિથિઓમાં પ્રત્યેક શ્રાવક-શ્રાવિકાએ લીલોતરીનો ત્યાગ કરવો જ જોઈએ એવો કોઈ એકાંતે આગ્રહ નથી. તેથી પર્વ-તિથિની ગણતરી પણ સાપેક્ષ છે એટલે કોઈ શ્રાવક-શ્રાવિકા મહિનામાં પાંચ પર્વ-તિથિની આરાધના કરે તો કોઈક બાર પર્વ-તિથિની આરાધના કરે છે. ટૂંકમાં, પર્વ-તિથિના દિવસોમાં ઓછામાં ઓછું પાપ અને વધુમાં વધુ ધર્મ આરાધના કરવી જોઈએ એ તેનું તાત્પર્ય છે.

બીજું, લીલાં શાકભાજી દરેક પ્રકારનાં, બધાં જ સજીવ હોય છે. જ્યારે લોટ, ચોખા, દાળો વગેરે સજીવ હોતાં નથી અને ઘઉં, જવ, મગ, મઠ, ચોળા, અડદ, ચણા, તુવેર વગેરે ધાન્ય સજીવ હોય પણ ખરા અને ન પણ હોય. કારણ કે એનો પાક થયા પછી અમુક સમય પછી આ ધાન્ય સ્વયમેવ નિર્જીવ થઈ જાય છે. આ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશે પ્રવચનસારોદ્ધાર નામના જૈન ગ્રંથમાં ધાન્યાનામબીજત્વમ્ દ્વારમાં કહ્યું છે કે ઘઉં, જવ, ડાંગર, જાર, બાજરી વગેરે ધાન્ય કોઠીમાં નાંખી, બરાબર ઢાંકી, છાણ વગેરેથી લીંપીને બંધ કરી દેવામાં આવે તો તે વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી બીજ તરીકે સજીવ રહે છે ત્યાર પછી નિર્જીવ બને છે.

તે જ રીતે તલ, મગ, મસુર, વટાણા, અડદ, ચોળા, કળથી, તુવેર, ચણા, વાલ વગેરે પાંચ વર્ષ પછી નિર્જીવ બને છે. જ્યારે અલસી, કપાસિયા, કંગુ, કોદરા, શણ, સરસવ, કોદરી, રાલક વગેરે ધાન્ય વધુમાં વધુ સાત વર્ષ સુધી સજીવ રહી શકે છે. ત્યાર બાદ તે અવશ્ય નિર્જીવ બને છે.

ઉપર બતાવ્યો તે સમય વધુમાં વધુ છે જ્યારે ઓછામાં ઓછો સમય અંતર્મુહૂર્ત્ત અર્થાત્ બે ઘડી (48 મિનિટ) છે અર્થાત્ તે ધાન્યના દાણામાં જીવ ઉત્પન્ન થયા પછી ફક્ત 48 મિનિટ પછી પણ તે નિર્જીવ બની શકે છે.

આ રીતે અનાજ/ધાન્ય નિર્જીવ પણ હોઈ શકે છે. તેથી લીલોતરીનો ઉપયોગ કરવાથી જેટલું પાપ બંધાય છે તેટલું પાપ લીલોતરીનો ત્યાગ કરવાથી બંધાતું નથી.

પર્વ-તિથિમાં લીલોતરીનો ત્યાગ કરવાનું એક અન્ય તાર્કિક અને શાસ્ત્રીય કારણ એ છે કે લીલોતરીનો ત્યાગ કરવાથી મનુષ્યને લીલોતરીમાં આસક્તિ થતી નથી. સામાન્ય રીતે સુકાં કઠોળ વગેરે કરતાં લીલાં શાકભાજી ફળો વગેરેમાં સ્વાદ/મીઠાશ ખૂબ જ હોય છે માટે મનુષ્યને સુકાં કઠોળ કરતાં લીલાં શાકભાજી અને ફળોનો આહાર કરવો ખૂબ જ ગમે છે. જો દરરોજ તેનો આહાર કરવામાં આવે તો તેમાં તેણે આસક્તિ ઉત્પન્ન  થઈ જાય છે પરિણામે ભવાંતરમાં તેમાં ઉત્પન્ન થવું પડે છે કારણ કે કર્મવાદનો નિયમ છે કે જ્યાં આસક્તિ ત્યાં ઉત્પત્તિ.

વસ્તુતઃ જેઓ શાકાહારી છે તેઓને લીલાં શાકભાજી લેવાની ખાસ જરૂરિયાત નથી પરંતુ જેઓ માંસાહારી છે તેઓને લીલાં શાકભાજી લેવાની ખાસ જરૂર છે કારણકે તેઓના ખોરાકમાં મનુષ્યના શરીરને જોઈતાં ક્ષાર, વિટામીન, કાર્બોહાઇડ્રેટ્સ હોતાં નથી. વળી માંસ વગેરેમાં રેષા હોતા નથી તે કારણે તેઓને બંધકોશ થઈ જાય છે. તે માટે તેઓને લીલાં શાકભાજી લેવાં પડે છે. વૈદ્યોના અનુભવે આ વાત સત્ય જણાઈ છે. જ્યારે શાકાહારી મનુષ્ય નિયમિત શાકભાજી લેતાં હોવાથી તેઓને આવી તકલીફ થતી નથી.

બીજું, લીલાં શાકભાજીમાં હિમોગ્લોબિન ભરપૂર હોય છે. આ તત્ત્વ ફેફસામાં હવામાંથી ઑક્સિજન મેળવી લોહી શુદ્ધ કરે છે. જ્યારે પ્રાણિજ દ્રવ્યોમાં તે બિલકુલ હોતું નથી તેથી તેઓનું શરીર ફિક્કું થઈ જાય છે. શાકાહારી મનુષ્યોના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરમાં તે સારા એવા પ્રમાણમાં હોવાથી લીલાં શાકભાજી લેવાની કોઈ જરૂર નથી. વળી કઠોળ વગેરેમાં તે હોય છે જ.

આયુર્વેદની દૃષ્ટિએ વિચારીએ તો લીલાં શાકભાજી પિત્તવર્ધક છે જ્યારે કઠોળ વાયુકારક છે તેથી લીલાં શાકભાજી વધુ પ્રમાણમાં લેવાય તો પિત્તનો પ્રકોપ થાય તે ન થાય અને શરીરમાં વાત, પિત્ત અને કફનું પ્રમાણ બરાબર જળવાઈ રહે તે માટે દર ત્રણ દિવસે એક વખત લીલાં શાકભાજીનો ત્યાગ કરવો જોઈએ અને કઠોળનું સેવન કરવું જોઈએ. અને પર્વ-તિથિઓ પ્રાયઃ દર ત્રણ દિવસે એક આવે છે. આખાય પખવાડિયાના અંતે ચૌદસ-પૂનમ કે ચૌદસ-અમાવાસ્યા એ બબ્બે તિથિ સંયુક્ત આવે છે. તેનું કારણ ફક્ત એટલું જ કે એ પંદર દિવસમાં કદાચ પિત્ત થોડું પણ વધી ગયું હોય તો તેનુ શમન તે બે દિવસમાં લીલાં શાકભાજીનો ત્યાગ કરવાથી થઇ જાય છે.

કાર્તિક માસ, ફાગણ માસ, ચૈત્ર માસ, આષાઢ માસ અને આસો માસની સુદ સાતમથી પૂનમ સુધીના દિવસોને અઠ્ઠાઈ કહે છે. વસ્તુતઃ આ સમય ઋતુઓનો સંધિકાળ છે. આ સમયમાં શરીરમાં વાત, કફ અને પિત્તની અસમાનતા સર્જાય છે અને આરોગ્ય બગડે છે. તે વધુ ન બગડે તે માટે આયંબિલના તપ દ્વારા કફ અને પિત્ત કરે તેવા પદાર્થોનો ત્યાગ કરવો જોઈએ. આયુર્વેદમાં કહ્યું છે કે वैद्यानां शारदी माता, पिता तु कुसुमाकरः वैद्यराજ માટે શરદ ઋતુ માતા સમાન છે અને વસંત ઋતુ પિતા સમાન છે કારણ કે આ બે ઋતુઓમાં જ લોકો માંદાં પડે છે અને ડૉક્ટરો તથા વૈદ્યોને સારી એવી કમાણી થાય છે.

આમ ધાર્મિક, વૈજ્ઞાનિક, સ્વાસ્થ્ય તેમજ આયુર્વેદની દૃષ્ટિએ શાકાહારી એવા આપણે સૌએ પર્વ-તિથિના દિવસે લીલાં શાકભાજીનો ત્યાગ કરવો જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 13

# પાણી : સચિત્ત અને અચિત્ત : સમસ્યા અને સમાધાન

પાણી સજીવ છે. પાણીનો પ્રત્યેક અણુ સજીવ છે. સાથે સાથે તે બીજા જીવોની ઉત્પત્તિનું સ્થાન હોવાથી તેમાં કેટલીય જાતના જીવાણુ-કીટાણુ ઉત્પન્ન થાય છે, જે આપણા શરીરમાં વિવિધ પ્રકારના રોગો ઉત્પન્ન કરી શકે છે. માટે સ્વાસ્થ્યની દૃષ્ટિએ પાણી ઊકાળીને જ પીવું જોઈએ. અત્યારે ક્યાંક ક્યાંક પાણીને અચિત્ત/પ્રાસુક બનાવવા માટે તેમાં થોડી રાખ, ચુનો કે સાકર નાખવામાં આવે છે. જો કે શાસ્ત્રીય દૃષ્ટિએ રાખ, ચૂનો કે સાકર નાખવાથી પાણી અચિત્ત/પ્રાસુક થઈ જાય છે, આમ છતાં રાખ કે ચુનો કેટલા પ્રમાણમાં નાખવો જોઈએ અને તે નાખ્યા પછી કેટલા સમય પછી પાણી અચિત્ત/પ્રાસુક થઈ જાય છે તેની કોઈ માહિતી શાસ્ત્ર અથવા અન્ય કોઈ સ્રોત દ્વારા પ્રાપ્ત થતી નથી. વસ્તુતઃ આ રીતે અચિત્ત/પ્રાસુક થયેલ પાણી ફક્ત સાધુ-સાધ્વીએ જ લેવું યોગ્ય છે. કારણ કે તેમના માટે કોઈ શ્રાવક-ગૃહસ્થ પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આદિ સચિત્ત દ્રવ્યોની વિરાધના/હિંસા કરે તો તેનો દોષ તે તે સાધુ-સાધ્વીને લાગે છે. જો સાધુ-સાધ્વી માટે જ આ રીતે રાખ, ચુનો, કે સાકર નાખી પાણી અચિત્ત કરવામાં આવે તો એ પાણી અચિત્ત/પ્રાસુક હોવાં છતાં સાધુ-સાધ્વી માટે અણેષણીય/અકલ્પ્ય છે. પ્રાચીન કાળમાં ગોચરી લેવા નીકળેલ સાધુ-સાધ્વીને સ્વાભાવિક જ દાળ અથવા ચોખા ધોયેલ પાણી અથવા રોટલી બનાવતી વખતે છેલ્લે લોટવાળું પાણી, જેમાં લોટ કે અન્ય કોઈ પણ ખાદ્ય પદાર્થનો સ્વાદ જણાતો ન હોય અને એ પાણી તરસ છીપાવવા સમર્થ હોય તો તે પાણી તેઓ પોતાના પાત્રમાં લેતા હતા. પરંતુ શ્રાવકો માટે તો તપશ્ચર્યામાં સામાન્ય રીતે ત્રણ વખત ઊભરા આવેલું અચિત્ત/પ્રાસુક પાણી લેવાનો જ નિયમ છે. ઉપર જણાવી તે પ્રાચીન શ્વેતાંબર પરંપરા હતી અને તે પણ શાસ્ત્રાધારિત. અત્યારે આ પ્રથા જૈન સાધુ-સાધ્વીના કેટલાક સંપ્રદાય- સમુદાય-ગચ્છ કે વિભાગમાં આજે પણ ચાલુ છે. એટલે જ તેઓનો અનુયાયી ભક્ત શ્રાવક વર્ગ, તેમના માટે આ રીતે રાખ, ચુનો કે સાકર નાખી પાણી અચિત્ત/પ્રાસુક કરે છે, જે સર્વથા અનુચિત છે. આ રીતે આ પ્રકારનું પાણી લેવાથી અચિત્ત/પ્રાસુક પાણી ગ્રહણ કરવાનો મુખ્ય આશય જ માર્યો જાય છે. તેથી જ શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુ-સાધ્વી સમુદાયમાં હવે ત્રણ ઊભરા આવેલ ઊકાળેલું અચિત્ત પાણી જ લેવામાં આવે છે. તેને પાકું પાણી કહેવામાં આવે છે. જ્યારે સભ્ય સંસ્કૃત ભાષામાં 'અચિત્ત' પાણી અને શાસ્ત્રીય પરિભાષામાં 'પ્રાસુક' પાણી કહેવામાં આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક લોકો એવી શંકા કરે છે કે કુંડોમાં એકત્રિત કરેલ વરસાદનું મીઠું પાણી, કુવાઓનું ખારું પાણી, નગરપાલિકા/ગ્રામપંચાયત આદિ દ્વારા આપવામાં આવતું ક્લોરિનયુક્ત પાણી, શુદ્ધ કરેલ ગંગાજળ, ખનિજ જળ, ગંધકયુક્ત કુંડોનું ગરમ પાણી વગેરે દરેક પ્રકારના પાણીને અચિત્ત કરવા માટે શું એક જ ચીજ રાખ અથવા ચુનો છે? તેઓ માને છે કે ભિન્ન ભિન્ન પ્રકારના પાણી માટે ભિન્ન ભિન્ન પ્રકારની ચીજ હોવી જોઈએ પરંતુ આ તેઓનો ભ્રમ છે.

શાસ્ત્રમાં સચિત્ત પૃથ્વી, પાણી વગેરેને અચિત્ત બનાવવાની બે પ્રકારની પ્રક્રિયા બતાવી છે. જ્યારે એક પ્રકારની સચિત્ત માટી બીજા પ્રકારની સચિત્ત માટીના સંપર્કમાં આવે ત્યારે બંને પ્રકારની માટી અચિત્ત થઈ જાય છે. બંને પ્રકારની માટી એક બીજા માટે સ્વકાયશસ્ત્ર બને છે અને જ્યારે માટીમાં પાણી નાખવામાં આવે છે ત્યારે તે માટી અને પાણી બંને પરસ્પર પરકાયશસ્ત્ર બની એક બીજાને અચિત્ત બનાવે છે. અહીં રાખ વનસ્પતિકાય અથવા પૃથ્વીકાયનો વિકાર છે, જ્યારે ચુનો પૃથ્વીકાય છે માટે કોઈપણ પ્રકારના પાણીને રાખ અથવા ચુનાથી અચિત્ત બનાવી શકાય છે.

જૈનધર્મના સુસ્થાપિત નિયમોમાંથી એક નિયમ એવો છે કે શક્ય હોય તો પ્રત્યેક વ્યક્તિએ ઊકાળેલું જ પાણી પીવું જોઈએ અને તેમાંય જે ગૃહસ્થ તપશ્ચર્યા કરતા હોય તેમના માટે તથા જૈન સાધુ-સાધ્વી માટે આ નિયમમાં કોઈ વિકલ્પ/અપવાદ નથી. જૈન જીવવિજ્ઞાન પ્રમાણે પાણી સ્વયં સજીવ છે.

અત્યારે કોઈ પણ જૈનદર્શનના નિષ્ણાત/પંડિત/તત્ત્વજ્ઞ અથવા સામાન્ય વિજ્ઞાનવિદ્‌ને પૂછવામાં આવે કે જૈનધર્મમાં પાણી ઊકાળીને જ શા માટે પીવાનું વિધાન કરવામાં આવ્યું છે? તો સૌ એકી અવાજે કહી દે કે કાચું "પાણી સ્વયં સજીવ છે અને તેમાં ભિન્ન ભિન્ન પ્રકારના અસંખ્ય જીવાણુઓ રહેલા છે. જેનાથી શરીરમાં ઘણી જાતના રોગો થવાનો સંભવ છે. સચિત્ત પાણીમાં એ બધા જીવોની ઉત્પત્તિ નિરંતર ચાલુ જ રહે છે, જે પાણી ઊકાળ્યા પછી બંધ થઈ જાય છે, માટે પાણી ઊકાળીને પીવું જોઈએ." અહીં એવો પ્રશ્ન પૂછવામાં આવે છે કે જૈનદર્શન અનુસાર કોઈપણ પ્રાણી અથવા વ્યક્તિને વંશવૃદ્ધિ કરવા માટે કે વંશવૃદ્ધિ બંધ કરવા માટે પ્રેરણા કરવી ઊચિત નથી કારણ કે તેમાં પણ સંપૂર્ણપણે અનેક દોષોની સંભાવના છે. આપણે તો કેવલ દ્રષ્ટા બનીને નિરપેક્ષપણે ઔદાસીન્યભાવે બધું જોવું જોઈએ. તો પછી કોઈ પણ જીવની વંશવૃદ્ધિ રોકવાનો આપણને શું અધિકાર છે? આ પ્રશ્નનો જવાબ આપવો આપણા સૌ માટે મુશ્કેલ છે. અર્થાત્ પાણી ઊકાળવું તે પણ આપણા માટે તો હિંસક પ્રવૃત્તિ જ છે. પછી ભલે ને તે આપણા માટે ઊકાળીએ કે બીજા માટે ઊકાળીએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટૂંકમાં, "પાણી ઊકાળીને શા માટે પીવું જોઈએ?" એ પ્રશ્ન યથાવત્ જ રહે છે. આ પ્રશ્નનો ઉત્તર વૈજ્ઞાનિક સંશોધનોના આધારે આ પ્રમાણે આપી શકાય.

વિજ્ઞાનના સિદ્ધાંત પ્રમાણે પ્રત્યેક પ્રવાહીમાં ધનવિદ્યુત્‌ભારવાળા અણુઓ તથા ઋણવિદ્યુત્‌ભારવાળા અણુઓ હોય છે. કુવા, તળાવ, નદી, વરસાદ વગેરેના પાણીમાં ક્ષાર હોય છે અને સાથે સાથે તેમાં ઋણવિદ્યુત્‌ભારવાળા અણુઓ પણ વધુ પ્રમાણમાં હોય છે. આ ઋણવિદ્યુત્‌ભારવાળા અણુવાળું પાણી પીવાથી શરીરમાં ખૂબ જ તાઝગીનો અનુભવ થાય છે. આવું પાણી ક્યારેક વિકાર પણ પેદા કરે છે. પરંતુ જ્યારે પાણીને ગરમ કરવામાં આવે છે ત્યારે તે પાણી અચિત્ત તો થઈ જ જાય છે પણ સાથે સાથે તેમાં રહેલ ઋણવિદ્યુત્‌ભારવાળા અણુઓ તટસ્થ થઈ જાય છે. પરિણામે ગરમ કરવામાં આવેલ પાણી શારીરિક અને માનસિક વિકૃતિઓ પેદા કરી શકતું નથી માટે જ સાધુ-સાધ્વી તથા તપશ્ચર્યા કરનાર ગૃહસ્થે ગરમ કરેલ અચિત્ત પાણી પીવું જોઈએ.

આ વાતની વૈજ્ઞાનિક સાબિતીના સ્વરૂપમાં જણાવવાનું કે અમેરિકા જેવા વિકસિત દેશોમાં હમણાં થોડાંક વરસોથી વાતાનુકુલિત એરકન્ડિશન્ડ કચેરી વગેરેમાં વાતાવરણને ધનવિદ્યુત્‌ભારવાળા અણુઓથી રહિત અથવા ઋણવિદ્યુત્‌ભારવાળા અણુઓવાળું કરવા માટેના વિશિષ્ટ સાધનો બજારમાં ઉપલબ્ધ છે, જે ઘણી સંખ્યામાં વેચાય છે. એનું મુખ્ય કારણ એ છે કે વાતાનુકુલિત સ્થાનોમાં જ્યાં હવા ઠંડી કરવામાં આવે છે, ત્યાં સહેજ પણ ગરમી લાગતી નથી તો પણ ત્યાં બેઠેલ કર્મચારીવર્ગને કામ કરવાનું મન થતું નથી અને શારીરિક-માનસિક જડતા-સુસ્તી આવી જાય છે. આ રીતે જોઈએ તેવું અને જોઈએ તેટલું કામ થતું નથી. આ અંગે સંશોધન કરતાં જાણવા મળ્યું કે વાતાનુકુલિત વાતાવરણમાં ધનવિદ્યુત્‌ભારવાળા અણુઓની સંખ્યા ઘણી વધુ હોય છે, જો તે ઓછી કરવામાં આવે અને સાથે સાથે ઋણવિદ્યુત્‌ભારવાળા અણુઓની સંખ્યા વધારવામાં આવે તો વાતાવરણ તાઝગીવાળું અને સ્ફૂર્તિદાયક બની જાય. આ સંશોધનના આધારે જ તેઓએ વાતાવરણને ઋણવિદ્યુત્‌ભારવાળું બનાવવા માટે આયોનાઈઝેશન ઉપકરણ બનાવ્યું. આ મશીન દર સેકંડે અબજોની સંખ્યામાં ઋણવિદ્યુત્‌ભારવાળા અણુઓ પેદા કરીને બહાર ફેંકે છે. વરસાદના દિવસોમાં આપણને અનુભવ છે કે એવા દિવસોમાં ફક્ત ખાઈ પીને સૂઈ જવાની જ વૃત્તિ રહે છે, કોઈ કામમાં મન લાગતું નથી કારણ કે એ સમયે વાતાવરણમાં ધનવિદ્યુત્‌ભારવાળા અણુઓનું પ્રમાણ ખૂબ જ હોય છે. માટે ગરમ/ઊકાળેલું પાણી પીવું તે માત્ર જીવદયા અને આરોગ્ય વિજ્ઞાનની દૃષ્ટિએ જ નહિ પણ મનની પ્રસન્નતા અને તંદુરસ્તી માટે પણ જરૂરી છે. ઉપર જે કાંઈ કહ્યું તે સંપૂર્ણ રીતે વૈજ્ઞાનિક છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક લોકો એવી દલીલ કરે છે કે ધરતી ઉપર પ્રાપ્ત બધા જ પ્રકારના પાણીમાં માટી, રાખ વગેરે પદાર્થો ભળેલાં હોય છે અર્થાત્ તે પાણી અચિત્ત જ હોય છે તો તે પાણીને ફરીથી અચિત્ત કરવાની શી જરૂર? શુદ્ધ પાણી તો ફક્ત પ્રયોગશાળામાં જ ઉપલબ્ધ છે. તેમની આ વાત અવશ્ય વિચારણીય છે, પરંતુ તેનું પણ સમાધાન છે. આ રીતે પ્રાપ્ત પાણી અચિત્ત પણ હોઈ શકે અને સચિત્ત પણ. આપણી પાસે એવું જ્ઞાન નથી, તેથી આપણને સો ટકા ખાત્રી નથી કે આ પાણી સચિત્ત છે કે અચિત્ત. અને એટલે જ તે પાણી ભલે કુદરતી રીતે અચિત્ત થયેલું હોય તો પણ તેને પુનઃ અચિત્ત કરવું જરૂરી છે.

કેટલાક લોકો વરસાદના પાણીની, રસોડામાં વરાળમાંથી પાણીમાં રૂપાંતર પામેલ પાણી સાથે સરખામણી કરતાં કહે છે કે વરસાદનું પાણી જો સજીવ છે તો રસોડામાં રસોઈના વાસણ ઉપર ઢાંકેલ, ઢાંકણા ઉપર લાગેલી વરાળમાંથી ઉત્પન્ન થયેલ પાણીનાં ટીપાંને પણ સજીવ માનવા જોઈએ પરંતુ તેમની આ વાત ભ્રમ ઉત્પન્ન કરનારી છે. ઉપરની બંને પ્રક્રિયા સમાન જણાય છે પરંતુ બંનેમાં ઘણો તફાવત છે.

વિક્રમની બારમી શતાબ્દિમાં થયેલ શ્રી શાંતિસૂરિજીએ રચેલ 'જીવવિચાર' પ્રકરણ તથા 'જીવાભિગમ' વગેરે આગમોમાં વરસાદના પાણીને સચિત્ત અપ્કાય તરીકે બતાવ્યું છે. ક્યારેક વરસાદના પાણીમાં માછલીઓ પણ હોય છે માટે વરસાદના પાણીને અચિત્ત ન માનવું જોઈએ.

સામાન્ય રીતે શ્રાવકો દિવસમાં એક વાર સવારે પાણી ગાળે છે જે સચિત્ત હોય છે. પૂર્ણ ગરમ કરેલ અચિત્ત પાણીની મર્યાદા અંગે શ્વેતાંબર પરંપરામાં પ્રવચનસારોદ્ધાર નામના ગ્રંથમાં બતાવ્યું છે કે ત્રણ વખત ઊભરા આવેલ અચિત્ત પાણી ઊનાળામાં પાંચ પ્રહર (15 કલાક), ચોમાસામાં ત્રણ પ્રહર (9 કલાક) અને શિયાળામાં ચાર પ્રહર (12 કલાક) અચિત્ત રહે છે, ત્યાર બાદ તે સચિત્ત થઈ જાય છે. માટે જ રસોડામાં વરાળમાંથી રૂપાંતર પામેલ પાણી અચિત્ત જ હોય છે કારણ કે તેમાં ઉપર બતાવેલ સમયમર્યાદા કરતાં વધુ સમય પસાર થયો હોતો નથી. જ્યારે વરસાદનું પાણી, પાણીમાં પરિવર્તન પામ્યા પછી ઉપર બતાવેલ સમય કરતાં વધુ સમય પસાર થઈ ગયો હોય છે, માટે જ શાસ્ત્રકારોએ વરસાદના પાણીને સચિત્ત બતાવ્યું છે. આ જ રીતે પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવેલ શુદ્ધ પાણી (Distiled Water) પણ સચિત્ત જ છે.

ટૂંકમાં, પ્રત્યેક સાધુ-સાધ્વી તથા શ્રાવકોએ તદુપરાંત આરોગ્યપ્રદ જીવન જીવવા ઈચ્છનાર સૌએ ત્રણ ઊભરા આવેલ ઊકાળેલું પાણી પીવું જરૂરી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 14
## કંદમૂળ અને બહુબીજ

આજ કાલ જૈન સમાજમાં ઘણા લોકો કંદમૂળ શા માટે ન ખવાય, તે અંગે વારંવાર પ્રશ્ન પૂછે છે અને સૌ કોઈ પોતાની બુદ્ધિ અને ક્ષયોપશમ પ્રમાણે ઉત્તર આપે છે. આમ છતાં લોકોને જોઈએ તેવો સંતોષ થતો નથી.

લગભગ ચારેક વર્ષ પહેલાં રીવા (મધ્ય પ્રદેશ) કૉલેજના રસાયણશાસ્ત્રના પ્રોફેસર / વિજ્ઞાની ડૉ. નંદલાલ જૈન મારી પાસે આવ્યા હતા. તેઓએ પણ મને કંદમૂળ અંગે પ્રશ્ન પૂછ્યો હતો. તેમની સાથે થયેલી વાતચીત નીચે પ્રમાણે હતી.

ડૉ. નંદલાલ જૈનઃ કયા જૈન ગ્રંથમાં, કેટલા વર્ષ પહેલાં લખવામાં આવ્યું છે કે બટાકા ખાઈ શકાય નહિ ? તેનો નિષેધ કરવાનું કારણ શું ?

મુનિ નંદીઘોષવિજયઃ કોઈ પણ જૈન ગ્રંથમાં કે આગમમાં બટાકા કે કંદમૂળ ન ખવાય તે અંગેનો કોઈ જ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. જૈન ગ્રંથોમાં / આગમોમાં ફક્ત વનસ્પતિકાયના પ્રકારો જ બતાવ્યા છે. 1. પ્રત્યેક વનસ્પતિકાય અને 2. સાધારણ વનસ્પતિકાય. સાધારણ વનસ્પતિકાયને અનંતકાય પણ કહેવામાં આવે છે. જૈન શાસ્ત્રોમાં સાધારણ વનસ્પતિકાય અનંતકાયનાં લક્ષણો બતાવેલાં છે અને તેનાં થોડાંક તે જમાનામાં પ્રચલિત નમુનાનાં નામ બતાવેલાં છે. એટલે શાસ્ત્રોમાં બધાં જ પ્રકારનાં અનંતકાયનાં નામ આવે જ એવો આગ્રહ રાખવો કે શાસ્ત્રમાં બતાવેલાં જ અનંતકાયનો નિષેધ કરવો અને એ સિવાયનાં અનંતકાય ખવાય એવો અર્થ કરવો યોગ્ય નથી.

ડૉ. નંદલાલ જૈનઃ કંદમૂળમાં અનંત જીવો હોય તો સૂક્ષ્મદર્શક યંત્રથી અવશ્ય દેખાવા જોઈએ. દા. ત. દહીંમાં બેક્ટેરિયા વગેરે.

મુનિ નંદીઘોષવિજયઃ બેક્ટેરિયા વગેરે બેઈન્દ્રિય જીવો હોવાથી દહીંથી તે ભિન્ન છે માટે તે સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા અલગ જોઈ શકાય છે. જ્યારે સાધારણ વનસ્પતિકાય સ્વયં સજીવ છે તેથી તેમાં સૂક્ષ્મદર્શક યંત્રથી જીવ-આત્માને અલગ જોવાનો પ્રશ્ન જ અસ્થાને છે. શું આત્મા શરીરથી ભિન્ન જોઈ શકાય ખરો ?

અનંતકાય એટલે તેમાં અનંતા જીવો-આત્માઓ હોય છે. તેથી તેનો શાસ્ત્રોમાં સ્પષ્ટ નિષેધ કરેલ નહિ હોવા છતાં તે લઈ શકાય નહિ કારણ કે તેનું ભોજન કરવાથી અનંત અનંત જીવોની હિંસા કરવાનું પાપ લાગે છે.

સામાન્ય રીતે મોટા ભાગની વનસ્પતિના મૂળના વિકારો (Modification of Root) જેને લોકો કંદમૂળ કહે છે, તે અનંતકાય હોવાથી લોકો કંદમૂળ નહિ ખાવાનો નિયમ લે છે. પરંતુ જમીનમાં થતી બધી જ વનસ્પતિ અનંતકાય હોતી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. દા. ત. મગફળી, મગફળીની ઉપરની છાલ તાંતણાવાળી હોય છે. તેનું પ્રત્યેક અંગ નવો છોડ પેદા કરી શકતું નથી. તેમાં અનંતકાયનાં કાંઈ જ લક્ષણો છે નહિ. તે જ રીતે બધી જ વનસ્પતિનાં જમીન બહારના ભાગો થડ, ફળ, ફૂલ, પાંદડાં, પ્રત્યેક વનસ્પતિકાય હોતાં નથી. ક્યારેક તે પણ અનંતકાય હોય છે, એટલે તે જમીન બહાર થતાં હોવા છતાં અભક્ષ્ય જ છે.

ડૉ. નંદલાલ જૈનઃ આચારાંગ સૂત્રનાં બીજા શ્રુતસ્કંધમાં લસણ આદિનો પાઠ આવે છે, તેનું શું સમાધાન ?

મુનિ નંદીઘોષવિજયઃ એ પાઠ મેં પણ વાંચ્યો છે. તેમાં અને શ્રી દશવૈકાલિક સૂત્રમાં સાધુને ગોચરીમાં શું ખપે ? કેવું કલ્પે ? એ અંગેનો સ્પષ્ટ નિર્દેશ કરેલ છે. તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે સાધુને પ્રાસુક આહાર-પાણી જ કલ્પે. અહીં '*પ્રાસુક*" શબ્દ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. પ્રાસુક એટલે શું ?

ડૉ. નંદલાલ જૈનઃ પ્રાસુક એટલે નિર્જીવ અને કોઈપણ વનસ્પતિ - અનાજ રંધાઈ જાય એટલે અગ્નિ દ્વારા તે નિર્જીવ બની જાય છે તો અનંતકાય - બટાકા, ડુંગળી, લસણ આદિ રંધાઈ જાય પછી કેમ ન ખવાય ?

મુનિ નંદીઘોષવિજયઃ પ્રાસુક એટલે નિર્જીવ તો ખરું જ પણ માત્ર એ આહાર-પાણી નિર્જીવ હોય એ પૂરતું નથી. એ નિર્દોષ પણ હોય એ જરૂરી છે.

ડૉ. નંદલાલ જૈનઃ નિર્દોષ એટલે શું ?

મુનિ નંદીઘોષવિજયઃ પ્રાસુક એટલે આપણા ખોરાક માટે ખાસ નિર્જીવ કરેલ ન હોવું જોઈએ. બટાકા, ડુંગળી, લસણ વગેરે અનંતકાય રંધાયા પછી કે બટાકાની કાતરી સુકાયા પછી નિર્જીવ હોવાં છતાં નિર્દોષ નથી.

ડૉ. નંદલાલ જૈનઃ કઈ રીતે ?

મુનિ નંદીઘોષવિજયઃ આદુ સુકાઈ જાય પછી તેને સૂંઠ કહે છે. આદુ લીલું હોય ત્યારે અનંતકાય હોય છે, પણ એ સુકાઈ જાય પછી અનંતકાય રહેતું નથી. તે જ રીતે બટાકાની કાતરી વેફર પણ સુકાઈ જાય પછી અનંતકાય ગણાતી નથી. પરંતુ બંનેની સુકાવાની પ્રક્રિયા તદ્દન ભિન્ન ભિન્ન છે. આદુને તડકે સૂર્યપ્રકાશમાં રાખવામાં આવે તો તે સ્વયમેવ સુકાઈ જશે. જ્યારે આખા બટાકાને સૂર્યપ્રકાશમાં મૂકવામાં આવશે તો તે સુકાશે નહિ. પણ કોહવાઈ જશે, સડી જશે. ટૂંકમાં બટાકાને સુકવવો હોય તો તેના છરીથી ટૂકડા કરવા અનિવાર્ય છે અને કોઈપણ વનસ્પતિને નિર્જીવ કરવાની મુખ્ય બે પદ્ધતિ છે. 1. અગ્નિથી રાંધવાની અને 2. છરીથી સમારવાની. એટલે બટાકાના અનંત અનંત જીવોની આપણા ખોરાક માટે જ હિંસા કરવી, છરીથી સમારવા કે અગ્નિથી રાંધવા જરૂરી હોવાથી, તે નિર્જીવ હોવા છતાં નિર્દોષ નથી માટે જ તેનો ખોરાકમાં ઉપયોગ કરી શકાય નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડૉ. નંદલાલ જૈનઃ બટાકા વગેરેમાં અનંત જીવો તો દેખાતા જ નથી તો તે અનંતકાય કઈ રીતે ?

મુનિ નંદીઘોષવિજયઃ તમે અનંતકાયની વ્યાખ્યા શી કરો છો ?

ડૉ. નંદલાલ જૈનઃ અનંતકાય એટલે એક જ શરીરમાં અનંત જીવો હોય તે.

મુનિ નંદીઘોષવિજયઃ બરાબર છે. એક જ શરીરમાં અનંત જીવો / આત્માઓ હોય તે અનંતકાય. તમે જે વ્યાખ્યા કરો છો તેને જ બરાબર સમજો. શાસ્ત્રમાં કહ્યું છે કે સાધારણ વનસ્પતિકાયમાં અનંત આત્માઓનું એક જ શરીર હોય છે અને તે અનંત જીવોનાં જન્મ મરણ પણ એક સાથે જ થાય છે એટલું જ નહિ પણ આહાર-પાણી અને શ્વાસોચ્છ્વાસ પણ એક સાથે જ લે છે. એટલે તમે જે ડુંગળીનો એક કોષ (Cell) કે બટાકાનો એક સૂક્ષ્મ કણ જે સૂક્ષ્મદર્શક યંત્ર (Microscope)માં જુઓ છો, તે તો અનંતા જીવોનું એકમાત્ર શરીર જ છે. એ કોષ (Cell)માં અનંતા આત્માઓ છે પણ આપણે ક્યારેય આત્માને શરીરથી ભિન્ન જોઈ શકતા નથી. આપણે જે જોઈએ છે તે ફક્ત એક શરીર જ છે. તે એક કોષ સ્વરૂપ શરીરમાં અનંતા આત્માઓ રહેલા હોય છે.

ડૉ. નંદલાલ જૈનઃ આ એક કલ્પના નથી ?

મુનિ નંદીઘોષવિજયઃ ના, આપણે કોઈપણ સાધન વડે એ અનંતા આત્માઓને જોઈ શકતા નથી તેટલા માત્રથી તે કલ્પના ન કહેવાય. કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્માઓએ જે કાંઈ કેવળજ્ઞાનથી જોયું છે, તેનું જ નિરૂપણ તેઓએ કર્યું છે માટે તે કલ્પના નથી પણ વાસ્તવિક છે.

તમે તો રસાયણશાસ્ત્રી વિજ્ઞાની છો. તમે ઇલેક્ટ્રૉન, પ્રોટૉન, ન્યૂટ્રૉન, ક્વાર્ક વગેરે સબ-ઍટમિક પાર્ટિકલ્સ જોયાં છે ? આ સૂક્ષ્મ કણો કેટલા વિજ્ઞાનીઓએ જોયાં છે ?

ડૉ. નંદલાલ જૈનઃ ના, મેં આ સૂક્ષ્મ કણો જોયાં નથી અને આ સૂક્ષ્મ કણો આંગળીના વેઢે ગણાય તેટલા જ વિજ્ઞાનીઓએ જોયાં છે.

મુનિ નંદીઘોષવિજયઃ બરાબર, તમે કે મેં, આપણે કોઈએ એ સૂક્ષ્મ કણો જોયાં નથી.

આમ છતાં આપણે તેના અસ્તિત્વને સ્વીકારીએ છીએ. સામાન્ય મનુષ્ય એવા વિજ્ઞાનીઓએ જોયેલા સૂક્ષ્મ કણોને આપણે સ્વીકારીએ અને કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્માએ જોયેલ એક જ શરીરમાં રહેલ અનંત આત્માઓને આપણે કલ્પના કહીએ તે બરાબર નથી.

ડૉ. નંદલાલ જૈનઃ બીજી વાત, બટાકામાં જો અનંત જીવો હોય તો તે જ બટાકાના રસમાં, કણો/માવામાં અન્ય પ્રકારના જીવાણુઓનો ઉછેર કરવામાં આવે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે જેને કલ્ચર (Culture) કહેવામાં આવે છે તે શુદ્ધ અર્થાત્ તેમાં ફક્ત તે જ પ્રકારનાં જીવાણુ જોવા મળે છે, એમ કેમ ? જો બટાકા અનંતકાય હોય તો તે જીવો પણ તેમાં દેખાવા જોઈએ. જ્યારે પ્રયોગમાં એવું દેખાતું નથી તેનું શું કારણ ?

મુનિ નંદીઘોષવિજયઃ તમારી વાત બરાબર છે. તમે જ્યારે કલ્ચર (Culture) કરવા માટે બટાકા વગેરેનો રસ કે માવો વગેરે લો છો ત્યારે તે પણ સજીવ જ હોય છે તેના પ્રત્યેક કણમાં અનંત અનંત આત્માઓ હોય છે. પરંતુ બીજા જીવો તેનો ફક્ત સ્ટાર્ચના કણો તરીકે ખોરાકમાં ઉપયોગ કરે છે માટે જ કલ્ચર(Culture)માં જે જીવાણુ ઉછેરવામાં આવે છે તેમાં તેના સિવાય બીજા જીવો દેખાતા નથી.

ડૉ. નંદલાલ જૈનઃ જ્યાં જીવોનો સમૂહ છે, ત્યાં તેને અનુકૂળ પરિસ્થિતિ સમાપ્ત કરી દેવામાં આવે તો તે જીવો મરી જશે અને તો તેમના મૃત્યુ પછી તેમાં બટાકા વગેરેમાં સડો થઈ જશે અને તે લાંબા સમય સુધી સારાં રહી શકશે નહિ પરંતુ કંદમૂળ ઘણા લાંબા સમય સુધી તાજા જ રહે છે. તેનું શું કારણ ? જો તેમાં જીવ હોય તો જમીનની અંદર જ તે સુરક્ષિત રહી શકે છે. તેણે માટીમાંથી બહાર કાઢ્યા પછી તેમાંનાં જીવોનું મૃત્યુ થઈ જશે અને તે સડવા માંડશે.

મુનિ નંદીઘોષવિજયઃ જેઓ આવું માને છે તેમની આ માન્યતા તદ્દન ખોટી છે. તેને નિર્જીવ કરવાનો ફક્ત એક જ ઉપાય છે. પરકાયશસ્ત્રથી ઘાત અર્થાત્ છરી વગેરેથી ટૂકડા કરીને અગ્નિથી રાંધવું.

બીજી વાત, સજીવ પદાર્થમાંથી આત્મા નીકળી જાય પછી અર્થાત્ તેનું મૃત્યુ થઈ જાય પછી તેના શરીરમાં સડો થઈ જ જાય એવો કોઈ નિયમ નથી. આધુનિક યુગમાં અને પ્રાચીન કાળમાં મૃતકને લાંબા સમય સુધી સાચવી રાખવા માટે શુષ્કીકરણની પદ્ધતિ અપનાવવામાં આવતી હતી માટે કંદમૂળને એ રીતે સુકવી દેવામાં આવે તો તેમાં સડો થવાની કોઈ શક્યતા રહેતી નથી. દા. ત. આદુમાંથી સૂંઠ

ડૉ. નંદલાલ જૈનઃ જો આપણે કંદમૂળ નથી ખાતા તો સૂંઠ, હળદર કેમ ખવાય?

મુનિ નંદીઘોષવિજયઃ આદુ, હળદર લીલાં હોય ત્યારે અનંતકાય હોય છે. તે સ્વયમેવ સુકાઈ જાય પછી તે અનંતકાય રહેતાં નથી. સૂર્યપ્રકાશમાં તે સ્વયમેવ સુકાઈ જાય છે, તે માટે તેના છરીથી ટૂકડા કરવા પડતા નથી. જ્યારે બટાકાને સુકવવા માટે સમારવા પડે છે. બીજી વાત, સૂંઠ, હળદર ઔષધ છે. તેનો ખૂબ જ અલ્પ પ્રમાણમાં આખા દિવસમાં ભાગ્યે જ એકાદ ચમચી જેટલો ઉપયોગ થાય છે. જ્યારે બટાકા વગેરે ખોરાક છે, માટે પ્રાચીન આચાર્યો દ્વારા સૂંઠ, હળદર આચીર્ણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, જ્યારે બટાકા વગેરેની કાતરી અનાચીર્ણ છે, માટે તેનો ઉપયોગ થઈ શકે નહિ.

ડૉ. નંદલાલ જૈનઃ કંદમૂળ સિવાયની વનસ્પતિમાં કીડા, ઈયળ વગેરે જોવા મળે છે, જ્યારે કંદમૂળને કાપતાં તે એકદમ સાફ ચોખ્ખા જોવા મળે છે.

મુનિ નંદીઘોષવિજયઃ શાસ્ત્રકારોએ અનંતકાયની આ જ ઓળખાણ આપી છે. અનંતકાયના ટૂકડા કરતાં, તેના વ્યવસ્થિત સપ્રમાણ ટૂકડા થાય છે. તેમાં તાંતણા રેષા અને ગાંઠ વગેરે હોતાં નથી. આમ છતાં તેમાં સૂક્ષ્મ જીવાણુ કીટાણુ તો હોવાના જ.

ડૉ. નંદલાલ જૈનઃ બટાકાનું નામ આપણા પ્રાચીન શાસ્ત્રોમાં મળી શકતું નથી કારણ કે બટાકા ભારતની પેદાશ નથી. સર વૉલ્ટર રયાલ ઈ. સ. 1586માં તેને દક્ષિણ અમેરિકા(બ્રાઝિલ)થી વિલાયત લાવ્યા. ત્યારપછી ઈ. સ. 1615 આસપાસ બટાકા ભારતમાં આવ્યા, માટે બટાકા અનંતકાય છે એવું કથન કેવલી સર્વજ્ઞનું નથી, પરંતુ કોઈક છદ્મસ્થે છોડેલ ગપ્પું જ છે.

મુનિ નંદીઘોષવિજયઃ ના, આ વાત બરાબર નથી. શાસ્ત્રોમાં બધા જ પ્રકારનાં અનંતકાયનાં નામનો ઉલ્લેખ સંભવિત નથી. પરંતુ અનંતકાયનાં લક્ષણો જ શાસ્ત્રમાં આવે છે. એ લક્ષણોના આધારે આપણા પ્રાચીન આચાર્યોએ બટાકા વગેરેને અનંતકાય બતાવ્યા છે. સફરજન વગેરે પણ ભારતની ઉપજ નથી અને શાસ્ત્રમાં ક્યાંય તેનો ઉલ્લેખ આવતો નથી, આમ છતાં આપણા પ્રાચીન/અર્વાચીન કોઈપણ આચાર્યે તેનો નિષેધ કર્યો નથી.

ડૉ. નંદલાલ જૈનઃ આપની સાથેની આ વાતચીતથી ઘણા વર્ષોથી મારા મનમાં બટાકા વગેરે અંગે જે પ્રશ્નો હતા તેનું સુંદર સમાધાન થયું છે.

બહુબીજ અંગે પણ લોકો વારંવાર પ્રશ્ન પૂછે છે. તે અંગે ઈસરોના વિજ્ઞાની ડૉ. રજનીભાઈ દોશી સાથે નીચે પ્રમાણે વાતચીત થઈ હતી.

ડૉ. રજનીભાઈ દોશીઃ રીંગણ, અંજીર, જમરૂખ વગેરેમાં બહુબીજ છે માટે તે અભક્ષ્ય છે, તો કાકડી, ભીંડાં વગેરે બહુબીજ નથી ?

મુનિ નંદીઘોષવિજયઃ 'ધર્મસંગ્રહ' નામના ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે બહુબીજ વનસ્પતિનાં બીજની ઉપર સૂક્ષ્મ પારદર્શક પડ હોતું નથી. જ્યારે કાકડી વગેરેનાં બીજની ઉપર સૂક્ષ્મ પારદર્શક પડ હોય છે માટે તે બહુબીજ કહેવાતાં નથી. બીજું બીજનાં પ્રકાર ઉપર પણ તેનો આધાર રહે છે. જે વનસ્પતિનાં બીજ રસોઈ દરમ્યાન નિર્જીવ થઈ જતાં હોય તે વનસ્પતિ ભક્ષ્ય બને છે જ્યારે જે વનસ્પતિનાં બીજ રસોઈ દરમ્યાન નિર્જીવ થતાં નથી માટે તેવી વનસ્પતિ અભક્ષ્ય બને છે. દા. ત. જમરૂખ વગેરે, જ્યારે અંજીર વગેરે તો કાચાં જ ખવાય છે. આથી તે અભક્ષ્ય બને છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધુનિક વિજ્ઞાન પ્રમાણે રીંગણમાં વિષમય દ્રવ્ય વધુ પ્રમાણમાં છે. તેથી તે અભક્ષ્ય જ છે.

જૈન પરંપરામાં 'યતના' જ મુખ્ય ધર્મ છે. 'દશવૈકાલિકસૂત્ર'માં જ્યારે શિષ્યને કહેવામાં આવ્યું કે ચાલવાથી હિંસા થાય છે, ઊભા રહેવાથી, બેસવાથી, સૂઈ રહેવાથી, બોલવાથી, અરે ! આહાર કરવાથી પણ હિંસા થાય છે. તો શિષ્ય પ્રશ્ન પૂછે છે કે જો ચાલવાથી, ઊભા રહેવાથી, બેસવાથી, સૂવાથી, બોલવાથી અને આહાર કરવાથી પણ હિંસા થતી હોય તો અમારે જીવન કઈ રીતે પસાર કરવું ?

कहं चरे ? कहं चिट्ठे ? कहमासे ? कहं सए ?
कहं भुंजंतो ? भासंतो ? पावकम्मं न बंधइ ?

दशवैकालिक सूत्र, अध्ययन - ४, गाथा - ७

આ પ્રશ્નના ઉત્તરમાં ગુરુ કહે છે :

जयं चरे, जयं चिट्ठे, जयमासे, जयं सए ।
जयं भुंजंतो, भासंतो, पावकम्मं न बंधइ ।।

दशवैकैलिक सूत्र, अध्ययन - ४, गाथा - ८

જયણાપૂર્વક ચાલવું, જયણાપૂર્વક ઊભા રહેવું, જયણાપૂર્વક બેસવું, સૂવું, બોલવું અને આહાર કરવો જેથી પાપ કર્મ બંધાય નહિ.

આ રીતે જૈનધર્મમાં જયણા જ મુખ્ય છે માટે ઓછામાં ઓછા સાવદ્ય વ્યાપાર દ્વારા જીવન નિર્વાહ કરવાની સૂચના શાસ્ત્રકારોએ આપી છે. જે જયણાના વધુમાં વધુ પાલન દ્વારા જ સફળ થઈ શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 15

## ષડ્ આવશ્યક : એક વૈજ્ઞાનિક વિશ્લેષણ

યાકિનીમહત્તરાસુનુ ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજે યોગવિંશિકાની પ્રથમ ગાથામાં કહ્યું છે કે "મોક્ખેણ જોયણાઓ જોગો" જે ક્રિયા આત્માને મોક્ષની સાથે જોડી આપે તે ક્રિયાને 'યોગ' કહેવાય છે.[1] ત્રિશલાનંદન કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીએ સર્વજીવોના હિતને માટે અનેક પ્રકારની યૌગિક પ્રક્રિયાઓનું નિરૂપણ કર્યું છે. તેમાં છ આવશ્યક એક મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા છે. જૈનદર્શનની એક વિશિષ્ટતા એ છે કે એની કોઈપણ ક્રિયા સંપૂર્ણપણે સપ્રયોજન, સંહેતુક અને વૈજ્ઞાનિક હોય છે અને એ ક્રિયામાં આત્માને કર્મથી રહિત બનાવી મોક્ષ અપાવવાની અચિંત્ય શક્તિ હોય છે.

છ આવશ્યક સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા માટે એક મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા છે. આ છ આવશ્યક પ્રતિક્રમણમાં આવે છે અને પ્રતિક્રમણની આ વિશિષ્ટ વિધિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના સમયથી ચાલી આવે છે.[2] પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર પ્રભુ તથા ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના શાસનકાળમાં દેવસિ, રાઈ, પક્ખી, ચૌમાસી, તથા સાંવત્સરિક એમ પાંચ પ્રકારના પ્રતિક્રમણ છે. જ્યારે શ્રી અજિતનાથ વગેરે બાવીસ તીર્થંકરોના શાસનકાળમાં માત્ર દેવસિ અને રાઈ પ્રતિક્રમણ હતા..[3] અર્થાત્ તેઓના શાસનકાળમાં પણ છ આવશ્યક તો હતાં જ..

છ આવશ્યકમાં પ્રતિક્રમણ સૌથી મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા છે કારણ કે તેમાં છએ આવશ્યકનો સમાવેશ થઈ જાય છે. આ વિધિનાં મૂળ સૂત્રો દ્વાદશાંગીનાં રચયિતા, તીર્થંકર પરમાત્માના મુખ્ય શિષ્યો-ગણધર ભગવંતોએ રચેલાં છે એવી માન્યતા પરંપરાથી ચાલી આવે છે.[4] ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના અર્ધમાગધી ભાષામાં કરી છે તથા તેના મૂળ સ્વરૂપ ઉપદેશ ચરમ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામીએ લોકબોલી સ્વરૂપ અર્ધમાગધી ભાષામાં આપ્યો છે. શ્રી મહાવીરસ્વામીએ ઉપદેશ માટે તથા ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના માટે સમગ્ર ભારતવર્ષમાં પ્રયુક્ત વિવિધ ભાષાઓ તથા વિદ્વદ્માન્ય સંસ્કૃત ભાષામાંથી અર્ધમાગધી ભાષાને જ કેમ પસંદ કરી ? તેના પ્રત્યુત્તર સ્વરૂપે સામાન્ય રીતે એમ કહેવામાં આવે છે કે લોકો સારી રીતે સમજી શકે તે માટે પ્રભુએ ઉપદેશ લોકબોલી સ્વરૂપ અર્ધમાગધી ભાષામાં આપ્યો. પરંતુ આ વાત યોગ્ય નથી કારણ કે કોઈપણ તીર્થંકર પરમાત્માની વાણીનો એક અતિશય-વિશિષ્ટતા એ છે કે પ્રભુની વાણીને કોઈપણ મનુષ્ય, સ્ત્રી-પુરુષ પોતાની ભાષામાં સમજી શકે છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલું જ નહિ પશુ-પક્ષી વગેરે તિર્યંચો પણ પ્રભુજીના ઉપદેશને પોતાની ભાષામાં સમજી શકે છે. વળી શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના કાળમાં સમગ્ર ભારતવર્ષમાં વિવિધ લોકબોલી પ્રચલિત હતી તેમાંથી અર્ધમાગધી ભાષામાં જ ઉપદેશ આપવાનું તથા ગણધર ભગવંતો દ્વારા તે જ ભાષામાં સૂત્ર રચના કરવાનું મુખ્ય કારણ વૈજ્ઞાનિક છે.

આ છ આવશ્યક કરવા માટેની યોગ્યતા અલ્પકષાયતા, તથા તેનું પ્રયોજન રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાયના પરિણામ ઓછા કરવાનું-ક્ષીણ કરવાનું છે, તેમાં વાણી તથા વાણીમાં પ્રયોજાતા શબ્દો અને વર્ણો-અક્ષરો એક મહત્ત્વનું પરિબળ છે. ક્રોધાદિ કષાયથી અભિભૂત મનુષ્યની વાણી અત્યંત કઠોર અને કર્કશ હોય છે. જ્યારે છ આવશ્યક દ્વારા કષાયજય કરવા તત્પર બનેલ મનુષ્યની વાણી અત્યંત મૃદુ અને કોમળ હોવી જોઈએ.

ધ્વનિ-શબ્દ પણ પૌદ્‌ગલિક છે અર્થાત્ પુદ્‌ગલ દ્રવ્યના સૂક્ષ્મ અવિભાજ્ય અંશ સ્વરૂપ પરમાણુઓના સમૂહથી નિષ્પન્ન છે અને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ પુદ્‌ગલ દ્રવ્યનું એક મહત્ત્વનું લક્ષણ છે તેથી દરેક શબ્દ કે ધ્વનિમાં તે ચારેય હોવાનાં જ. પરંતુ મૃદુ અને કોમળ સ્પર્શવાળા ધ્વનિમાં શુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. જ્યારે કઠોર અને કર્કશ સ્પર્શવાળા ધ્વનિમાં અશુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. અશુભ વર્ણવાળા ધ્વનિ-શબ્દો, તેનો પ્રયોગ કરનાર તથા તેનું શ્રવણ કરનારના મનમાં અશુભ અસરો ઉત્પન્ન કરે છે. તેના પરિણામે પ્રયોક્તા અને શ્રોતા બન્ને અશુભ કર્મબંધ કરે છે. જ્યારે છ આવશ્યકની પરમ પવિત્ર ક્રિયા મુખ્યત્વે શુભ-અશુભ બન્ને પ્રકારનાં કર્મની નિર્જરા કરવા માટે કરવામાં આવે છે. તેથી આ ક્રિયા કરનારને કદાચ કર્મનિર્જરા ન થાય તો પણ અશુભ કર્મનો બંધ તો ન જ થવો જોઈએ એવાં પારમાર્થિક પ્રયોજનપૂર્વક ગણધર ભગવંતોએ, તેઓ સંસ્કૃત ભાષાનાં પ્રકાંડ વિદ્વાન્ અને ચૌદ વિદ્યાના પારગામી હોવા છતાં આપણા આગમો-દ્વાદશાંગી અને આવશ્યકસૂત્રોને અર્ધમાગધી ભાષામાં સૂત્રબદ્ધ કર્યા છે.

સંસ્કૃતભાષા અને સંસ્કૃતભાષા ઉપરથી ઊતરી આવેલી ભારતીય ભાષાઓમાં સામાન્ય રીતે 12 કે 14 સ્વરો અને 33 વ્યંજનો હોય છે. પરંતુ અમુક ભાષામાં એ બધા જ સ્વરો અને વ્યંજનોનો ઉપયોગ થતો નથી. તેમાંય અર્ધમાગધી ભાષામાં અત્યંત કઠોર અને કર્કશ ગણાતા સ્વર-વ્યંજન તથા જોડાક્ષરોનો પ્રયોગ થતો નથી. અર્ધમાગધી ભાષામાં શબ્દો અત્યંત મૃદુ અને કોમળ હોય છે. આ શબ્દોનો ઉચ્ચાર પણ પ્રયોક્તા અને શ્રોતાના મન/અધ્યવસાયમાં અનેરું પરિવર્તન કરવા સમર્થ હોય છે. આ અધ્યવસાયના શુદ્ધિકરણથી આપણા આભામંડળનું પણ શુદ્ધિકરણ થાય છે અને તે દ્વારા શારીરિક, માનસિક, ભૌતિક અને આધ્યાત્મિક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉન્નતિ થાય છે અને એટલે જ આપણા સૂત્રો અને આગમોને આપણા પૂર્વના આચાર્યો/મહાપુરુષો મંત્ર સ્વરૂપ માનતા હતા. જે રીતે વિદ્યા કે મંત્રનો અર્થ જાણ્યા વગર પણ એ વિદ્યા કે મંત્રનો પાઠ-જાપ ઇષ્ટ કાર્યસિદ્ધિ કરી આપે છે, તે રીતે આ સૂત્રોના શબ્દોના અર્થ સમજ્યા વગરનું મૂળ શબ્દોનું શ્રવણ પણ શ્રોતા અને પ્રયોક્તા બન્નેનું કલ્યાણ કરનાર બને છે અને એટલા માટે જ પર્યુષણા મહાપર્વમાં છેલ્લા દિવસે શ્રી કલ્પસૂત્ર મૂળ અર્થાત્ શ્રી બારસાસૂત્રનું સાદ્યંત વાંચન-શ્રવણ કરવા-કરાવવામાં આવે છે. તેમાંય પ્રત્યેક સાધુ-સાધ્વી માટે આ બારસાસૂત્રનું શ્રવણ અતિ આવશ્યક ગણાય છે.

"નમો અરિહંતાણં" બોલતી વખતે જે ભાવ આવે છે, તે ક્યારેય "અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ" બોલતાં આવવાનો નથી. નમસ્કાર મહામંત્ર આદિ પ્રતિક્રમણનાં સર્વ સૂત્રો મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિનું મહાન સાધન છે. વળી અત્યારે અમેરિકામાં જેઓ જૈન નથી એવા સેંકડો અમેરિકનો માનસિક શાંતિ માટે નમસ્કાર મહામંત્ર વગેરેનો ઉચ્ચારપૂર્વક જાપ કરે છે અને માનસિક શાંતિ પ્રાપ્ત કરે છે.

આઠેક વર્ષ પહેલાં ઈંગ્લેન્ડની સુવિખ્યાત પ્રકાશન સંસ્થા Thames Hudson દ્વારા પ્રકાશિત 'Yantra' પુસ્તક મારા વાંચવામાં આવ્યું. તેમાં તેના લેખક શ્રી મધુ ખન્નાએ બતાવ્યું છે કે રૉનાલ્ડ નામેથ (Ronald Nameth) નામના વિજ્ઞાનીએ બ્રાહ્મણોના 'શ્રીસુક્ત'ના ધ્વનિને Tonoscape નામના યંત્રમાંથી પસાર કરતાં તેના પડદા ઉપર 'શ્રીયંત્ર'ની આકૃતિ પ્રાપ્ત થાય છે.[8] હવે 'શ્રીસુક્ત'ના બદલે તેના અર્થના ધ્વનિને કે શ્રીસુક્તના શબ્દોના ક્રમને બદલીને તેનો ધ્વનિ પસાર કરવામાં આવે તો શ્રીયંત્રની આકૃતિ પ્રાપ્ત થાય ખરી? અર્થાત્ ચૌદપૂર્વધર દ્વાદશાંગીનાં રચયિતા ગણધર ભગવંતોએ જે સૂત્રરચના કરી છે તે સંપૂર્ણ વૈજ્ઞાનિક અને સર્વજીવોનું હિત કરનાર મંત્ર સ્વરૂપ છે અને એટલા માટે જ કદાચ 'નમસ્કાર મહામંત્ર'ના મૂળભૂત સ્વરૂપને 'નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ' સ્વરૂપ સંસ્કૃતમાં સંક્ષેપ કરનાર પ્રકાંડ તાર્કિક અને કવિ શ્રી સિદ્ધસેન દિવાકરજીને તેમના ગુરુ ભગવંત શ્રી વૃદ્ધવાદિસૂરિજીએ આગમસૂત્રોને સંસ્કૃતમાં ફેરવવાનો વિચાર કરવા બદલ કઠોર પ્રાયશ્ચિત આપી થોડા સમય માટે સંઘ બહાર કર્યા હતા.

આ હકીકતો એમ દર્શાવે છે કે પ્રતિક્રમણનાં મૂળ સૂત્રોમાં કોઈ જ ફેરફાર કરવો તે તેના મહત્ત્વનો અને તેની અસરોનો નાશ કરનાર બને છે. ખુદ તીર્થંકર પરમાત્મા પણ દીક્ષા સમયે 'કરેમિ ભંતે' સૂત્રનો ઉચ્ચાર કરે છે,[9] પણ તેના અર્થનો ઉચ્ચાર કરતા નથી અને તે રીતે સૂત્રના મૂળ શબ્દનો આદર કરે છે.

અહીં ફક્ત મૂળ શબ્દનું જ મહત્ત્વ બતાવ્યું છે, પણ શાસ્ત્રકાર ભગવંતોએ તો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ શબ્દની સાથે તેના અર્થને પણ એટલું જ મહત્ત્વ આપ્યું છે કારણ કે અર્થ વિના ભાવશુદ્ધિ - અધ્યવસાયશુદ્ધિ સરળતાથી થઈ શકતી નથી. તેથી શાસ્ત્રકારોએ વ્યંજન-અર્થ અને તદુભય અર્થાત્ વ્યંજન અને અર્થ-બન્નેનો જ્ઞાનાચારમાં સમાવેશ કર્યો છે."[11]

સંવત્સરી પ્રતિક્રમણ અર્થાત્ પર્યુષણાની આરાધના શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના સમયથી અવિચ્છિન્નપણે ચાલી આવે છે. અલબત્ત, આ પ્રતિક્રમણની વિધિમાં સૈકે સૈકે અથવા સંપ્રદાય ભેદે થોડીક ભિન્નતા થતી આવી છે. આ વિધિમાં પ્રાયશ્ચિત તથા કર્મક્ષયના કાયોત્સર્ગ/કાઉસગ્ગ, સ્તવન-સજ્ઝાય (સ્વાધ્યાય) નિત્યક્રમમાં આવતાં હોવાથી તેમને પ્રતિક્રમણની વિધિ સાથે જોડી દેવામાં આવ્યા છે. એટલો ભાગ પ્રક્ષિપ્ત છે. બાકી મૂળવિધિમાંથી કાંઈપણ ઓછું કરવામાં આવ્યું નથી. શ્રીકલ્પસૂત્ર મૂળ(બારસાસૂત્ર)માં સામાચારીમાં ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીએ સ્વયં કહ્યું છે કે જે પ્રમાણે તીર્થંકર પરમાત્માએ ચાતુર્માસના પચાસમા દિવસે પર્યુષણાની આરાધના કરી તે જ પ્રમાણે ગણધર ભગવંતોએ પણ ચાતુર્માસના પચાસમા દિવસે પર્યુષણા કર્યા છે. જે રીતે ગણધર ભગવંતોએ પર્યુષણા કર્યા તે રીતે ગણધર ભગવંતોના શિષ્યોએ પણ ચાતુર્માસના પચાસમા દિવસે પર્યુષણા કર્યા, તે જ રીતે સ્થવિર મુનિઓએ પર્યુષણા કર્યા અને તે જ પ્રમાણે અત્યારે જે શ્રમણ નિર્ગ્રંથો વિચરે છે તેઓ પણ ચાતુર્માસના પચાસમા દિવસે પર્યુષણા કરે છે, તે રીતે અમે આચાર્યો, ઉપાધ્યાયો પણ આજે ચાતુર્માસના પચાસમા દિવસે પર્યુષણા કરીએ છીએ. પરંતુ ભાદરવા સુદ-4ની રાત્રિનું ઉલ્લંઘન કરવું કલ્પે નહિ.

(जहा णं समणे भगवं महावीरे वासाणं सवीसइ राए मासे विइक्कंते वासावासं पज्जोसवेइ, तहा णं गणहरावि वासाणं सवीसइ राए मासे विइक्कंते वासावासं पज्जोसविंति । जहा णं गणहरावि वासाणं सवीसइ राए मासे विइक्कंते वासावासं पज्जोसविंति तहा णं गणहरसीसावि वासाणं जाव पज्जोसविंति । जहा णं गणहरसीसावि वासाणं सवीसइ राए मासे विइक्कंते वासावासं पज्जोसविंति तहा णं थेरावि वासाणं जाव पज्जोसविंति । जहा णं थेरावि वासाणं सवीसइ राए मासे विइक्कंते वासावासं पज्जोसविंति तहा णं जे इमे अज्जत्ताए समणे निग्गंथा विहरंति एएवि य णं वासाणं जाव पज्जोसविंति । जहा णं जे इमे अज्जत्ताए समणे निग्गंथा वासाणं जाव पज्जोसविंति, तहा णं अम्हं पि आयरिया उवज्झाया वासाणं



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जाव पज्जोसविंति । जहा णं अम्हं पि आयरिया उवज्झाया वासाणं जाव पज्जोसविंति तहा णं अम्हे वि सवीसइ राए मासे विइक्कंते वासावासं पज्जोसवेमो । अंतरावि य से कप्पइ पज्जोसवित्तए । नो से कप्पइ तं रयणिं उवाइणावित्तए ।) [ कल्पसूत्र सामाचारी सूत्र-३, ४, ५, ६, ७, ८ ]

પર્યુષણા એટલે સંવત્સરી/વાર્ષિક પ્રતિક્રમણ અર્થાત્ આપણી પ્રતિક્રમણની વિધિ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના સમયથી ચાલી આવે છે. પ્રતિક્રમણની વિધિમાં અમુક સૂત્રો વારંવાર આવે છે તેથી વિધિના તથા તેના પ્રયોજન સંબંધી રહસ્યોથી અજ્ઞાત આરાધકોના મનમાં એવો પ્રશ્ન ઉત્પન્ન થાય કે આ સૂત્ર તો પૂર્વે આવી ગયેલ છે તો અહીં તેને પુનઃ શા માટે મૂકવું જોઈએ? વસ્તુતઃ કોઈપણ એક શબ્દ કે સૂત્રનો જ્યારે આપણે પુનઃ પ્રયોગ કરીએ છીએ ત્યારે પૂર્વના સંદર્ભ કરતાં પછીનો સંદર્ભ ભિન્ન હોય છે અને તે જ કારણે તે શબ્દ કે સૂત્ર જેટલી વાર પ્રયોજાય તેટલી વાર દરેક વખતે તેની વિભાવના (Concept) અને તાત્પર્ય ભિન્ન ભિન્ન હોય છે. દા.ત. 'ધર્મ' શબ્દ. ધર્મ શબ્દના વિભિન્ન અર્થો છે એટલે ભિન્ન ભિન્ન વાક્યો અને પ્રસંગોના સંદર્ભમાં તેના ભિન્ન ભિન્ન અર્થ થતા હોય તે સ્વાભાવિક છે. આમ છતાં, એક જ અર્થમાં એક જ ગ્રંથ કે લેખમાં ભિન્ન ભિન્ન સ્થળે પ્રયુક્ત ધર્મ શબ્દની વિભાવના સર્વ સ્થળે સમાન હોતી નથી. તેમાં થોડી થોડી ભિન્નતા આવતી જ હોય છે. તે જ રીતે સામાયિક-પ્રતિક્રમણ આદિની વિધિમાં વિવિધ સ્થળે પ્રયુક્ત એક જ સૂત્ર વિભિન્ન સ્થળોના સંદર્ભમાં વિભિન્ન વિભાવના, અર્થ અને પ્રયોજન ધરાવતા હોય છે. એટલે તે સૂત્ર પૂર્વે આવી ગયેલ હોવા છતાં, જે તે સ્થળે તેનું વિશિષ્ટ મહત્ત્વ હોય છે.

વળી પ્રતિક્રમણ આદિ વિધિઓમાં 'સુગુરુ વાંદણા' (વંદનક) સૂત્ર દરેક સમયે બબ્બે વાર બોલવામાં આવે છે. ઘણાને આ અંગે પ્રશ્ન થાય પરંતુ 'વાંદણા' સૂત્ર ગુરુ ભગવંત પ્રત્યેના વિનયની અભિવ્યક્તિ કરવા માટે છે અને ગુરુદેવ આપણા સૌથી નજીકના ઉપકારી છે કારણ કે પ્રભુની વાણીને આપણા સુધી પહોંચાડી, દેવ-ગુરુ અને ધર્મનું તાત્ત્વિક સ્વરૂપ તેઓ આપણને સમજાવે છે. તેથી ગુરુ પ્રત્યેનો અત્યંત પૂજ્યભાવ બતાવવા માટે 'વાંદણા' સૂત્ર બે વાર બોલવામાં આવે છે.

સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદનક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ છ આવશ્યકનો ક્રમ પણ ખૂબ જ વિચારપૂર્વક યોજવામાં આવ્યો છે. રાગ-દ્વેષના પરિણામ સમ-શિથિલ થયા વિના શ્રી જિનેશ્વર પ્રભુ કે શ્રી જિનેશ્વર પ્રભુએ પ્રરૂપેલ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મ કે તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન થતી નથી એટલે રાગ-દ્વેષના પરિણામ સમ કરવા માટે 'સામાયિક' આવશ્યક સૌ પ્રથમ કહ્યું છે. શાસ્ત્રોમાં સમ્યક્ત્વને પણ સામાયિક કહ્યું છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી પ્રભુ અને પ્રભુનાં વચનો પ્રત્યે શ્રદ્ધા, અહોભાવ અને પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે. પરિણામે તેઓ પ્રત્યે સ્વાભાવિક જ નમસ્કાર થઈ જાય છે, એટલે સામાયિક પછી તુરત 'ચતુર્વિંશતિસ્તવ' મૂક્યું છે.

તીર્થંકર પરમાત્મા પછી તુરતનું સ્થાન ગુરુ મહારાજનું છે એટલે તેમના પ્રત્યેનો વિનય-ભક્તિ-બહુમાન વ્યક્ત કરવા માટે 'વંદનક' આવશ્યક મૂક્યું છે. વળી પાપથી પાછા હઠવાની પ્રક્રિયા સ્વરૂપ પ્રતિક્રમણ હંમેશાં ગુરુની સમક્ષ, ગુરુની સાક્ષીએ કરવાનું હોય છે. આ ક્રિયા કરતાં પૂર્વે અવશ્ય તેમને વંદન કરવું જોઈએ તેથી પ્રતિક્રમણ પૂર્વે 'વંદનક' આવશ્યક મૂકવામાં આવ્યું છે.

'પ્રતિક્રમણ' આવશ્યકમાં ગુરુની સમક્ષ ભૂતકાળમાં થયેલા પાપોની કબુલાત કર્યા પછી ગુરુ ભગવંત એ પાપોના પ્રાયશ્ચિત રૂપે તપ, જપ, ક્રિયા, અનુષ્ઠાન કરવાનું કહે છે. તેના પ્રતીક સ્વરૂપે દૈનિક, પાક્ષિક, ચાતુર્માસિક કે સાંવત્સરિક પ્રાયશ્ચિત તરીકે અનુક્રમે પચાસ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ બે લોગસ્સ, ત્રણસો શ્વાસોચ્છ્વાસ પ્રમાણ બાર લોગસ્સ, પાંચસો શ્વાસોચ્છ્વાસ પ્રમાણ વીસ લોગસ્સ અને એક હજાર આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ ચાલીશ લોગસ્સ અને એક નવકારનો કાયોત્સર્ગ કરવામાં આવે છે. ધ્યાન સ્વરૂપ આભ્યંતર તપ અગ્નિ સમાન છે. તેનાથી પાપ કર્મ બળીને ભસ્મ થઈ જાય છે. પણ કાયોત્સર્ગ તો તેના કરતાં પણ ઉત્કૃષ્ટ સ્થિતિનું નિર્માણ કરે છે. કાયોત્સર્ગ સર્વ પ્રકારનાં, બાહ્ય-આભ્યંતર તપમાં સૌથી શ્રેષ્ઠ તપ છે કારણ કે કાયોત્સર્ગથી આત્માનો શરીર સાથેનો સંબંધ તૂટી જાય છે. આવી ઉત્કૃષ્ટ સ્થિતિનું નિર્માણ કાયોત્સર્ગ વગર શક્ય નથી.

ભૂતકાળમાં કરેલ/થયેલ પાપોનું મિથ્યા દુષ્કૃત દઈ તે માટેના પ્રાયશ્ચિત સ્વરૂપે કાયોત્સર્ગ રૂપ આભ્યંતર તપ કર્યા પછી એ પાપો ભવિષ્યમાં પુનઃ ન થાય તે માટેનું પ્રત્યાખ્યાન કરવું જરૂરી છે તેથી સૌથી છેલ્લે 'પ્રત્યાખ્યાન' આવશ્યક મૂક્યું છે.

આ રીતે છ આવશ્યકનો ક્રમ પણ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક અને આત્માના ગુણોની એ જ ક્રમથી પ્રાપ્તિ કરાવનાર છે.

આ છ આવશ્યકની ક્રિયા મન, વચન, કાયાની એકાગ્રતા, ત્રિકરણશુદ્ધિ અને શુદ્ધભાવપૂર્વક કરવામાં આવે તો યાકિનીમહત્તરાસુનુ ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના કથન અનુસાર તે આત્માને મોક્ષની સાથે જોડનાર હોવાથી યોગ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપ - ધ્યાન સ્વરૂપ બને છે માટે સૌ શ્રદ્ધાળુ શ્રાવકોએ પૂરેપૂરી ભક્તિ-બહુમાન અને શ્રદ્ધાપૂર્વક છ આવશ્યક પ્રતિદિન કરવાં જોઈએ.

પ્રાંતે છ આવશ્યક અંગે પરમ પવિત્ર ગીતાર્થ શાસ્ત્રકાર ભગવંતોના આશય વિરુદ્ધ કે જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં દઈ વિરમું છું.

સંદર્ભ:

1. 'યોગવિંશિકા' ગાથા-1 કર્તા: યાકિનીમહત્તરાસુનુ શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ

2. શ્રીકલ્પસૂત્ર ટીકા, પ્રથમ વ્યાખ્યાન, મૂળ: શ્રીભદ્રબાહુસ્વામીજી, ટીકાકાર: ઉપા. શ્રીવિનયવિજયજી

3. એજન.

4. તૃતીય આગમ સ્થાનાંગસૂત્રમાં અંગબાહ્યશ્રુતના આવશ્યક અને આવશ્યકવ્યતિરિક્ત એવા બે ભેદ બતાવી આવશ્યકને ગણધરકૃત અને આવશ્યકવ્યતિરિક્તને સ્થવિરકૃત બતાવ્યું છે.

5. તિરિ, નર, સુરસમુદાય કે અચિરાના નંદ રે,
એક યોજનમાંહે સમાય કે અચિરાના નંદ રે,
તેહને પ્રભુજીની વાણી કે અચિરાના નંદ રે,
પરિણમે સમજે ભવિ પ્રાણી કે અચિરાના નંદ રે.

શ્રીશાંતિનાથજિનસ્તવન, રચયિતા: પં. શ્રીપદ્મવિજયજી મહારાજ

6. * જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો લે. મુનિ નંદીઘોષવિજયજી પૃ. 89

** સદ્ધયાર ઉજ્જોઅ, ....... નવતત્ત્વ ગાથા-11

*** સ્પર્શ-રસ-ગંધ-વર્ણવન્તઃ પુદગલાઃ ।। ।। તત્ત્વાર્થસૂત્ર અધ્યાય-5, સૂત્ર-28

7. જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો લે. મુનિ નંદીઘોષવિજયજી 'મંત્ર, યંત્ર અને ધ્વનિ : એક વૈજ્ઞાનિક વિશ્લેષણ' પૃ.188

8. *જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો લે. મુનિ નંદીઘોષવિજયજી 'મંત્ર, યંત્ર અને ધ્વનિ : એક વૈજ્ઞાનિક વિશ્લેષણ' પૃ.191

** 'Yantra' by Madhu Khanna, p. 116

9. શ્રીકલ્પસૂત્ર ટીકા, વ્યાખ્યાન-5 મૂળ: શ્રીભદ્રબાહુસ્વામીજી, ટીકાકાર: ઉપા. શ્રીવિનયવિજયજી

10. વંજન અત્થ તદુભયે..... નાણંમિ સૂત્ર, ગાથા-2

11. શ્રીકલ્પસૂત્ર મૂળ, સામાચારી, સૂત્ર નં.- 3થી 8



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 16

# ઈન્દ્રિય અને ઈન્દ્રિયજ્ઞાન : આધુનિક વિજ્ઞાન અને જૈનદર્શનની દૃષ્ટિએ

જૈનદર્શન સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે એવું આધુનિક વિજ્ઞાનનાં સંશોધનો દર્શાવે છે. જૈનદર્શનનાં સિદ્ધાંતોની પ્રરૂપણા સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માએ કરી છે. જૈનદર્શનની માન્યતા પ્રમાણે આ બ્રહ્માંડ-લોક કાળથી અનાદિ અનંત છે[1] તેથી તેના સિદ્ધાંતોની પ્રરૂપણા કરનાર તીર્થંકરો પણ અનંતા થયા છે અને ભવિષ્યમાં અનંતા તીર્થંકરો થશે. બધા જ તીર્થંકરો એક સરખા જ સિદ્ધાંતોની પ્રરૂપણા કરે છે.

આ તીર્થંકર પરમાત્માની સૌથી મોટી વિશેષતા એ છે કે પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી તેઓ તેમના સાધના કાળમાં સંપૂર્ણ મૌન રાખે છે. સાધના પૂર્ણ થયા બાદ કેવલજ્ઞાન સ્વરૂપ ઉત્કૃષ્ટ આત્મપ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત થયા પછી જ તેઓ વાણીનો પ્રવાહ શરૂ કરે છે અર્થાત્ ઉપદેશ આપે છે.[2]

તેઓએ શરીરધારી સંસારી જીવોના ઈન્દ્રિયના આધારે પાંચ પ્રકાર બતાવ્યા છે. ઈન્દ્રિય પાંચ છે. 1. સ્પર્શનેન્દ્રિય / ત્વચા, 2. રસનેન્દ્રિય / જીભ, 3. ઘ્રાણેન્દ્રિય / નાક, 4. ચક્ષુરિન્દ્રિય / આંખ, 5. શ્રવણેન્દ્રિય / કાન.[3]

એકેન્દ્રિય જીવોને ફક્ત એક જ ઈન્દ્રિય - સ્પર્શનેન્દ્રિય હોય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એકેન્દ્રિય જીવો છે. બેઈન્દ્રિય જીવોને ફક્ત બે ઈન્દ્રિય- સ્પર્શનેન્દ્રિય તથા રસનેન્દ્રિય હોય છે. શંખ, કોડા, જળો, કરમિયા, પોરા, અળસિયા વગેરે બેઈન્દ્રિય જીવો છે. તેઈન્દ્રિય જીવોને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય હોય છે. માંકડ, જૂ, કીડી, ઉધઇ, મંકોડા, ઈયળ, ઘીમેલ, ધનેરાં વગેરે તેઈન્દ્રિય જીવો છે. ચઉરિન્દ્રિય જીવોને ઉપરની ત્રણ ઇન્દ્રિય તથા ચોથી ચક્ષુરિન્દ્રિય હોય છે. વીંછી, ભમરા, તીડ, મચ્છર, વગેરે ચઉરિન્દ્રિય જીવો છે. પંચેન્દ્રિય જીવોમાં શ્રવણેન્દ્રિય / કાન પણ હોય છે. ગાય, ઘોડા, હાથી, સિંહ, વાઘ વગેરે પશુઓ. માછલી, મગર વગેરે જળચર જીવો, દેડકા જેવા ઉભયચર જીવો, પોપટ, મેના, કોયલ, કાગડા, ચકલી વગેરે પક્ષીઓ, સર્પ, ઘો, વગેરે સરીસૃપો / ઉરઃપરિસર્પ, નોળિયા, ગરોળી વગેરે ભુજઃપરિસર્પ, દેવ, મનુષ્ય તથા નરકના જીવો પંચેન્દ્રિય છે.[4]

હમણાં 'ગુજરાત સમાચાર'ની તા. 5 માર્ચ 2003, બુધવારની 'શતદલ' પૂર્તિમાં ડિસ્કવરી કોલમમાં ડૉ. વિહારી છાયાનો 'માઇક મે' નામના એક દેખતા છતાં અંધ વ્યક્તિના અનુભવનું વિશ્લેષણ કરતો લેખ વાંચવામાં આવ્યો. તેનો સારાંશ આ પ્રમાણે છે.

'માઇક મે' ત્રણ વર્ષનો હતો ત્યારે ખાણિયા માટે જે ફાનસ વપરાય છે, જેની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોધ હમ્ફ્રી ડેવીડ નામના વિજ્ઞાનીએ કરેલ, તેના બળતણમાં વપરાતા દ્રવ્યથી ભરેલ જાર અર્થાત્ કાચની બરણી તેના મુખ પાસે જ ફૂટી જતાં, અકસ્માત્ થયો. તે અકસ્માત્‌માં 'માઇક મે' એ સંપૂર્ણપણે ડાબી આંખ ગુમાવી દીધી અને જમણી આંખનો કોર્નિયા બળી ગયો. તે રીતે તે સંપૂર્ણ અંધ બની ગયો.

ત્યારબાદ અંધત્વ સામે ઝઝૂમી તેણે કેટલીય મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરી. દેખતો માણસ જે રીતે કાર્ય કરે તેના કરતાં પણ વધુ સારી રીતે, સૂક્ષ્મ રીતે, ઝીણવટથી અને ઝડપી એ બધાં જ કાર્યો કરતો રહ્યો. અંધ માણસોની પર્વત/ટેકરીઓ ઊતરવાની સ્કીઈંગ હરિફાઈમાં તે વર્લ્ડ રેકોર્ડ ધરાવતો હતો. સ્પર્ધામાં સીધા ચઢાણવાળા 'બ્લૅક ડાયમંડ' નામના પર્વત ઉપરથી તે કલાકના 35 માઈલની ઝડપે નીચે ઊતરી આવતો હતો. આ સંપૂર્ણ અંધ 'માઇક મે'ને ઈ. સ. 2000ના માર્ચ મહિનામાં તેને દૃષ્ટિ આપતું એક ઑપરેશન કરી જમણી આંખમાં કૉર્નિયા બેસાડવામાં આવ્યો અને 20 માર્ચે તેની પટ્ટી ખોલવામાં આવી ત્યારે તેને દૃષ્ટિ મળી ગઈ હતી. તેની પત્ની તથા તેનાં બાળકો પર તેની દૃષ્ટિ પડી. તે જમણી આંખે બધું જ જોઈ શકતો હતો. આમ છતાં તે દૃષ્ટિ દ્વારા સ્પષ્ટપણે કોઈને પણ ઓળખી શકતો નહોતો.

આપણને સામાન્ય રીતે ખબર છે કે આપણી આંખ કૉર્નિયા (પારદર્શક પટલ) અને લેન્સ (નેત્રમણિ) એમ બે લેન્સ ધરાવે છે. વસ્તુમાંથી નીકળતા અથવા પરાવર્તિત થતાં પ્રકાશનાં કિરણો આ બે લેન્સ દ્વારા તેની પાછળ રહેલ રેટિના (નેત્રપટલ) ઉપર પડે છે અને એક પ્રતિબિંબ રચે છે. આ પ્રતિબિંબને જ્ઞાનતંતુઓ દ્વારા મગજના ચક્ષુરિન્દ્રિય દ્વારા થતા અનુભવને ઓળખનાર દૃષ્ટિ કેન્દ્રને પહોંચાડાય છે અને આ દૃષ્ટિ કેન્દ્ર તે સંકેતોનો સંપૂર્ણ અભ્યાસ કરી વસ્તુના સંપૂર્ણ સ્વરૂપની આત્માને ઓળખાણ કરાવે છે.

પરંતુ 'માઇક મે'ને દૃષ્ટિ મળી ગયા પછી પણ તે દૃષ્ટિ દ્વારા સામે રહેલા પદાર્થને સ્પષ્ટપણે ઓળખી શકતો નથી. તેની દૃષ્ટિ સંપૂર્ણ સ્વચ્છ છે, આમ છતાં તેનું મગજ એ દૃશ્યનું પૃથક્કરણ કરી શકતું નથી. 'માઇક મે'ને આંખ દ્વારા જે માહિતી મળે છે તેને ઉકેલવાનું તેનું મગજ શીખ્યું નથી એટલે મગજમાં એ જાતની પ્રક્રિયા થતી નથી.

ડૉ. વિહારી છાયાએ કૉમ્પ્યુટરની પરિભાષામાં આ તકલીફનું પૃથક્કરણ કરી બતાવ્યું છે. કૉમ્પ્યુટરમાં હાર્ડવેર અને સોફ્ટવેર નામના બે પ્રોગ્રામ / કાર્યક્રમ આવે છે. તે જ રીતે આપણું શરીર એ કુદરતનું અદ્વિતીય કૉમ્પ્યુટર જ છે. આંખ તેનો જ એક ભાગ છે. તેમાં કૉર્નિયા, રેટિના, નેત્રમણિ (લેન્સ) વગેરે હાર્ડવેર છે. જ્યારે આંખ દ્વારા જેનું દર્શન કરવામાં આવે છે અને તેને અનુભવ સ્વરૂપે છેક આત્મા સાથે જોડવાનું કામ મન અને મગજનાં દૃષ્ટિ કેન્દ્રની કાર્યશીલતા સ્વરૂપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોફ્ટવેર દ્વારા થાય છે. 'માઇક મે'ના કિસ્સામાં હાર્ડવેર તો બરાબર હતું પરંતુ રેટિનાથી જ્ઞાનતંતુ દ્વારા આવેલ સંદેશાનું પૃથક્કરણ/વિશ્લેષણ કરવાનું કામ કરતું સોફ્ટવેર કામ કરતું નથી તેથી દૃશ્ય જોવા છતાં એ દૃશ્યનો આત્માને સ્પષ્ટ અનુભવ થતો નથી.

આ જ વાતને 2500 વર્ષ પૂર્વે થઈ ગયેલ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીએ તેમણે પ્રરૂપેલાં જૈનદર્શનનાં ધર્મગ્રંથો અને આગમોમાં નીચે પ્રમાણે સમજાવી છે. જે ખરેખર આશ્ચર્યજનક રીતે ઉપર કહેલી વાતની સાથે ખૂબ જ સામ્ય ધરાવે છે.

જૈન શાસ્ત્રકારોએ પાંચેય ઈન્દ્રિયના બે પ્રકાર બતાવ્યા છે. 1. દ્રવ્યેન્દ્રિય અને 2. ભાવેન્દ્રિય [5] દ્રવ્યેન્દ્રિયના બે પ્રકાર છે. 1. નિવૃત્તિ અને 2. ઉપકરણ. તે જ રીતે ભાવેન્દ્રિયના પણ બે પ્રકાર છે. 1. લબ્ધિ અને 2. ઉપયોગ. [6]

જૈન કર્મવાદ પ્રમાણે ઈન્દ્રિયની પ્રાપ્તિ અંગોપાંગ નામકર્મ તથા નિર્માણ નામકર્મના આધારે પ્રાપ્ત થાય છે. અને તેને નિવૃત્તિ રૂપ દ્રવ્યેન્દ્રિય કહેવામાં આવે છે. દા. ત. સ્પર્શનેન્દ્રિય સ્વરૂપ ત્વચા, રસનેન્દ્રિય સ્વરૂપ જીભ, ઘ્રાણેન્દ્રિય સ્વરૂપ નાક, ચક્ષુરિન્દ્રિય સ્વરૂપ આંખ અને શ્રવણેન્દ્રિય સ્વરૂપ કાન. નિવૃત્તિ સ્વરૂપ દ્રવ્યેન્દ્રિય પ્રાપ્ત થયા પછી એ સંપૂર્ણપણે કાર્ય કરે જ એવો કોઈ નિયમ નથી. જ્યારે જે તે ઈન્દ્રિયમાં જે તે ઈન્દ્રિય સંબંધી વિષયને ગ્રહણ કરવાની શક્તિને ઉપકરણ દ્રવ્યેન્દ્રિય કહેવામાં આવે છે. દા. ત. ત્વચા પ્રાપ્ત થયા પછી પણ જ્ઞાનતંતુઓ કામ ન કરતા હોય તો સ્પર્શનો અનુભવ થતો નથી. અહીં નિવૃત્તિ રૂપ દ્રવ્યેન્દ્રિય પ્રાપ્ત થવા છતાં ઉપકરણ રૂપ દ્રવ્યેન્દ્રિયનો અભાવ છે. તે જ રીતે બાકીની ઈન્દ્રિય માટે જાણી લેવું. ટૂંકમાં ત્વચાની સ્પર્શનો અનુભવ કરવાની ક્ષમતા, જીભની સ્વાદ પારખવાની ક્ષમતા, નાકની સુગંધ કે દુર્ગંધ પારખવાની ક્ષમતા, આંખની દૃશ્ય જોવાની ક્ષમતા તથા કાનની શ્રવણ કરવાની ક્ષમતા તે ઉપકરણ દ્રવ્યેન્દ્રિય છે. [8]

નિવૃત્તિ અને ઉપકરણ સ્વરૂપ દ્રવ્યેન્દ્રિય પ્રાપ્ત થવા છતાં લબ્ધિ અને ઉપયોગ રૂપ ભાવેન્દ્રિય પ્રાપ્ત ન થાય તો તે દ્રવ્યેન્દ્રિયનો કોઈ ઉપયોગ નથી અર્થાત્ તે નિરર્થક બની જાય છે. લબ્ધિ અને ઉપયોગ સ્વરૂપ ભાવેન્દ્રિયનું સ્વરૂપ આ પ્રમાણે છે.

નિવૃત્તિ અને ઉપકરણ રૂપ દ્રવ્યેન્દ્રિય દ્વારા તે તે ઈન્દ્રિયના વિષય સંબંધી સંદેશા મગજને પહોંચાડવામાં આવે છે. હવે મગજમાં પહોંચેલ સંકેતોને ઉકેલવાનું કામ મગજમાં રહેલ ભાવ ઈન્દ્રિય સ્વરૂપ લબ્ધિ કરે છે. લબ્ધિ એટલે શક્તિ જેને કૉમ્પ્યુટરની ભાષામાં સોફ્ટવેર કહી શકાય. તે મનના જોડાણ દ્વારા સક્રિય બને ત્યારે ઉપયોગ સ્વરૂપ ભાવેન્દ્રિય કાર્ય કરે છે. તે તે ઈન્દ્રિય સંબંધી લબ્ધિ તેને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવરણ કરનાર કર્મના ક્ષયોપશમ/નાશથી પ્રાપ્ત થાય છે. દા. ત. ગતિનામકર્મ તથા જાતિનામકર્મ દ્વારા દેવ, મનુષ્ય તથા નારક ગતિમાં પાંચેય ઈન્દ્રિયની શક્તિ પ્રાપ્ત થાય છે. જ્યારે તિર્યંચગતિમાં જાતિનામકર્મથી એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય ચતુરિન્દ્રિય કે પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે. તેથી તે તે જાતિમાં તેટલી જ ઈન્દ્રિય સંબંધી શક્તિ/લબ્ધિ પ્રાપ્ત થાય છે." હવે ઉપયોગ સ્વરૂપ ભાવ ઈન્દ્રિયનો આધાર મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય તથા અચક્ષુદર્શનાવરણીય અને ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ/નાશ ઉપર છે." તેથી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થવા છતાં ક્યારેક ઉપર બતાવેલ ચારમાંથી કોઈપણ કર્મના અસ્તિત્વ/ઉદયના કારણે તે તે ઈન્દ્રિય સંબંધી જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

કોઈપણ ઈન્દ્રિય દ્વારા ગ્રહણ કરેલ સંદેશાનું પૃથક્કરણ કરવાની શક્તિ તે લબ્ધિ સ્વરૂપ ભાવ ઈન્દ્રિય છે. આ શક્તિ કાર્યાન્વિત થાય તો દૃશ્યની ઓળખ અથવા ઈન્દ્રિય દ્વારા પ્રાપ્ત જ્ઞાન આત્મા સુધી પહોંચે છે જેને ઉપયોગ સ્વરૂપ ભાવ ઈન્દ્રિય કહે છે.

આમ બન્ને પ્રકારની દ્રવ્ય ઈન્દ્રિય અને બન્ને પ્રકારની ભાવેન્દ્રિય મનના જોડાણ દ્વારા કાર્ય કરે છે ત્યારે આત્માને તે તે ઈન્દ્રિયના વિષયનો અનુભવ થાય છે.

આત્માને ઈન્દ્રિય પ્રત્યક્ષ પદાર્થનો ઈન્દ્રિય દ્વારા અનુભવ કરાવવામાં મન એક અગત્યનું માધ્યમ બને છે. આત્મા અને ઈન્દ્રિય દ્વારા થતા અનુભવને મન જોડી આપે છે. જો મનનો ઈન્દ્રિય સાથેનો સંપર્ક તોડી નાખવામાં આવે તો ઈન્દ્રિય દ્વારા થતો અનુભવ આત્મા સુધી પહોંચતો નથી.

'માઇક મે'ના કિસ્સામાં 40 વર્ષ સુધી મગજના દૃષ્ટિ કેન્દ્રનો જરા પણ ઉપયોગ કરવામાં આવ્યો નહોતો કારણ કે નિવૃત્તિ અને ઉપકરણ સ્વરૂપ દ્રવ્ય ઈન્દ્રિયની દૃશ્યને ગ્રહણ કરવાની શક્તિ નહોતી. પરિણામે તે સંબંધી મગજનું દૃષ્ટિ કેન્દ્ર કામ કરતું બંધ થઈ ગયેલ. હવે જ્યાં સુધી દૃષ્ટિ કેન્દ્ર કામ કરતું ન થાય ત્યાં સુધી કોઈપણ દૃશ્યની સાચી ઓળખ તેને પ્રાપ્ત થાય નહિ. આનો આધાર તેના મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ/નાશ ઉપર છે.

ઘણીવાર લોકો આંખને કેમેરા સાથે સરખાવે છે. આમ જોવા જઈએ તો કેમેરો જે રીતે કામ કરે છે તે જ રીતે આંખ પણ કામ કરે છે. પરંતુ આંખની કામ કરવાની શક્તિ અને ઝડપ આધુનિક યુગના સુપર કૉમ્પ્યુટર કરતાં ક્યાંય વધુ છે. દા. ત. કેમેરામાં કોઈ દૃશ્ય ઝડપવું હોય તો તે દૃશ્યના પદાર્થો કેટલા દૂર છે એની ગણતરી કરી ફોકસીંગ કરવામાં આવે છે. હવે એમ માની લઈએ કે એ દૃશ્યમાં કોઈ એક પદાર્થ સાવ નજીક છે અને બીજો પદાર્થ ઘણો દૂર છે. હવે કેમેરામાં જો તમે નજીકના પદાર્થ ઉપર ફોકસીંગ કરી એને સ્પષ્ટ કરશો તો દૂરનો પદાર્થ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઝાંખો ધુંધળો દેખાશે અને દૂરના પદાર્થને સ્પષ્ટ કરશો તો નજીકનો પદાર્થ ઝાંખો દેખાશે. કેમેરામાં બન્ને પદાર્થ સાથે સ્પષ્ટ દેખાશે નહિ.

જ્યારે આપણી આંખની સામે એક પદાર્થ સાવ નજીક હોય અને બીજો પદાર્થ ઘણો દૂર હોય તો પણ બંને એક સાથે સ્પષ્ટ દેખાશે. આ જ આપણી આંખની વિશિષ્ટતા છે. આ રીતે સંપૂર્ણ સ્પષ્ટ ચિત્ર/દૃશ્ય ફક્ત આંખ દ્વારા જ ઝીલી મગજનાં દૃષ્ટિ કેન્દ્રમાં મોકલાય છે ત્યાં તેના સંબંધી લબ્ધિ સ્વરૂપ સોફ્ટવેર હોય છે તેનો જ્યારે મગજ ઉપયોગ કરે છે ત્યારે જ આત્મા સુધી એ દૃશ્ય પહોંચે છે અને એની કાયમી અસર આપણા મગજના કૉમ્પ્યુટરમાં સંગૃહીત થઈ જાય છે. અને ક્યારેક બે પાંચ દશ વર્ષો પછી પણ એ દૃશ્યમાંનો કોઈ પદાર્થ આપણી નજર સામે આવી જાય છે ત્યારે મગજ તેની મેમરી-યાદશક્તિ-સ્મૃતિના ખજાનામાંથી એ જ જૂના દૃશ્યની છબીને સ્મરણપટ/સ્મૃતિપટ પર લાવી દે છે. અને એનું મૂળ કારણ આપણા જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોનો ક્ષયોપશમ/ નાશ તથા લબ્ધિ અને ઉપયોગ સ્વરૂપ ભાવ ઈન્દ્રિયનું કાર્ય છે. વળી આ સ્મૃતિસંસ્કાર આપણા આત્માની સાથે પછીના ભવમાં પણ આવે છે અને ક્યારેક પૂર્વભવ સંબંધી કોઈક દૃશ્ય કે પદાર્થ જોતાં તેનું સ્મરણ થઈ આવે છે. જેને જાતિસ્મરણજ્ઞાન કહેવામાં આવે છે. જૈન દાર્શનિકોએ આ પ્રકારના પૂર્વજન્મના જ્ઞાનને મતિજ્ઞાન અર્થાત્ યાદશક્તિનો જ એક પ્રકાર બતાવ્યો છે."

ટૂકમાં, માત્ર બાહ્ય ઉપકરણ સ્વરૂપ દ્રવ્ય ઈન્દ્રિય પ્રાપ્ત થવાથી આત્માને તેનો અનુભવ થઈ શકતો નથી. પણ જ્યાં સુધી બાહ્ય ઉપકરણ સ્વરૂપ દ્રવ્યેન્દ્રિયથી ગ્રહણ કરેલ સંકેતોને લબ્ધિ અને ઉપયોગ સ્વરૂપ ભાવ ઈન્દ્રિય દ્વારા ઉકેલવામાં નથી આવતા ત્યાં સુધી આત્માને તેનો અનુભવ થતો નથી. આ અનુભવમાં મન/મગજ પણ એક ખૂબ જ આવશ્યક સાધન છે. તે ઈન્દ્રિયના વિષયને અને તે સંબંધી અનુભવને આત્મા સાથે જોડી આપે છે.

જૈન પરંપરામાં કાયોત્સર્ગ એક પ્રકારનું ઉત્કૃષ્ટ ધ્યાન છે. કાયોત્સર્ગમાં તેના શબ્દોના અર્થ પ્રમાણે કાયા અર્થાત્ શરીરનું ઉત્સર્જન/ વિસર્જન કરવામાં આવે છે અને તેની એક વિશિષ્ટ પ્રક્રિયા છે. ધ્યાન એટલે મન, વચન, કાયાની એકાગ્રતા. તે સારું પણ હોઈ શકે અને ખરાબ પણ હોઈ શકે. સારા ધ્યાનને જૈન પરિભાષામાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન કહે છે, જ્યારે ખરાબ ધ્યાનને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કહેવામાં આવે છે. પ્રિય પદાર્થના વિયોગમાં અને અપ્રિય પદાર્થની પ્રાપ્તિમાં મનુષ્યમાત્રને આર્તધ્યાન થયા વિના રહેતું નથી. તે જ રીતે પ્રાપ્ત કરેલ પદાર્થના રક્ષણમાં અને અપ્રાપ્ત પદાર્થ પ્રાપ્ત કરવાની ચિંતામાં મનુષ્યને રૌદ્રધ્યાન થાય છે. સામાન્ય રીતે મનુષ્ય ખરાબ ધ્યાન વારંવાર કરતો હોય છે. પરંતુ શુભ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાન સૌ માટે ખૂબ જ કષ્ટસાધ્ય છે. તેમાં ઉપર બતાવેલી સમજ ખૂબ જ ઉપયોગી પુરવાર થાય તેમ છે. ધ્યાનમાં મનનો વ્યાપાર ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. મન જેટલું ઊંડું ચિંતન કરે તેટલું ધ્યાન વધુ સુદૃઢ હોય છે પરંતુ આ ચિંતનનો આધાર જ્ઞાન છે. જેટલું જ્ઞાન વિશાળ તેટલું ઊંડું ચિંતન થઈ શકે છે. એટલે કે જ્ઞાન જ ધ્યાનનો પાયો છે. જ્ઞાન વિના ધ્યાન થઈ શકે નહિ.

કાયોત્સર્ગ દરમ્યાન મન ચિંતનમાં પરોવાય જાય છે એટલે તેનો આત્મા સાથેનો સંપર્ક જોડાઈ જાય છે અને બાહ્ય દ્રવ્યેન્દ્રિય સાથેનો સંપર્ક તૂટી જાય છે. આ રીતે ધ્યાનસ્થ અવસ્થામાં દ્રવ્યેન્દ્રિયનો ભાવેન્દ્રિય સાથેનો સંપર્ક તૂટી જાય છે. પરિણામે કાયોત્સર્ગ અવસ્થામાં કોઈ પણ ઉપસર્ગ એટલે કે કોઈ મનુષ્ય કે પશુ-પક્ષી દ્વારા શરીરિક દુઃખ પહોંચાડવામાં આવે તો તેનો આત્માને જરા પણ અનુભવ થતો નથી. અને એટલા માટે જ ધ્યાનસ્થ ભગવાન મહાવીરસ્વામીને ગોવાળિયાએ કાનમાં ખીલા ઠોક્યા ત્યારે કોઈ વેદનાનો અનુભવ થયો નહોતો પરંતુ ખરક વૈદ્યે જ્યારે પ્રભુ મહાવીરસ્વામીના કાનમાંથી ખીલા કાઢ્યા ત્યારે ભગવાને ભયંકર ચીસ પાડી હતી.[12]

આ રીતે વિજ્ઞાન જે અત્યારે સંશોધન કરીને બતાવે છે તે જ વસ્તુ ભગવાન મહાવીરસ્વામીએ 2500 વર્ષ પહેલાં જૈન ધર્મગ્રંથોમાં બતાવી છે.

સંદર્ભઃ


1. જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો લે. મુનિ શ્રી નંદીઘોષવિજયજી પૃ.નં. 166

2. કલ્પસૂત્ર ટીકા વ્યાખ્યાન નં. 6 (ટીકાકાર ઉપા. શ્રી વિનયવિજયજી)

3. સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુઃ-શ્રોતાનિ ॥20॥ (તત્ત્વાર્થ સૂત્ર- અધ્યાય 2, સૂત્ર નં. 20)

4. જીવવિચાર પ્રકરણ ગાથા નં 2, 15, 16, 17, 18, 19, 20, 21

5. પંચેન્દ્રિયાણિ ॥15॥ દ્વિવિધાનિ ॥16॥ નિવૃત્ત્યુપકરણદ્રવ્યેન્દ્રિયમ્ ॥17॥
(તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય-2, સૂત્ર નં. 15, 16, 17)

6. લબ્ધ્યુપયોગૌ ભાવેન્દ્રિયમ્ ॥18॥ (તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય-2, સૂત્ર નં. 18)

7. નિવૃત્તિરઙ્ગોપાઙ્ગનામનિર્વર્ત્તિતાનીન્દ્રિયદ્વારાણિ ॥
નિર્માણનામાઙ્ગોપાઙ્ગપ્રત્યયા ॥ (તત્ત્વાર્થસૂત્ર ટીકા, અધ્યાય-2, સૂત્ર નં. 17)

8. યત્ર નિવૃત્તિદ્રવ્યેન્દ્રિયં તત્રોપકરણેન્દ્રિયમપિ ન ભિન્નદેશવર્ત્તિ, તસ્યાઃ સ્વવિષય-ગ્રહણશક્તેર્નિવૃત્તિમધ્યવર્ત્તિનીત્વાત્ ॥ (તત્ત્વાર્થસૂત્ર ટીકા, અધ્યાય-2, સૂત્ર નં. 17)

9. લબ્ધિર્ગતિજાતિનાકર્મજનિતા તદાવરણીયકર્મક્ષયોપશમજનિતા ચ ॥
(તત્ત્વાર્થસૂત્ર ટીકા, અધ્યાય-2, સૂત્ર નં. 18)

10. સ્પર્શાદિષુ મતિજ્ઞાનોપયોગઃ ॥ (તત્ત્વાર્થસૂત્ર ટીકા, અધ્યાય-2, સૂત્ર નં. 18)

11. કર્મગ્રંથ ટીકા, ગાથા નં. 4-5 (આ. શ્રી દેવેન્દ્રસૂરિકૃત)

12. કલ્પસૂત્ર સંસ્કૃત ટીકા વ્યાખ્યાન નં. 6 ( ટીકાકાર ઉપા. શ્રી વિનયવિજયજી)




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

17

# દેવનાગરી લિપિ અને તેનું વૈજ્ઞાનિક મહત્ત્વ

ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન કાળથી સંસ્કૃત ભાષાને ગીર્વાણ ભાષા / દેવભાષા કહેવામાં આવે છે. અને આ ભાષા તથા ભારતીય સંસ્કૃતિની અન્ય કેટલીક ભાષાઓની લિપિ દેવનાગરી છે. ભાષા અને લિપિ બે અલગ અલગ બાબત છે. ધ્વનિશાસ્ત્રમાં બંનેનું વિશિષ્ટ મહત્ત્વ છે.

ભારતવર્ષની કેટલીક ભાષાઓની લિપિ દેવનાગરી છે. તેમાં હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત, મરાઠી વગેરે ભાષાઓનો સમાવેશ થાય છે. દેવનાગરી લિપિવાળી ભાષાઓ અને તેના ઉપરથી ઉતરી આવેલી અન્ય ભાષાઓની એક મહત્ત્વપૂર્ણ વિશિષ્ટતા એ છે કે તે ભાષાના શબ્દો કે વાક્યો વગેરેના ઉચ્ચાર ચુસ્તપણે તે તે શબ્દો કે વાક્યોમાં પ્રયોજાયેલ સ્વર-વ્યંજનોને જ અનુસરે છે. અર્થાત્ તે ભાષાઓમાં જે પ્રમાણે બોલાય છે તે જ પ્રમાણે લખાય છે અને જે પ્રમાણે લખાય છે તે જ પ્રમાણે બોલાય પણ છે. વાક્યો કે શબ્દોમાં લખાયેલ એક પણ અક્ષર - સ્વર કે વ્યંજન અનુચ્ચરિત (silent) રહેતો નથી.[1] અલબત્ત, પ્રાચીન કાળમાં પ્રયુક્ત વેદ વાક્યોમાં પ્રયોજાયેલ સ્વરોનો ઉચ્ચાર પણ વિશિષ્ટ પદ્ધતિથી કરવામાં આવતો હતો એટલે તે સ્વરોના સ્વરભારને જણાવવા માટે તેના ઉપર વિશિષ્ટ ચિહ્ન પણ મૂકવામાં આવતાં હતાં અને તેનો ઉચ્ચાર કરવામાં ચુસ્તપણે એ ચિહ્નોને અનુસરવામાં આવતાં હતાં. તેનું વૈજ્ઞાનિક કારણ હતું અને છે.[2]

દેવનાગરી લિપિના સ્વરો તથા વ્યંજનોની ગોઠવણી અને તેના ઉચ્ચાર સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે એવું આધુનિક વિજ્ઞાનનાં સંશોધનોએ બતાવી આપ્યું છે. દેવનાગરી લિપિમાં સ્વરોની સંખ્યા ચૌદ બતાવી છે. अ, आ, इ, ई, उ, ऊ ऋ, ॠ, ऌ, ॡ ए, ऐ, ओ, औ. अं અને अः માં નિર્દેશ કરેલ ं અને ः સ્વર નથી પરંતુ તે બંનેનો સ્વતંત્ર ઉચ્ચાર શક્ય ન હોવાથી તેની પૂર્વે अ મૂકવામાં આવ્યો છે તેથી પ્રાચીન કાળના સર્વ વૈયાકરણોએ તેમને સ્વરની સાથે સ્થાન આપ્યું છે.[3] મંત્રશાસ્ત્રમાં તેનું વિશિષ્ટ મહત્ત્વ હોવાથી મંત્રશાસ્ત્રકારોએ સોળ સ્વરો ગણાવ્યા છે. પાણિનીય પરંપરામાં દીર્ઘ ॠ અને દીર્ઘ ॡ બતાવ્યા નથી કારણ કે તેનો પ્રયોગ બહુ જ અલ્પ પ્રમાણમાં જોવા મળે છે. જ્યારે 'श्रीसिद्धहेमशब्दानुशासन'(સંસ્કૃત વ્યાકરણ)ના કર્તા કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ દીર્ઘ ॠ અને દીર્ઘ ॡ બંનેનો નિર્દેશ કર્યો છે.[4] અને તે સંબંધી નિયમો પણ બતાવ્યા છે. દેવનાગરી લિપિના વ્યંજન અંગેની વ્યવસ્થા પ્રાચીન કાળથી નીચે પ્રમાણે ચાલી આવે છે.[5]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क, ख, ग, घ, ङ - कवर्ग - कंठ्य,
च, छ, ज, झ, ञ-चवर्ग- तालव्य,
ट, ठ, ड, ढ, ण - टवर्ग - मूर्धन्य
त, थ, द, ध, न - तवर्ग - दंत्य,
प, फ, ब, भ, म - पवर्ग - ओष्ठ्य,
य, व, र, ल - उष्माक्षर
श - तालव्य, ष - मूर्धन्य, स - दंत्य,
ह - महाप्राण,
क्ष = क् + ष, ज्ञ = ज् + ञ
व - दंत्यौष्ठ्य

क વર્ગના પાંચે પાંચ વ્યંજનોનું ઉત્પત્તિસ્થાન કંઠ / ગળું હોવાથી તેને કંઠ્ય કહેવામાં આવે છે. જ્યારે ચવર્ગના વ્યંજનો બોલતી વખતે જીભ અને તાલુ / તાલવાનો સંયોગ થયા વગર રહેતો નથી તેથી તેને તાલવ્ય અર્થાત્ તાલવા દ્વારા નિષ્પન્ન કહેવામાં આવે છે. ટવર્ગના વ્યંજનોની અસર છેક મૂર્ધન્ અર્થાત્ મસ્તિષ્ક સુધી પહોંચે છે, અથવા તેનું ઉત્પત્તિસ્થાન મસ્તિષ્ક છે, તેથી તેને મૂર્ધન્ય કહેવાય છે તો તવર્ગના વ્યંજનો બોલતી વખતે જીભ ઉપર નીચે એમ બંને તરફ દાંતને સ્પર્શ કરે છે તેથી તેને દંત્ય કહે છે. પવર્ગના વ્યંજનો બોલતાં બંને હોઠ ભેગા થાય છે તેથી તેને ઓષ્ઠ્ય વ્યંજન કહે છે."

કહેવાય છે કે સાડા ત્રણસો વર્ષ પૂર્વે થઈ ગયેલ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કાશીના કોઈ વિદ્વાન સાથે પવર્ગનો એક પણ વ્યંજન અને વનો ઉપયોગ કર્યા સિવાય કલાકો સુધી શાસ્ત્રાર્થ કરેલ. અને ઔષ્ઠ્ય વ્યંજનનો ઉપયોગ થયો નથી એની ખાત્રી માટે ઉપરના એક જ હોઠને લાલ રંગના હરતાલ વડે રંગી દેવામાં આવેલ. જો પવર્ગના વ્યંજનનો બોલવામાં પ્રયોગ થાય તો ઉપરના હોઠનો રંગ નીચેના હોઠને લાગી જાય. પરંતુ ઉપાધ્યાયજી મહારાજે આ આકરી શરતનું બરાબર પાલન કરેલ.

ઉપર બતાવ્યું તે પ્રમાણે य, व, र, ल, श, ष, स, हના પણ ચોક્કસ ઉચ્ચારસ્થાનો બતાવેલ છે. હને મહાપ્રાણ કહેવામાં આવે છે કારણ કે તેનો ઉચ્ચાર નાભિ અને છાતીમાંથી કરવો પડે છે. દેવનાગરી લિપિમાં છેલ્લે क्ष અને ज्ञ આપવામાં આવે છે પરંતુ આ બંને અક્ષરો સ્વતંત્ર અક્ષરો નથી પણ બબ્બે વ્યંજનોના સંયોજનથી નિષ્પન્ન થયેલ છે. અહીં એ યાદ રાખવાનું છે કે આધુનિક વિજ્ઞાને હજુ હમણાં જ ઈ. સ. 1807માં જ ધ્વનિશાસ્ત્ર(acoustics)ની શોધ કરી એ પૂર્વે હજારો વર્ષોથી આ વર્ણમાલા તથા તેનું વિશ્લેષણ પ્રાચીન ભારતીય સાહિત્યમાં થતું આવ્યું છે અને સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરનારા સૌ તેનો અભ્યાસ કરતા હતા અને આજે પણ કરે છે. જ્યારે પશ્ચિમમાં તે સમયે કોઈ પણ પ્રકારના વિજ્ઞાનનો જન્મ પણ થયો નહોતો. ઈ. સ.ની સત્તરમી સદીમાં થઈ ગયેલ અર્નસ્ટ ચ્લેન્ડી (Ernst Chlandi) નામના જર્મન વિજ્ઞાની અને નિષ્ણાત સંગીતકારને ધ્વનિશાસ્ત્ર(acoustics)નો પિતા માનવામાં આવે છે.[7]

દેવનાગરી લિપિ કે જેમાં પ્રાચીન કાળથી સંસ્કૃત ભાષા દ્વારા આપણા વિચારો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને લાગણીઓ અભિવ્યક્ત કરવામાં આવતી હતી. અને એ માટે તે અગત્યનું માધ્યમ હતી. આ લિપિના સ્વર વ્યંજનોના આકાર પણ ખૂબ જ મહત્ત્વના છે. પ્રાચીન કાળના દિવ્ય જ્ઞાન ધરાવનારા મહાપુરુષોએ આ સ્વર વ્યંજનોના આકારને પોતાના વિશિષ્ટ જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ કર્યા હતા અને ત્યાર બાદ જ એ અક્ષરોના આકારને લિપિ બદ્ધ કર્યા હતા એટલે કે ઉચ્ચારાયેલ સ્વર વ્યંજનના ધ્વનિને આકાર આપ્યા.

આજે હજારો વર્ષો પછી પણ એ સ્વર વ્યંજનોના આકાર-લિપિમાં કોઈ ખાસ પરિવર્તન આવ્યું નથી. એટલું જ નહિ પણ ઈ. સ. 1967માં સ્વીસ ડૉક્ટર સ્વ. હેન્સ જેની નામના આર્ટીસ્ટ અને વિજ્ઞાની સંશોધકે ખાસ નોંધ્યું છે કે જ્યારે પણ હિબ્રુ અને સંસ્કૃત (પ્રાકૃત અને અર્ધમાગધી) જેવી પ્રાચીન ભાષાના સ્વર વ્યંજનોનો ઉચ્ચાર કરવામાં આવે છે ત્યારે તેની સામે રહેલ રેતીમાં તે તે સ્વર વ્યંજનોની આકૃતિ / આકાર ઉપસી આવે છે. જ્યારે આપણી વર્તમાન ભાષાઓના ઉચ્ચાર દરમ્યાન આવું પરિણામ મળી શકતું નથી.[8]

આ અંગે પ્રશ્ન ઉપસ્થિત કરતાં હેન્સ જેની કહે છે: "આ શી રીતે શક્ય બને? શું ભારતીય અને હિબ્રુ નિષ્ણાતોને આ વાતની સમજ હતી? અને હોય તો એ મહાન આશ્ચર્ય સ્વરૂપ છે. શું પવિત્ર ભાષાઓ અંગેનો તેમનો કોઈ ચોક્કસ ખ્યાલ / વિચારધારા હશે? અને આ પવિત્ર ભાષાઓના લક્ષણો શું હતાં? શું આ ભાષાઓમાં ભૌતિક પદાર્થોમાં પરિવર્તન કરવાની કે તેના ઉપર અસર નીપજાવવાની તાકાત હતી? અથવા શું એ ભાષાના મંત્રોની શક્તિ દ્વારા ભૌતિક પદાર્થો ઉત્પન્ન કરી શકાતા હતા? અથવા શું કોઈ વ્યક્તિ ગાંડી થઈ ગઈ હોય અથવા તેને કોઈ રોગ થયો હોય તો તેને આ પવિત્ર મંત્રોના ગાન / ગીત-સંગીત દ્વારા નિરોગી સ્વસ્થ કરી શકાય? શું દંતકથા સ્વરૂપ પિરામીડના ચમત્કારિક પ્રભાવ જેવી અસર આ પવિત્ર સૂરો-સ્વરો દ્વારા નીપજાવી શકાય ખરી?"[9]

અહીં યાદ રહે કે ભારતીય ભાષાઓની લિપિ તથા ધ્વનિ-ઉચ્ચાર અંગેના આ પ્રશ્નો કોઈ ભારતીય કે હાલી મવાલી વ્યક્તિના નથી પરંતુ ઈ. સ. 1957થી આ ક્ષેત્રમાં સંશોધન કરનાર સ્વીસ ડૉક્ટર સ્વ. હેન્સ જેનીના છે.

પ્રસંગોપાત્ત બીજી એક વાત ખાસ નોંધવા જેવી છે કે વિ. સં. 1199 આસપાસ ગુજરાતની અસ્મિતાના પુરોધા કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન નામે એક વ્યાકરણની રચના કરી છે. આ વ્યાકરણમાં મુખ્યત્વે પ્રથમના સાત અધ્યાય/ વિભાગમાં સંસ્કૃત ભાષાનું વ્યાકરણ બતાવ્યું છે પરંતુ આ જ વ્યાકરણના આઠમા અધ્યાયમાં પ્રાકૃત વગેરે છ ભાષાઓનું વ્યાકરણ પણ બતાવ્યું છે. તે છ ભાષાઓ આ પ્રમાણે છે: 1. પ્રાકૃત, 2. અર્ધમાગધી, 3. શૌરસેની, 4. પૈશાચી, 5. ચૂલિકા પૈશાચી, 6. અપભ્રંશ.[10] આમાં પૈશાચી ભાષા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે કહેવાય છે કે પ્રાચીન કાળથી આ ભાષામાં પ્રેતયોનિના જીવો વ્યવહાર કરે છે તેથી પ્રેતયોનિના જીવોને વશ કરવાના મંત્ર આ ભાષામાં હોય છે. જેનો અર્થ એ મંત્રના સાધકોને પણ ભાગ્યે જ ખબર હોય છે.

પ્રાચીન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન પરંપરાના સાહિત્યમાં નવસ્મરણ તરીકે પ્રસિદ્ધ સ્તોત્રો સંગીત-ચિકિત્સા અને મંત્ર-ચિકિત્સાના અમૂલ્ય સાધનો છે. હમણાં જ ઇન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત માહિતીમાં જણાવ્યા પ્રમાણે ફબિએન મમન (Fabien Maman) નામના સંશોધકે જણાવ્યું છે કે સંગીતના સૂરોમાં C, D, E, F, G, A, B, C' અને D' સૂરોના ક્રમથી સંગીતમય ઉચ્ચાર કરવામાં આવે અને તે લગભગ 14-14 મિનિટ સુધી સતત ચાલુ રાખવામાં આવે તો કેન્સરના કોશોનો નાશ થાય છે તેવું પ્રાયોગિક પરિણામોમાં જોવા મળ્યું છે. એટલું જ નહિ સૂક્ષ્મદર્શકયંત્ર (માઈક્રોસ્કોપ)માં મૂકેલી કેન્સરના કોશોની સ્લાઈડમાં દેખાતા કેન્સરના કોશોનો નાશ થતો પ્રત્યક્ષ જોઈ શકાય છે અને તેના ફોટા પણ લેવામાં આવ્યા છે. જે આ અંગેની વેબસાઈટમાં મૂકવામાં આવ્યા છે.[11]

છેલ્લા કેટલાંક વર્ષોના અમારા પૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના અનુભવોમાં ઉપર જણાવેલ નવસ્મરણ સ્તોત્રમાંથી ત્રીજા શ્રી સંતિકરં સ્તોત્રનો અદ્‌ભુત પ્રભાવ જોવા મળ્યો છે. શ્રી સારાભાઈ મણિલાલ નવાબ દ્વારા પ્રકાશિત મહાપ્રભાવિક નવસ્મરણ ગ્રંથમાં એક સંતિકરં કલ્પ આપવામાં આવ્યો છે. એમાં બતાવ્યા પ્રમાણે વિધિ કરવાથી એનો અનુભવ થઈ શકે છે.[12]

આ શ્રી સંતિકરં સ્તોત્રની રચના શ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ નામના જૈનાચાર્યે કરેલ છે. આ સ્તોત્રમાં શ્રી શાંતિનાથ પરમાત્માની સ્તુતિ કરવામાં આવી છે. જૈન પરંપરા પ્રમાણે આ વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલ ચોવીશ તીર્થંકરો પૈકી શ્રી શાંતિનાથ સોળમા તીર્થંકર છે. કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રમાં જણાવ્યા પ્રમાણે શ્રી શાંતિનાથ પ્રભુ તેમની માતા શ્રી અચિરાદેવીના ગર્ભમાં હતા ત્યારે હસ્તિનાગપુર નગરમાં કોઈ પણ કારણે મરકી-મહામારીનો ભયંકર ઉપદ્રવ થયો હતો તે સમયે જ્ઞાની ગુરુ ભગવંતની સૂચના અનુસાર શ્રી અચિરા માતાના સ્નાત્ર અભિષેકના જળનો સમગ્ર નગરમાં છંટકાવ કરવામાં આવ્યો હતો અને તેનાથી સમગ્ર નગરમાંથી રોગ દૂર થઈ ગયો હતો.[13] પ્રથમ દૃષ્ટિએ આજના આ વૈજ્ઞાનિક યુગમાં આ અસંભવ અશક્ય જણાય પરંતુ તટસ્થ સંશોધક દૃષ્ટિથી આ પ્રસંગનું મૂલ્યાંકન કરાય તો આમાં કોઈ આશ્ચર્ય પામવા જેવું નથી.

આ સ્તોત્રના રચયિતા આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ પણ મંત્રશાસ્ત્રના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાન જ્ઞાતા અને સત્ત્વશાળી મહાપુરુષ હતા.

તેઓએ સૂરિમંત્રની સંપૂર્ણ આરાધના વિધિપૂર્વક 24 વખત કરી હતી. જે સામાન્ય રીતે કોઈ પણ આચાર્ય માત્ર એક કે બે વખત જ કરતા હોય છે.

આ સ્તોત્રના વિધિપૂર્વકના જાપથી કેન્સર જેવા મહાવ્યાધિમાં તેની ગાંઠો ઓગળી ગયેલ અનુભવવા મળી છે.

વળી બીજી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે કોઈપણ સંગીતના સાધન દ્વારા ઉત્પન્ન કરાતા સંગીતના સૂરો કરતાં સંગીતકાર મનુષ્ય પોતે મુખ દ્વારા જે સૂરો ઉત્પન્ન કરે છે તે વધુ શક્તિશાળી હોય છે અને તે દર્દી ઉપર ધારી અસર ઉત્પન્ન કરે છે. આ વાત આજના વૈજ્ઞાનિક સંશોધનોમાં સ્પષ્ટ અનુભવવા મળી છે.[14] જે તાર્કિક રીતે પણ સંપૂર્ણ સત્ય છે કારણ કે સંગીતના સાધનો દ્વારા ઉત્પન્ન કરાતા સૂરોમાં એક જ પ્રકારના સૂરમાં જુદા જુદા ઘણા પ્રકારના અક્ષરો શબ્દોના ધ્વનિનો સમાવેશ થઈ જાય છે. જ્યારે સંગીતકાર મનુષ્ય દ્વારા મુખથી તે જ સૂરનો ઉચ્ચાર કરવામાં આવે છે ત્યારે તે ફક્ત એક ચોક્કસ પ્રકારના અક્ષરો કે શબ્દોનો ધ્વનિ હોય છે. તેથી તે વધુ ઘન - તીવ્ર બને છે. પરિણામે સંગીતના સાધનના ધ્વનિ કરતાં તેની વધુ સ્પષ્ટ અસર અનુભવાય છે.

સામાન્ય રીતે આધુનિક ઔષધવિજ્ઞાનમાં જે કેન્સરના વ્યાધિને અસાધ્ય માનવામાં આવ્યો છે, તે સંગીતના સૂરો દ્વારા અને મંત્ર ચિકિત્સા દ્વારા મટી શકે છે એવું પશ્ચિમમાં થયેલ સંશોધનો દર્શાવે છે.

મંત્રશાસ્ત્રના વૈજ્ઞાનિક સંશોધનો માટે હાલમાં અમેરિકામાં નવું જ તૈયાર કરાયેલ ટોનોસ્કોપ (Tonoscope) નામનું યંત્ર ખૂબ જ ઉપયોગી છે. આ યંત્રનું મહત્ત્વ બતાવતાં તેના સંશોધક હેન્સ જેની કહે છેઃ બીજા કોઈ પણ જાતના ઇલેક્ટ્રોનિક સાધનની મદદ વિના જ ટોનોસ્કોપ નામનું આ યંત્ર મનુષ્યના અવાજનું દૃશ્યમાં રુપાંતર કરી આપે છે અને આ સાધનની મદદથી ભાષાગત કોઈ પણ સ્વર કે વ્યંજનને તથા સંગીતના વિભિન્ન સૂરોને સીધે સીધા ભૌતિક આકૃતિમા દૃશ્યમાન બનાવી આગળના સંશોધન કરવાની શક્યતાઓ નિર્માણ થઈ છે.[15]

અમારી 'ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા' (Research Institute of Scientific Secrets from Indian Oriental Scriptures), અમદાવાદ, જે હમણાં જ કાર્યાન્વિત થઈ છે તે હવે ટૂંક સમયમાં જ આ યંત્રની મદદથી સ્વ. હેન્સ જેનીએ આગળ પૂછેલા પ્રશ્નોના ઉત્તર મેળવવા પ્રયત્ન કરશે તથા યંત્ર, મંત્ર, તંત્ર અંગે વિશિષ્ટ પ્રાયોગિક સંશોધન કાર્ય હાથ ધરશે.

ટૂંકમાં, સંસ્કૃત ભાષા એક એવી વિશિષ્ટ ભાષા છે કે જે સંપૂર્ણપણે વૈજ્ઞાનિક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે એટલું જ નહિ પ્રાચીનકાળના ઋષિ મુનિઓને આ અંગે જેટલી માહિતી હતી તેમાંની અંશ માત્ર પણ આપણી પાસે નથી. તે માહિતી મેળવવા આ સંસ્થા દ્વારા સંશોધનો હાથ ધરવામાં આવશે.

સંદર્ભ:

1. જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો લે. મુનિ શ્રી નંદીઘોષવિજયજી (પ્ર. ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા જાન્યુ. 2000) પૃ. 91

2. જુઓ: પાણિનીય અષ્ટાધ્યાયી (સંસ્કૃત વ્યાકરણ)

3. સિદ્ધહેમશબ્દાનુશાસન સૂત્ર औदन्ताः स्वराः । १ - १ - ४. अं अः अनुस्वारविसर्गौ । १ - १ - ९

4. સિદ્ધહેમશબ્દાનુશાસન સૂત્ર औदन्ताः स्वराः । १ - १ - ४. एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः १ - १ - ५ । अनवर्णा नामी १ - १ - ६ । लृदन्ताः समानाः १ - १ - ७ । अं अः अनुस्वारविसर्गौ । १ - १ - ९

5. સિદ્ધહેમશબ્દાનુશાસન સૂત્ર कादिर्व्यंजनम् । १ - १ - ६.

6. સિદ્ધહેમશબ્દાનુશાસન સૂત્ર तुल्यस्थानास्यप्रयत्नः स्वः । १ - १ - १७ તથા તેની વૃત્તિ ।

7. Ernst Chlandi who has been referred to as the father of acoustics

(An Article "The Science of Sound Healing" from Internet)

8. In his research with tonoscope, Jenny noticed that when vowels of the ancient languages of Hebrew and Sanskrit were pronounced, the sand took the shape of the written symbols of these vowels, while our modern languages, on the other hand did not generate the same result.

(An Article "The Science of Sound Healing" from Internet)

9. Jenny questioned how this was possible. Did the ancient Hebrews and Indians understand what seemed a mystery to us? Is there something to the concept of "Sacred Languages"? What qualities of these "Sacred Languages" possess? Do they have the power to influence and transform physical reality, to create things through their inherent power, or, to take a concrete example, through the recitation or singing of sacred text, to heal a person who has gone "out of tune"? Were these "sacred tones" used to create such miracles as the pyramids?

(An Article "The Science of Sound Healing" from Internet)

10. જુઓ: સિદ્ધહેમશબ્દાનુશાસન, આઠમો અધ્યાય, ચોથો પાદ

11. The most dramatic influence on the cells (as shown in the actual photographs above) came from the human voice when Maman sang a



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

series of scales into the cells. Over a period of fourteen minutes the nine musical notes (C - D - E - F - G - A - B - and C and D from next octave above) were sung. The structure quickly disorganized.

(An Article "The Science of Sound Healing" from Internet)

12. મહાપ્રભાવિક નવ સ્મરણ

(પ્રકાશક: સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ)

13. જુઓ: ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાં શ્રી શાંતિનાથ ચરિત્ર

(કર્તા: કલિકાળ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યજી)

14. The human voice carries something in its vibrations that makes it more powerful than any musical instrument.

(An Article "The Science of Sound Healing" from Internet)

15. The tonoscope was able to make the human voice visible without any electronic apparatus as an intermediate link. This made possible an ability to view the physical image of a vowel, a tone that a human being produced directly. Thus, Jenny could not only hear a melody - they could see it, too!

(An Article "The Science of Sound Healing" from Internet)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# Research Institute of Scientific Secrets from Indian Oriental Scriptures (RISSIOS)

## ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા

Reg. Office: C/o Mr. Supremebhai P. Shah
45 / B, Parulnagar, Sola Road, Near Bhuyangdev X Roads,
Ghatlodia, Ahmedabad - 380 061 INDIA
Phone No. +91-79-7480702, Mobile: 98250-71116,
E-mail:nandighosh@yahoo.com
Website:http//:www.jainscience-rissios.org

તા. ક. અમારી સંસ્થાને 80 (જી) (5) હેઠળ ઇન્કમટેક્ષ માફીનું સર્ટિફિકેટ મળેલ છે.

**સંસ્થાનું ધ્યેય:**

ભારતીય પ્રાચીન તત્ત્વજ્ઞાન અને તેની પ્રાચીન હસ્તપ્રતોના આધારે ઈકોલોજી, ભૌતિકશાસ્ત્ર, ગણિત, મંત્રજાપ, સંગીત, આહારવિજ્ઞાન, ધ્યાન, વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓ અંગેનું પ્રાયોગિક વૈજ્ઞાનિક સંશોધન કરવા માટે "**ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા**"ની સ્થાપના કરવામાં આવી છે અને તે માટે સાબરમતી-અડાલજ હાઈવે ઉપર નર્મદા કેનાલ પાસે એક સંશોધન કેન્દ્ર ઊભું કરવામા આવી રહ્યું છે.

**સંશોધનનું લક્ષ્ય:**

આપણી નવી પેઢી અને આવતી બીજી અનેક પેઢીઓ જે માત્ર શાસ્ત્રીય અને તાર્કિક પુરાવાઓ તથા દલીલોને માન્ય કરતી નથી અને વૈજ્ઞાનિક સાબિતીઓ માગે છે, તેઓમાં ધર્મશ્રદ્ધા ઉત્પન્ન કરવા તથા દૃઢ કરવા પ. પૂ. શાસન સમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત **શ્રી વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજના સમુદાયના પ. પૂ. સિદ્ધાન્તવાચસ્પતિ આગમજ્ઞ આચાર્ય **શ્રી વિજયઉદયસૂરીશ્વરજી** મહારાજના પટ્ટધર પ. પૂ. જ્યોતિષમાર્તંડ આચાર્ય **શ્રી વિજયનંદનસૂરીશ્વરજી** મહારાજના વરદહસ્તે જેમની દીક્ષા થઈ છે તે. પ. પૂ. સત્ત્વશીલ આચાર્ય **શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી** મહારાજના શિષ્ય પ. પૂ. પંન્યાસ **શ્રી નંદીઘોષવિજયજી** મહારાજની પ્રેરણાથી અમોએ ઉપરોક્ત નામની પ્રાયોગિક વૈજ્ઞાનિક સંસ્થા શરૂ કરી છે.

આ સંશોધનો દ્વારા નવી પેઢીમાં આધ્યાત્મિક અને નૈતિક હિંમત-શક્તિ પેદા કરી તેઓનું ઉચ્ચ કક્ષાનું ચિરસ્થાયી સંસ્કારયુક્ત ચારિત્ર્ય ઘડતર, જીવનઘડતર કરવાનું અમારી સંસ્થાનું લક્ષ્ય છે. અમારી સંસ્થાના સંશોધનો દ્વારા કોઈપણ વ્યક્તિ પોતાના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિકાસ સાધી શકશે અને બૌદ્ધિક શક્તિનો વિકાસ કરી શકશે. બુદ્ધિમાન વ્યક્તિ રાષ્ટ્રના વિકાસમાં પણ સારો સહયોગ આપી શકશે. તેઓ પોતાના રોજિંદા જીવનમાં પણ આધ્યાત્મિક સિદ્ધાંતોનો ઉપયોગ કરી આત્મિક વિકાસ કરશે.

**સંસ્થાનું મહત્ત્વઃ**

આજના યુગની અને નવી પેઢીની માંગને પહોંચી વળવા આખાય વિશ્વમાં આપણા પ્રાચીન ધર્મગ્રંથો-સાહિત્યના આધારે પ્રાયોગિક વૈજ્ઞાનિક સંશોધન કરતી આવી એક પણ સંસ્થા છે નહિ. RISSIOS જ આ પ્રકારની એકમાત્ર અને સર્વ પ્રથમ સંસ્થા છે.

*** ભારતીય સંસ્કૃતિની ધાર્મિક ભાવના, સંસ્કારમય જીવન, કૌટુંબિક મૂલ્યો વધશે.**

*** ધાર્મિક, આધ્યાત્મિક અને નૈતિક જીવન મૂલ્યો ઊંચા જશે.**

*** નવી પેઢી વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી ધર્મ અને જીવનને સમજીને સ્વીકારશે.**

**સંસ્થાની પ્રગતિઃ**

અમારી સંસ્થા તરફથી પૂ. **મુનિશ્રી નંદીઘોષવિજયજી** મ. લિખિત ***"જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો" (Scientific Secrtes of Jainism)*** પુસ્તકની ગુજરાતી તથા અંગ્રેજી આવૃત્તિનું પ્રકાશન કરી તેની ઘર બેઠા ઓપન બુક એક્ઝામનું આયોજન કરેલ. વિ. સં. 2058, શ્રાવણ સુદ - 3 રવિવાર, તા. 11-08-2002ના શુભ દિવસે અમોએ અમારી સંસ્થાના તત્કાલીન કાર્યાલયનું ઉદ્‌ઘાટન આપણા ગુજરાતના ગૌરવ સમાન વિશ્વપ્રસિદ્ધ ગણિતવિજ્ઞાની **ડૉ. પી. સી. વૈદ્ય**ના શુભ હસ્તે કરાવેલ. તે સાથે બહુમુખી પ્રતિભાસંપન્ન **ડૉ. મધુસૂદનભાઈ ઢાંકી**એ અમારી વેબસાઈટનું ઉદ્‌ઘાટન કરેલ. આ પ્રસંગે **શેઠ શ્રી શ્રેણિકભાઈ કે. લાલભાઈ, શ્રી વિમળાબેન એસ. લાલભાઈ - અતુલ, ડૉ. અભિજિત્‌સેન (IPR), ડૉ. નરેન્દ્રભાઈ ભંડારી (PRL), ડૉ. જિતેન્દ્રભાઈ બી. શાહ, ડૉ. રમણભાઈ ચી. શાહ - મુંબઈ, ડૉ. જે. એમ. શાહ - મુંબઈ, શ્રી શાંતિલાલ શાહ (તંત્રીશ્રી, ગુજરાત સમાચાર)** પણ પધારેલ.

વિશેષમાં અમને જણાવતાં આનંદ થાય છે કે અમોએ અમારી સંસ્થા માટે સાબરમતી-અડાલજ હાઈવે ઉપર, નર્મદા કેનાલ પાસે, શ્રી રત્નવાટિકા - અમીઝરા ફાર્મ મધ્યે શ્રીમતી રંજનબેન અનિલભાઈ ગાંધી પરિવાર દ્વારા નિર્માણાધીન **શ્રી લોગસ્સ તીર્થ**ની બાજુમાં જ લગભગ દસ હજાર વાર જમીન પ્રાપ્ત કરી, તેમાં વૈશાખ વદ-3, રવિવાર, તા. 18-05-2003ના સવારે શુભ મુહૂર્તે શ્રી લોગસ્સ તીર્થના મુખ્ય જિનાલય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયના ખાતમુહૂર્તની સાથે સાથે RISSIOSના મુખ્ય મકાનનું ખાતમુહૂર્ત PRLના અગ્રણી વિજ્ઞાની ડૉ. **નરેન્દ્રભાઈ ભંડારી**ના શુભ હસ્તે કરવામાં આવ્યું છે. અને જેઠ સુદ - 5, ગુરુવાર, તા. 05-06-2003ના શુભ મુહૂર્તે શિલાસ્થાપન **શ્રી શ્રેયાંસભાઈ શાહ** (મેનેજિંગ તંત્રીશ્રી, ગુજરાત સમાચાર)ના શુભ હસ્તે કરવામાં આવ્યું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સંશોધનના વિષય:**

**1. ભૌતિકશાસ્ત્ર (Physics):**

(a) શુદ્ધ આત્મા અને પરમાણુનો વેગ કેટલો છે?

(b) શું પ્રકાશનો વેગ ખરેખર અચળ છે.?

(c) શું વીજચુંબકીય તરંગો ખરેખર અસ્તિત્વ ધરાવે છે?

(d) શું ગુરુત્વાકર્ષણના કણોનું વાસ્તવિક અસ્તિત્વ છે?

(e) ગુરુત્વાકર્ષણ શું છે?

(f) પ્રકાશ ખરેખર શેનો બનેલો છે? કણો કે તરંગો?

(g) આ સમગ્ર બ્રહ્માંડનું સંચાલન કરતાં મુખ્ય બળો કયાં?

(h) આત્માની સાથે સંયોજિત થતા કાર્મણ વર્ગણાના કણો,. તેઓનો એક બીજા સાથે શું સંબંધ છે?

(i) ધ્વનિ, મંત્રજાપ, સંગીતની મનુષ્યના મન તથા આરોગ્ય

(j) વર્ણમાલાના અક્ષરો સ્વર વ્યંજનના રંગો અને તેની ઉપર થતી અસર.

(k) રંગ અને તેની અસર

(l) અવકાશ અને કાળ : વિભાવના અને લક્ષણો

**2. ખ-ભૌતિકશાસ્ત્ર (Astrophysics) :**

(a) વિશ્વ સંરચના : વિવિધ વૈજ્ઞાનિક માન્યતાઓ અને પ્રાચીન માન્યતાઓ

(b) બ્રહ્માંડ - લોક (Universe) આદિ કે અનાદિ?

(c) શ્યામ-ગર્ત (Black-holes) અને શ્વેત-બિંદુઓ (White Dwarfs)

(d) પ્રતિદ્રવ્ય (anti-matter)

**3. ગણિત (Mathematics):**

(a) સંખ્યા તથા ગણિતની ઉત્પત્તિ, તેની શોધ કોણે કરી?

(b) આધુનિક ગણિત અને પ્રાચીન ગણિત

(c) જૈન ગણિત અને વૈદિક ગણિત

(d) $\pi$ ની કિંમત

(e) શૂન્યની વિભાવના શોધ અને ઉપયોગ

**4. પર્યાવરણ (Ecology):**

**(1) વિવિધ ધાર્મિક પરંપરાઓ:**

(a) પર્યાવરણ અને ઇકોલોજીની દૃષ્ટિએ પ્રાચીન સાહિત્ય, ઈતિહાસ, સમાજવિદ્યા (સામાજિક રીત રિવાજો), અને અધ્યાત્મ વિદ્યા

(b) હિન્દુ ધર્મની વિવિધ શાખાઓ, દ્વૈતવાદ અને અદ્વૈતવાદનો અભ્યાસ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(c) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, તથા વનસ્પતિના જીવોનો અન્ય જીવો ઉપર ઉપકાર તથા અન્ય પ્રાણી સૃષ્ટિનો મનુષ્ય ઉપર ઉપકાર

**5. જીવ-ભૌતિકશાસ્ત્ર (Bio-physics):**

(a) માનવ આભામંડળ અને રોગનિદાન

(b) અતીન્દ્રિયજ્ઞાન અને અંતઃસ્ફુરણા

(c) ટેલિપથી તથા દૂર ચિકિત્સા પદ્ધતિ

(d) વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓ

**6. ભાષા (સંશોધન માટે) :**

સંસ્કૃત, પ્રાકૃત, પાલી, અર્ધમાગધી

**7. ધર્મ :**

(1) હિન્દુ ધર્મ, બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મના વિવિધ વિધિવિધાનો/ક્રિયા કાંડો

(a) મૂર્તિપૂજા (b) ઉપવાસ અને વ્રત-નિયમ (c) ધાર્મિક તહેવારો

(d) બ્રહ્મચર્ય

**8. મંત્રવિજ્ઞાન :**

(a) સ્તુતિ, સ્તવન, જાપ (b) હિન્દુ, બૌદ્ધ તથા જૈન પરંપરાના મંત્ર-યંત્ર

**9. આહાર અને જીવનવિજ્ઞાન :**

(a) આહારના પ્રકાર અને તેની અસરો

(b) આહારની ટેવો અને ફાસ્ટ ફૂડની ખરાબ અસરો

**10. યોગ અને ધ્યાન :**

(a) શરીર, આત્મા અને માનવ સ્વભાવ ઉપર યોગ તથા ધ્યાનની અસર

(b) યોગ, ધ્યાન અને આરોગ્ય

**સંશોધન માટેની સાધન સામગ્રી તથા સગવડતા:**

1. પ્રવચન - પરિસંવાદ - પ્રદર્શન ખંડ
2. પ્રયોગશાળા
3. સૈદ્ધાન્તિક સંશોધન કેન્દ્ર
4. સંશોધન ગ્રંથાલય
5. સામાન્ય ગ્રંથાલય
6. વહીવટી વિભાગ - 4
7. ધ્યાન ખંડ
8. પાણીની પરબ
9. કેન્ટીન
10. નિર્દેશક ભવન
11. સંશોધકો - સ્ટાફ - નિવાસસ્થાન
12. વાહન - પાર્કીંગ વ્યવસ્થા
13. સ્વાગત કક્ષ તથા પૂછપરછ વિભાગ
14. સલામતી રક્ષક વિભાગ
15. ચબૂતરો - પરબડી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રયોગ માટેના સાધન :**

1 ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપ (સૂક્ષ્મદર્શક યંત્ર) 2. ઓપ્ટિકલ માઇક્રોસ્કોપ
3. ટેલિસ્કોપ 4. ટોનોસ્કોપ 5. ઓસીલોસ્કોપ 6. કિર્લિયન કેમેરા
7. ડિજીટલ માઇક્રોસ્કોપિક કેમેરા 8. ડિજીટલ સ્ટીલ કેમેરા
9. ડિજીટલ વિડીયો કેમેરા 10. ઈન્ફ્રા-રેડ કેમેરા
11. ઈલેક્ટ્રોએન્સેફેલોગ્રામ

**પ્રકાશન સામગ્રી :**

1. ફોટો કોપીયર મશીન નંગ - 2
2. કોમ્પુટર 5 સી. પી. યુ. તથા 30 મોનિટર્સ
3. લેસર પ્રિન્ટર્સ નંગ 2
4. ઇન્ક જેટ પ્રિન્ટર્સ નંગ - 5
5. લેપટોપ્સ નંગ - 3
6. વિડીયો પ્રોજેક્ટર
7. ફિલ્મ તથા સ્લાઈડ પ્રોજેક્ટર
8. ટી. વી. અને વી સી. આર.

**RISSIOS ના ટ્રસ્ટીઓ :**


1. ડૉ. દિવ્યેશભાઈ વી. શાહ — એ-5, મહાવીરકૃપા ટ્વીન બંગલોઝ, સી પી. નગરસામે, ઘાટલોડિયા, અમદાવાદ 380061 ફોન નં. 7474634

2. પ્રો. એચ. એફ. શાહ — 'રૂપાયતન' 18, માણેકનગર, અંકુર સ્કુલ સામે, પાલડી, અમદાવાદ 380 007 ફોન નં. 6620976

3. શ્રી સ્નેહલભાઈ એ. શેઠ — 2, શીતલ-છાયા એપાર્ટમેન્ટ, ભૂગોળ ભવન સામે, દાદા સાહેબનાં પગલાં પાસે નવરંગપુરા, અમદાવાદ 380 009 ફોન નં. 7912926

4. શ્રી સુપ્રિમભાઈ પી. શાહ — 45-બી, પારૂલનગર, ભુયંગદેવ ચાર રસ્તા પાસે, સોલા રોડ, અમદાવાદ - 61 ફોન નં. 7480702

5. શ્રી સંજયભાઈ બી. કોઠારી — 5, રાજહંસ પાર્ક એપાર્ટમેન્ટ, રાજહંસ સોસાયટી, મ્યુ. સ્ટાફ ક્વાર્ટર્સ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ - 380 006 ફોન નં. 6302462




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

6. શ્રી બી. એન. શાહ — દિવાન ફળિયા, વેજલપુર 389 340
ફોન નં. 02676-234201

**RISSIOS ની વહીવટી સમિતિના સભ્યો :**

1. શ્રી સંજયભાઈ એ. શાહ
2. શ્રી અનિલભાઈ એસ. ગાંધી
3. શ્રી ભીખુભાઈ સી. ચોક્સી
4. શ્રી બિપિનભાઈ સી. ગજરાવાળા
5. શ્રી ગુણવંતભાઈ કે. શાહ

**RISSIOS ની સંશોધન સમિતિના સભ્યો :**

1. ડૉ. પી. સી. વૈદ્ય, અમદાવાદ
2. ડૉ. મધુસૂદનભાઈ એ. ઢાંકી, અમદાવાદ
3. ડૉ. સુધીરભાઈ વી. શાહ, અમદાવાદ
4. ડૉ. જે. એમ. શાહ, મુંબઈ
5. ડૉ. (પ્રો.) યશપાલ, નોઈડા-ગાઝિયાબાદ
6. ડૉ. કામિનીબેન વોરા, અમદાવાદ

**RISSIOS ની સલાહકાર સમિતિના સભ્યો :**

1. ડૉ. જિતેન્દ્રભાઈ બી. શાહ, અમદાવાદ
2. ડૉ. વિમળાબેન એસ. લાલભાઈ, અતુલ (વલસાડ)
3. ડૉ. કુમારપાળ દેસાઈ, અમદાવાદ
4. પ્રો.(ડૉ.) કે. વી. મર્ડિયા, લીડ્ઝ, યુ. કે.
5. ડૉ. પ્રદીપભાઈ કે. શાહ, યુ. એસ. એ.
6. ડૉ. પી. બી. ગડા, યુ. એસ. એ.
7. ડૉ. કે. આર. શાહ, કેનેડા
8. શ્રી પ્રવીણભાઈ કે. શાહ, યુ. એસ. એ.
9. શ્રી કિરિટભાઈ સી. દફતરી, યુ.એસ.એ.
10. શ્રી રમેશભાઈ બાપાલાલ શાહ, સુરત
11. શ્રી જિતુભાઈ કે. શાહ, મુંબઈ

**તા. ક.** અમારી સંસ્થાએ 35 હેઠળ 100% ઇન્કમટેક્ષ માફીનું સર્ટિફિકેટ મેળવવા અરજી કરેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મુનિ નંદીઘોષવિજયજી ગણિ અને તેમનો શકવર્તી પ્રયાસ

આમ તો જૈન સાધુઓમાં અભ્યાસની સામાન્ય પરંપરા તો હોય જ છે, પણ શ્રી નંદીઘોષવિજયજી આગમોના અભ્યાસ ઉપરાંત એક અનોખા ચીલે ચાલી રહ્યા છે. જો તાઓ ઓફ ફિઝિક્સ શક્ય છે, જેમાં એક વૈજ્ઞાનિક અધ્યાત્મની કેડીએ જવા મથે છે, તો એ પણ સ્વાભાવિક જ છે કે અધ્યાત્મનાં ચશ્માં ચડાવેલો કોઈ સાધુ વિજ્ઞાનનું પરીક્ષણ કરે.

મુનિશ્રી કહે છે : "મને થયું કે આપણે પ્રતિક્રિયારૂપે શું કરવા સંશોધન કરવું જોઈએ ? પ્રાચીન ગ્રંથોનાં વૈજ્ઞાનિક તથ્યોની સરાણે આધુનિક વિજ્ઞાનનાં તથ્યો કેમ ન ચડાવી શકાય ?" આ જિજ્ઞાસામાંથી નંદીઘોષવિજય મહારાજનો વિજ્ઞાન અધ્યાત્મ પ્રવાસ શરૂ થયો. આ પ્રવાસ તો પહેલાં એકલપ્રવાસ હતો. પછી તેમાં વિજ્ઞાન-જગતનાં મોટાં માથાં સામેલ થતાં ગયાં. એના પરિપાકરૂપે મુનિ નંદીઘોષવિજયજીની પ્રેરણાથી 'ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા Research Institute of Scientific Secrets from Indian Oriental Scriptures'ની સ્થાપના થઈ. આ સંસ્થાની એક વેબ સાઈટ મુનિ શ્રી નંદીઘોષવિજયજીના માર્ગદર્શન અનુસાર તૈયાર કરવામાં આવી છે. જેનું નામ છે : http//www.jainscience-rissios.org

મુનિ ૪૮ વર્ષની વયના છે પણ તેમનો વિજ્ઞાનનો અભ્યાસ બે દાયકાથી ય વધુનો છે. એમના ગુરુ આચાર્ય શ્રી સૂર્યોદયસૂરિજી અત્યંત પ્રતિભાવાન જૈન સાધુ છે. એમણે શિષ્યને જૈન સિદ્ધાંતોની દૃષ્ટિએ આધુનિક વૈજ્ઞાનિક સિદ્ધાંતોનો અભ્યાસ કરવા ઉત્તેજન આપ્યું.

પહેલાં આઠ વર્ષના સાધુ જીવનના અભ્યાસમાં મુનિ નંદીઘોષવિજયે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓમાં વિદ્વત્તા મેળવી અને જૈન આગમોની દૃષ્ટિએ આધુનિક વૈજ્ઞાનિક વિચારનો અભ્યાસ એમણે શરૂ કર્યો. આ ગાળા દરમ્યાન એમણે ગુજરાતીમાં લખવાનું શરૂ કર્યું. જેના ફળસ્વરૂપ "જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો" પુસ્તક બહાર પાડવામાં આવ્યું. આ પુસ્તકની પ્રસ્તાવનામાં ડો. પી. સી. વૈદ્યે લખ્યું : "આમ જુઓ તો અધ્યાત્મ અને વિજ્ઞાન જુદા જુદા સ્તરના વિષયો છે. અધ્યાત્મ એ ચિંતનજન્ય પ્રવૃત્તિ છે, જ્યારે વિજ્ઞાન એ અનુભવજન્ય પ્રવૃત્તિ છે. મુનિ નંદીઘોષવિજયજી જૈન તત્ત્વપ્રણાલીના નિષ્ણાત તો છે જ, ખુશીની વાત તો એ છે કે તેમણે અનુભવજન્ય વિજ્ઞાન-પ્રણાલીને સમજવાનો ભરચક પ્રયત્ન કર્યો છે. આથી બંને પ્રણાલીઓ વચ્ચેના સંબંધ માટે તેમના વિચારો જાણવા રસપ્રદ થઈ પડશે."

મુનિના ગુજરાતી પુસ્તકનું અંગ્રેજી સંસ્કરણ પણ થયું છે. ભારતના હાલના રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામને એમણે આ અંગ્રેજી સંસ્કરણની પ્રસ્તાવના લખવા વિનંતી કરેલી. ડો. અબ્દુલ કલામે તે વખતે નમ્રતાથી એમ કહેલું કે ખગોળવિજ્ઞાનનો એમણે બહુ અભ્યાસ નથી તેથી સુપ્રસિદ્ધ વિજ્ઞાની ડો. જયંત વિષ્ણુ નારલીકર પાસે પ્રસ્તાવના લખાવવાની ભલામણ કરી હતી.

- તુષાર ભટ્ટ, રેતીમાં રેખાચિત્રો, ગુજરાત ટાઈમ્સ, સપ્તક પૂર્તિ, પૃ. ૪, ન્યૂયોર્ક,
તા. ૧૭ જાન્યુ. ૨૦૦૩

ISBN 81-901845-1-2

Jain Education International ... jainelibrary.org